પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

**સુવિચાર**

માણસ સમજે ઓછું અને સમજાવે વધારે, એટલે જ ઉકેલ ઓછો અને ગૂંચવાય વધારે...

# અબતક ®

સાંધ્ય દૈનિક
ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૨૭-૩-૨૦૨૬, શુક્રવાર
વર્ષઃ ૧૫, અંક : ૧૭
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 © 94266 72303 abataknews@gmail.com @abtakmedia

અપ્પુ જથ્થાબંધ ખરીદો જથ્થાબંધ ફાયદો
સૌરાષ્ટ્રની પ્રખ્યાત ચણાદાળ
વ્યાપારિક પૂછપરછ આવકાર્ય
98242 00970
હેલ્પર જોઈએ છે


### કૂતરૂં તાણે ગામ ભણી, શિયાળ તાણે સીમ ભણી

# થૂંકેલું ચાંટવામાં માહિર ટ્રમ્પે ૧૦ દિવસ માટે પોઝ બટન દબાવ્યું, પરંતુ ઈરાનનો યુદ્ધ ચાલુ રાખવાનો નિર્ધાર

## ઈરાને ઈઝરાયેલ, યુએઈ, કતાર, કુવૈત અને બહેરીનમાં આવેલા અમેરિકી સૈન્ય ઠેકાણાઓને બનાવ્યા નિશાન

**અબતક, રાજકોટ**

વિશ્વ રાજકારણમાં પોતાની અણધારી ચાલ અને 'યુ-ટર્ન' લેવા માટે જાણીતા અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર પોતાની જૂની આદત મુજબ 'થૂંકેલું ચાંટતા' હોય તેમ ઈરાન સામેના આક્રમક વલણમાં ઓચિંતો વિરામ જાહેર કર્યો છે. ઈરાનના ઉર્જા ક્ષેત્રો અને પાવર પ્લાન્ટ્સને નેસ્તનાબૂદ કરવાની ૪૮ કલાકની ડેડલાઈન આપનાર ટ્રમ્પે હવે અચાનક ''વાતચીત ઘણી સારી ચાલી રહી છે'' તેમ કહીને હુમલાનું પોઝ બટન ૬ એપ્રિલ, ૨૦૨૬ સુધી દબાવી દીધું છે. જોકે, બીજી તરફ ઈરાન નમતું જોખવાના મૂડમાં નથી અને તેણે પોતાની શરતો સાથે યુદ્ધનો મોરચો ચાલુ રાખવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો છે.




અત્યારે અમેરિકા અને ઈરાન વચ્ચેની સ્થિતિ 'કૂતરું તાણે ગામ ભણી અને શિયાળ તાણે સીમ ભણી' જેવી થઈ ગઈ છે. ટ્રમ્પ ઈચ્છે છે કે ઈરાન તેમની ૧૫ મુદ્દાની દરખાસ્ત સ્વીકારીને હોર્મુઝની સામુદ્રધુની ખોલી નાખે અને અમેરિકાની શરતો મુજબ 'ગામ' (શાંતિ અને વેપાર) તરફ આવે. જ્યારે ઈરાન પોતાની સાર્વભૌમત્વ અને વર્ચસ્વ જાળવી રાખવા માટે 'સીમ' (સંઘર્ષ અને પોતાની શરતો) તરફ ખેંચી રહ્યું છે. બંને પક્ષો પોતપોતાની દિશામાં જોર કરી રહ્યા છે, જેના કારણે મધ્ય પૂર્વમાં અનિશ્ચિતતાનો માહોલ છે.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર જાહેરાત કરી હતી કે ઈરાન સરકારની વિનંતીને માન આપીને તેઓ હુમલાની સમયસીમા ૧૦ દિવસ લંબાવી રહ્યા છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે પાકિસ્તાન દ્વારા મોકલવામાં આવેલા ૧૫ મુદ્દાના પ્રસ્તાવ પર હકારાત્મક ચર્ચા થઈ રહી છે. જોકે, વિશ્લેષકો આને ટ્રમ્પની નબળાઈ અથવા રણનીતિનો ભાગ ગણાવી રહ્યા છે, કારણ કે અગાઉ તેમણે વિનાશની ધમકી આપી હતી અને હવે તેઓ વાતચીતનો રાગ આલાપી રહ્યા છે.

ટ્રમ્પ ભલે પોઝ બટન દબાવીને બેઠા હોય, પણ ઈરાનની 'તસ્નીમ ન્યૂઝ એજન્સી' અનુસાર, તેહરાને સ્પષ્ટ કર્યું છે કે તે અમેરિકાના દબાણ સામે ઝૂકશે નહીં. ઈરાને વળતો જવાબ આપતા માત્ર હુમલા રોકવાની જ નહીં, પણ અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા થયેલા નુકસાનનું વળતર અને હોર્મુઝની સામુદ્રધુની પર પોતાના સંપૂર્ણ અધિકારની માંગણી કરી છે. ઈરાનનો આ તેવર સૂચવે છે કે તે લાંબી લડાઈ માટે તૈયાર છે.

### હિંદી ચીની ભાઈ ભાઈ

## ભારત-ચીન એવા પાડોશી છે જે ક્યારેય જુદા ન પડી શકેઃ ચીની રાજદૂત

ઈરાન-ઈઝરાયેલ યુદ્ધમાં અમેરિકાની સક્રિય ભૂમિકા વચ્ચે, ચીન ઈચ્છે છે કે એશિયાની બે મોટી શક્તિઓ (ભારત અને ચીન) પશ્ચિમી દેશોના પ્રભાવમાં આવ્યા વગર પોતાની રીતે નિર્ણય લે. રાજદૂતે 'હિન્દી-ચીની ભાઈ-ભાઈ'ના જૂના મંત્રને આડકતરી રીતે યાદ અપાવતા કહ્યું કે આપણો વિકાસ આપણી પોતાની મહેનત છે, કોઈની દયા નથી. ચીનના ભારતમાં સ્થિત રાજદૂત ઝુ ફેઈહોંગે નવી દિલ્હીમાં આયોજિત 'ભારત-ચીન યુવા સંવાદ' દરમિયાન મહત્વનું નિવેદન આપ્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત અને ચીનની પ્રગતિ એ કોઈની દયા કે ભીખનું પરિણામ નથી, પરંતુ બંને દેશોના લોકોની મહેનતનું પરિણામ છે.તેમણે ''વિજય-વિજય'' સહયોગના મંત્રને આજના સમયની માંગ ગણાવી છે. તેમણે ચેતવણી આપી હતી કે કેટલાક પક્ષો એવા છે જેઓ ભારત અને ચીન વચ્ચે શાંતિ જોવા માંગતા નથી. તેઓ જાણીજોઈને મતભેદોને વધારે છે અને 'ચાઈના થ્રેટ' (ચીનનો ડર) ઊભો કરીને વિવાદોમાંથી ફાયદો મેળવવા માંગે છે.વિશ્વમાં વધી રહેલા સંરક્ષણવાદ અને એકપક્ષીય નિર્ણયોની સામે, ચીન અને ભારતે સાથે મળીને વિકાસશીલ દેશોના હિતોનું રક્ષણ કરવું જોઈએ અને 'ગ્લોબલ સાઉથ'નું નેતૃત્વ કરવું જોઈએ.

## સેન્સેક્સમાં ૧૧૦૦ પોઈન્ટનો કડાકોઃ રૂપિયો ૯૪.૪૫

### નિફ્ટીમાં પણ ૩૩૫ પોઈન્ટથી વધુનો ઘટાડોઃ રૂપિયો ઉઘડતી બજારે ૩૮ પૈસા તુટયોઃ સોના-ચાંદીમાં તેજી

ખાડી યુદ્ધના કારણે ભારતીય શેરબજારમાં એક ધારો ઘટાડો નોંધાઈ રહ્યો છે. આજે સપ્તાહના અંતિમ ટ્રેડીંગ સેશનમાં ઉઘડતી બજારે સેન્સેક્સ અને નિફ્ટીમાં તોતીંગ કડાકો બોલી ગયો હતો. આજે અમેરીકી ડોલર સામે ભારતીય રૂપિયો ૯૪.૩૫ ની નીચલી સપાટીએ સરકી ગયો હતો. બુલિયન બજારમાં તેજી જોવા મળી હતી. સોના અને ચાંદીના ભાવમાં ઉછાળો જોવા મળ્યો હતો.

આજે ઉઘડતી બજારે શેર બજાર ફરી ઉંધા માથે પટકાયું હતું. સેન્સેકસે ૭૫ હજારની સપાટી તોડી હતી. દિવસ દરમિયાન ૭૪૦૯૪.૩૦ ની નીચલી સપાટીએ પહોંચી ગઇ હતી. જયારે ઉપલી સપાટી ૭૪૯૦૪.૯૧ રહેવા પામી હતી. નિફટીએ આજે ૨૩ હજારની સપાટી તોડી હતી અને ૨૨૯૪૯ સુધી સરકી ગઇ હતી જયારે ઉપલી સપાટી ૨૩૧૮૬ રહેવા પામી હતી.

બેન્ક નિફટીમાં ૧૦૯૧ પોઈન્ટ અને નિફટી મીડકેપ-૧૦૦ માં ૧૦૩૫ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો. (અનુ. આઠમા પાને)

# ન હોય... યુધ્ધ શરૂ થયા પછી ઈરાનની ઈંધણની દૈનિક આવકમાં ૨૫૦ કરોડનો વધારો

### યુધ્ધ વચ્ચે ઈરાનના ઓઈલ વેચાણમાં મોટો ઉછાળોઃ હુમલાઓ વચ્ચે પણ ઈરાનની ઓઈલ નિકાસ યથાવત, ડોનાલ્ડ ટ્રમ્પે ઉર્જા મથકો પરના હુમલા ૧૦ દિવસ માટે અટકાવ્યા



**અબતક, નવી દિલ્હી**

યુદ્ધ શરૂ થયા પછી ક્રૂડ ઓઈલના વધતા ભાવો વચ્ચે ઈરાનને બેવડો ફાયદો થઈ રહ્યો છે, કારણ કે તે હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થતો એકમાત્ર દેશ છે. માર્ચ મહિનામાં ઈરાને ઓઈલના વેચાણમાંથી પ્રતિદિન અંદાજે ૧૩૯ મિલિયન ડોલરની કમાણી કરી હોવાનો અંદાજ છે, જે આંકડો ફેબ્રુઆરીમાં પ્રતિદિન ૧૧૫ મિલિયન ડોલર હતો. આમ એક જ મહિનામાં દૈનિક આવકમાં અંદાજે રૂ.૨૫૦ કરોડનો વધારો થયો છે. અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર સતત હુમલાઓ થવા છતાં, આ મહિને ઈરાનની ક્રૂડ નિકાસ યુદ્ધ પહેલાના સ્તરની આસપાસ એટલે કે પ્રતિદિન ૧.૬ મિલિયન બેરલની નજીક હોવાનો અંદાજ છે. રિપોર્ટ અનુસાર, ઈરાની ઓઈલ લઈ જતા ટેન્કરો હજુ પણ ખાર્ગ આઈલેન્ડ ટર્મિનલ પરથી લોડ થઈ રહ્યા છે અને હોર્મુઝની સામુદ્રધુનીમાંથી (અનુ. આઠમા પાને)

## સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ઈરાને ટોલ બુથ ખોલી ઉઘરાણા શરૂ કર્યા

ઈરાને વિશ્વના સૌથી મહત્વપૂર્ણ ઓઈલ શિપમેન્ટ માર્ગ એવા હોર્મુઝની સામુદ્રધુની પર પોતાનું વર્ચસ્વ જમાવી દીધું છે. શિપિંગ ઈન્ટેલિજન્સ રિપોર્ટ્સ અનુસાર, ઈરાને અહીં એક 'ટોલ બૂથ' જેવી સિસ્ટમ ઊભી કરી છે. અહીંથી પસાર થવા માંગતા જહાજોએ ફરજિયાતપણે ઈરાનની જળસીમામાં પ્રવેશીને ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ દ્વારા ચેકિંગ કરાવવું પડે છે. જહાજોએ તેમનો માલસામાન, માલિકોની વિગતો, ગંતવ્ય સ્થાન અને ક્રૂ મેમ્બર્સની સંપૂર્ણ યાદી આપવી પડે છે. મંજૂરી મળ્યા બાદ જહાજને એક કોડ આપવામાં આવે છે અને આઈઆરજીસી ના જહાજની સુરક્ષા હેઠળ જ તેને પસાર થવા દેવામાં આવે છે. અત્યાર સુધીમાં ઓછામાં ઓછા બે જહાજોએ ચીની ચલણ 'યુઆન' માં આ ટોલ ચૂકવ્યો હોવાનું પણ સામે આવ્યું છે. યુદ્ધની શરૂઆતથી આ સામુદ્રધુનીમાં શિપિંગ ટ્રાફિકમાં ૯૦% નો મોટો ઘટાડો નોંધાયો છે, (અનુ. આઠમા પાને)

## ઈરાને ભારતને ક્રૂડ અને એલપીજીનો જથ્થો મોકલવાનું શરૂ કર્યું

અમેરિકાના પ્રતિબંધો હંગામી ધોરણે હળવા થયા બાદ અને હોર્મુઝની સામુદ્રધુની લગભગ બંધ થવાથી સર્જાયેલી અછતને પહોંચી વળવા ભારતીય રિફાઈનરીઓએ ઈરાન પાસેથી ક્રૂડ ઓઈલ અને એલપીજીની ખરીદી શરૂ કરી દીધી છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાગચીએ જાહેર કર્યું છે કે ભારત, ચીન, રશિયા, ઈરાક અને પાકિસ્તાન જેવા 'મિત્ર' દેશોના જહાજોને હોર્મુઝની સામુદ્રધુનીમાંથી સુરક્ષિત પસાર થવાની મંજૂરી આપવામાં આવી છે. આ નિર્ણયથી ભારતમાં ઈંધણ પુરવઠાની ખેંચમાં મોટી રાહત મળવાની સંભાવના છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈરાનથી પહેલો એલપીજી કાર્ગો આ સપ્તાહે ભારત પહોંચવાની ધારણા છે અને આગામી દિવસોમાં વધુ ક્રૂડ શિપમેન્ટ પણ આવી શકે છે. ભારતીય કંપનીઓ વહેલી તકે વધુમાં વધુ કાર્ગો મેળવવા માટે નેશનલ ઈરાનિયન ઓઈલ કંપની સાથે વાટાઘાટો કરી રહી છે. અમુક સોદા નક્કી થઈ ગયા છે, પરંતુ જહાજો યુદ્ધગ્રસ્ત વિસ્તારની બહાર ન નીકળે ત્યાં સુધી આયાતકારો સાવચેતી વર્તી રહ્યા છે. આ દરમિયાન, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે ઈરાન પાસેથી ઓઈલ ખરીદ્યું હોવાના મીડિયા અહેવાલોને સ્પષ્ટપણે નકારી કાઢ્યા છે.

# આંધ્ર અને મધ્યપ્રદેશમાં બે ભીષણ અકસ્માતઃ ૨૪નાં મોત, ૫૦થી વધુ ઘાયલ

### છિંદવાડામાં બસ અને પિક-અપ વાહન વચ્ચેની ટક્કરમાં ૧૦ લોકો મોતને ભેટ્યા

**અબતક, રાજકોટ**

આંધ્રપ્રદેશ અને મધ્યપ્રદેશમાં બે ભીષણ અકસ્માતમાં ૨૪ લોકોનાં મોત થયા છે અને ૫૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ બન્ને ઘટનામાં કેટલાક ગંભીર હોવાથી મૃત્યુઆંક વધી શકે છે. આંધ્રપ્રદેશના મરકાપુરમ જિલ્લામાં સવારે ૫:૩૦થી ૬:૦૦ની આસપાસ રાયાવરમ ગામની પાસે એક બસ કોન્ક્રીટથી ભરેલા ટ્રક સાથે અથડાઈ હતી. જેમાં ફ્યુઅલ ટેન્કમાં આગ લાગી જતાં ભીષણ આગ



ફાટી નીકળી હતી. જેના પગલે ૧૪ લોકો જીવતા ભૂજાયા હતા અને અનેક લોકો ગંભીરરીતે ઈજાગ્રસ્ત થયા હતા. ઘટના વખતે આ બસમાં કુલ ૪૧ લોકો સવાર હતા. આ બસ તેલંગણાના જગતિયાલથી નેલ્લોર જિલ્લાના કાલીગિરી ખાતે જઈ રહી હતી. રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ, વડાપ્રધાન નરેન્દ્ર સહિતના નેતાઓએ આ ઘટના પ્રત્યે દુખની લાગણી વ્યક્ત કરી હતી. તાજેતરમાં આંધ્રપ્રદેશમાં માર્ગ અકસ્માતોનો સિલસિલો વધ્યો છે. મધ્યપ્રદેશના છિંદવાડામાં ગુરુવારે સાંજે મુખ્યમંત્રીના એક જાહેર (અનુ. આઠમા પાને)

### ચિંતા ન કરતા પેટ્રોલ-ડીઝલના ભાવ નહીં વધે

# ક્રુડ બેરલમાં ભાવ વધારા સામે પેટ્રોલ- ડીઝલમાં સરકારી 'રાહત'

### પેટ્રોલ પરની એકસાઈઝ ડયુટી રૂ.૧૩ થી ઘટાડી રૂ.૩, જયારે ડીઝલ પરથી એકસાઈઝ ડયુટી રૂ.૧૦ થી ઘટાડી શુન્ય કરાય

**અબતક, રાજકોટ**

ઈરાન અને અમેરિકા - ઈઝરાયેલ વચ્ચે છેલ્લા ૨૮ દિવસથી ચાલી રહેલા ભીષણ યુદધના કારણે આંતર રાષ્ટ્રીય બજારમાં ક્રુડ બેરલના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. ખાનગી ઓઈલ કંપનીઓ દ્વારા પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરી દેવામાં આવ્યો છે. ઓઈલ કંપનીઓને ખોટમાં ઘટાડો થાય અને સામાન્ય વાહન ચાલકે ઈંધણમાં ભાવ વધારાનો બોજ વેઠવો ન પડે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા આજે પેટ્રોલ અને ડીઝલ પર હાલ વસુલવામાં આવતી એકસાઈઝ ડયુટીમાં મોટો ઘટાડો કરવામાં આવ્યો છે. જો કે એકસાઈઝ ડયુટીમાં ઘટાડો કરવાથી સામાન્ય જનતાને ભાવ ઘટાડોનો કોઈ લાભ નહી મળે સાથો સાથે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પણ વધારો થશે નહીં.

ખાડી યુદધના કારણે વિશ્વભરના દેશોમાં ઈંધણની અછત વર્તાય રહી છે. ક્રુડ બેરલના ભાવ સતત વધી રહ્યા છે. ભારતમાં સરકારી અને ખાનગી ઓઈલ કંપનીઓને ભાવ વધારાથી મોટી ખોટ સહન કરવી પડે છે. આવામાં કેન્દ્ર સરકાર (અનુ. આઠમા પાને)


### વાહ રે ટ્રમ્પ!

# અમેરિકા પ્રથમ વખત રાષ્ટ્રપતિની સહી સાથે ડોલર બહાર પાડશે

### અમેરિકાના ૨૫૦મા સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે નિર્ણય લેવાયો, મોંઘવારી વચ્ચે લેવાયેલા નિર્ણયનો ડેમોક્રેટ્સ દ્વારા આકરો વિરોધ

**અબતક, નવી દિલ્હી**

યુ.એસ. ટ્રેઝરી વિભાગે ગુરુવારે જાહેરાત કરી છે કે તમામ નવી અમેરિકન ચલણી નોટો પર રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સહી મૂકવામાં આવશે. આ નિર્ણય અમેરિકન ઈતિહાસમાં કોઈ સત્તાધીશ રાષ્ટ્રપતિ માટે પ્રથમ વખત લેવાયો છે. પરંપરાગત રીતે અમેરિકન ચલણી



નોટો પર રાષ્ટ્રપતિના બદલે ટ્રેઝરી સેક્રેટરી અને ટ્રેઝરરની સહી હોય છે, પરંતુ આ વખતે તેમાં ફેરફાર કરવામાં આવી રહ્યો છે.

અગાઉ પણ ડોનાલ્ડ ટ્રમ્પે યુ.એસ. ઈન્સ્ટિટ્યૂટ ઓફ પીસ, કેનેડી સેન્ટર અને નવા યુદ્ધ જહાજોને પોતાનું નામ આપી ચૂક્યા છે. આ ઉપરાંત અમેરિકાના આગામી ૨૫૦મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીના ભાગરૂપે તેમની તસવીરવાળો ૨૪-કેરેટ સોનાનો સિક્કો પણ તૈયાર કરવામાં આવી રહ્યો છે. જોકે, ફેડરલ કાયદો અમેરિકન ચલણ પર જીવંત રાષ્ટ્રપતિના ચિત્રને દર્શાવવા પર પ્રતિબંધ મૂકતો હોવાથી આ મુદ્દે અગાઉ પણ વિવાદ થયો હતો.

ટ્રેઝરી વિભાગના જણાવ્યા અનુસાર, તમામ નવી ચલણી નોટો પર ડોનાલ્ડ ટ્રમ્પની સહી સામેલ (અનુ. આઠમા પાને)

### દહેજના ખપ્પરમાં હજારો જિંદગી ગુમાવી

# દહેજ મૃત્યુના કેસોમાં જામીન આપતા પહેલા સો વાર વિચારવાનો હાઈકોર્ટને સુપ્રીમનો આદેશ

### ગંભીર ગુનામાં પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને ઈજાઓના નિશાન જેવા ટેકનિકલ પુરાવાઓને નજરઅંદાજ ન કરી શકાયઃ સુપ્રીમ કોર્ટ

**અબતક, નવી દિલ્હી**

૨૧મી સદીમાં પણ 'દહેજ' એક એવો રાક્ષસ છે જે હજારો સ્ત્રીઓના જીવન ગળી રહ્યો છે. સુપ્રીમ કોર્ટે તેને ''માનવ અધિકારોનું ગંભીર ઉલ્લંઘન'' ગણાવ્યું છે. લગ્નના ટૂંકા ગાળામાં (આ કેસમાં માત્ર ૧.૫ વર્ષ) જ્યારે દીકરીનું અકાળે અવસાન થાય છે, ત્યારે તે માત્ર એક મૃત્યુ નથી, પણ એક પરિવારના સપનાઓનું ખૂન છે. દીકરીના સાસરે પૈસા કે વસ્તુઓની માંગણી એ માત્ર ગુનો નથી, પણ સામાજિક પાપ છે. કોર્ટની કડકાઈ એ સમાજ



માટે લાલબત્તી સમાન છે.

સેક્શન ૧૧૪ સુપ્રીમ કોર્ટે નવા કાયદાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, જો લગ્નના ૭ વર્ષમાં શંકાસ્પદ રીતે સ્ત્રીનું મૃત્યુ થાય અને દહેજ માટે ત્રાસના પુરાવા હોય, તો કાયદો 'ગુનાની ધારણા' કરે છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે ગંભીર ગુનામાં પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને ઈજાઓના નિશાન જેવા ટેકનિકલ પુરાવાઓને નજરઅંદાજ ન કરી શકાય. જ્યાં સુધી કેસની સુનાવણી ચાલુ હોય, ત્યાં સુધી આરોપીને જામીન આપવા એ પુરાવાઓ સાથે છેડછાડ કરવાનું જોખમ ઊભું કરે છે.

રંગભૂમિઃ સંસ્કૃતિ, કલા અને લાગણીઓનો સંગમ

# જિંદગી એક "નાટક" છે, રંગભૂમિ એ તેનું જીવંત પ્રતિબિંબ

## ભગવદ્ ગૌમંડળ ગ્રંથના આધારે પૂર્વ ૧૨૮૦માં ગુજરાતીમાં પ્રથમ નાટક લખાયેલ, ત્યાર બાદ ૧૮૫૧માં નર્મદે બુધ્ધિવર્ધક સંસ્થા શરૂ કરી, એ જ સમયે મુંબઈમાં સેકસપીયર કલબની સ્થાપના થઈ હતી

આજે વિશ્વ રંગભૂમિ દિવસ છે, ત્યારે તેની ગઈકાલ, આજ અને આવતીકાલ વિશે બધાએ જાણવાની જરૂર છે, કારણકે આખરે તો આપણું જીવન પણ એકજ નાટક છે. આપણે જીવનમાં ઘણા પાત્રો ભજવીએ છીએ. જુની રંગભૂમિ થી લઈને આજના નાટકોમાં એક વાત બાકી નક્કી કે તમારે લાઈવ કરવું પડે, તેમાં ફિલ્મ જેમ રિટેક નો આવે. આજના જાણીતા કલાકારો એ પહેલા સ્ટેજ નાટકોથી જ શરૂઆત કરી હતી. આજે આપણે એક જટિલ દુનિયામાં નેવિગેટ કરવાનું ચાલુ રાખીએ છીએ, તેમ તેમ સ્ટેજ એક એવી જગ્યા રહે છે, જ્યાં આપણે આપણી સહિયારી માનવતા પર પ્રતિબિંબિત કરી શકીએ છીએ. વિશ્વ રંગભૂમિ દિવસની સ્થાપના ૧૯૬૧માં યુનેસ્કોની ભાગીદાર સંસ્થા ઈન્ટરનેશનલ થિયેટર ઈન્સ્ટિટ્યૂટ (ITI) દ્વારા કરવામાં આવી હતી. તેની રચના એક સરળ છતાં શકિતશાળી ધ્યેય દ્વારા પ્રેરિત હતી.તેનો હેતુ તમામ સ્વરૂપોમાં થિયેટરના મૂલ્ય વિશે જાગૃતિ લાવવાનો હતો.


નોલેજ કોર્નર
ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

રંગભૂમિ કલાનો મૂળ આપણને વેદ-ઉપનિષદમાં પણ જોવા મળે છે, અને તેને પાંચમો વેદ પણ કહેવાય છે. સર્જનહાર આ રંગભૂમિના સુત્રધાર છે. વૃક્ષોના લીલા પાન પ્રભુ પરિચયના એક સંવાદ જેવા છે, કલા માટે કહેવાય છે કે કલાકાર અંદરની રચના જુએ છે, બહારની નહીં. નજર સમક્ષ ભજવવાની કલા અને તેનો અભિનય એટલે રંગ મંચ ઉપર આપવાની દરરોજની પરીક્ષા છે. આ વર્ષની ઉજવણી થીમ ''થિયેટર અને શાંતિની સંસ્કૃતિ'' છે, જે થિયેટરની શક્તિશાળી ભૂમિકાને પ્રકાશિત કરે છે. શાંતિ અને સુમેળને પ્રોત્સાહન આપવું, સંવાદ અને સમજણને પ્રોત્સાહન આપવું, વિવિધ સંસ્કૃતિઓમાં લોકોને એકસાથે લાવવા, રંગભૂમિ હંમેશા સામાજિક મુદ્દાઓને વ્યકત કરવા અને સકારાત્મક પરિવર્તન લાવવાનું માધ્યમ રહ્યું છે. વાર્તા કહેવા અને પ્રદર્શન દ્વાર તે વધુ શાંતિપૂર્ણ અને સમાવિષ્ટ વિશ્વનું નિર્માણ કરવામાં મદદ કરે છે.

સમાજમાં રંગભૂમિ થિયેટરની ભૂમિકા હંમેશા માત્ર એક શો કરતાં વધુ રહી છે, તે એક અરીસો અને મેગાફોન છે, તે સમાજના પડકારોને પ્રતિબિંબિત કરે છે. તે એક વૈશ્વિક ભાષા છે.પ્રાચીન ગ્રીક કરૂણાંતિકાઓથી લઈને આફ્રિકાના જટિલ માસ્ક નૃત્યો અને આધુનિક રાજકીય વ્યંગ્ય સુધી, થિયેટર એક સાર્વત્રિક ભાષા છે. કલાકાર બનતા નથી, જન્મે છે. જયાં ભાષા જીવે છે ત્યાં સંસ્કૃતિ પણ જીવે છે. ગુજરાતી રંગમંચ એ ગુજરાતી ભાષા અને સાહિત્ય બચાવવાનો પ્રયાસ છે. આજે મુંબઇનાં આધુનિક નાટકોની બોલબાલા છે, પણ હજી લોકો હોલમાં જોવા આવતા નથી. આજનો યુવા વર્ગ નેટ માધ્યમ થી મોબાઈલમાં જ નાટકો જોવા લાગ્યો છે. અંગ્રેજી માધ્યમની શાળામાં ભણતા વિદ્યાર્થીઓને ગુજરાતી નાટક જોતા કરવા પડશે. ભવાઈ એટલે ભવની વહી, અર્થાત ભવની કથા, જિંદગીની કથા. સંસારની તડકી છાંયડીઓની કથા નાટકોએ ગુજરાતની અસ્મિતા છે. અણહિલપુર પાટણમાં સંસ્કૃત નાટકો ભજવતાં હતા.ગુજરાતી




નાટય જગતને વિકસાવવામાં મુંબઈના પારસી સમાજનું યોગદાન ગણાય છે. અઢારમી સદીમાં અંગ્રેજો દ્વારા મુંબઈ શહેરનો વિકાસ ત્વરિત થયો, ત્યારે ૧૭૫૦ પછી તેમણે મુંબઈમાં મનોરંજન કાર્યક્રમોની શરૂઆત કરી ૧૭૭૬માં અંગ્રેજોએ મુંબઈના ફોર્ટ એરીયામાં પહેલું થિયેટર બનાવ્યું હતું. ભારત એક સમૃધ્ધ સંસ્કૃતિ અને વારસાની ભૂમિ છે, જે પેઢી દર પેઢી તેની પરંપરા નિભાવે છે. દેશની વિવિધ કલા, સ્વરૂપો, સંસ્કૃતિ થિયેટરને આગળ વધારવા મહત્વની ભૂમિકા ભજવે છે. આજના ડિજિટલ અને ઓટીટી યુગમાં પણ આપણી આંખોની સામે જીવંત નાટક જોવું એક રોમાંચ છે. આપણી રંગભૂમિ પ્રાચિન કાળથી ચાલી આવી છે. ત્યારે આજના ડિજિટલ અને ઓટીટી યુગમાં પણ આપણી આંખોની સામે ભજવાતું જીવંત નાટક માણવું એક રોમાંચ છે. સ્ટેજના કલાકારોને ફિલ્મ કલાકારોની જેમ રીટેકની તક મળતી નથી, તેને પ્રેક્ષકો સામે લાઇવ નાટક ભજવવાનું હોય છે. રંગભૂમિને જીવંત રાખવામાં ગુજરાતીઓ સૌથી મોખરે છે. ફિલ્મ કલાકારો કરતાં સ્ટેજના કલાકારોની અભિનય ક્ષમતા વધુ હોય છે. થિયેટર દરેક વ્યકિતના જીવન પર કોઈકને કોઈ રીતે પ્રતિબિંબિત કરે છે. નાટકનું પરફોર્મન્સ વ્યકિતગત હોય કારણ કે જીવંત ભજવાય છે.

આજે ગુજરાતી નાટકોની વિશ્વભરમાં બોલબાલા છે, અને લોકો મનોરંજન મેળવવા ફિલ્મો કરતા નાટકો વધુ પસંદ કરવા લાગ્યા છે. ત્યારે હજી પણ યુવા વર્ગને નાટકો જોતા કરવાની જરૂર છે. કલાકારો એક ચોકકસ સેટીંગ કે સ્ટેજ પર પોતાના વાસ્તવિક અનુભવોને જીવંત કરીને પ્રેક્ષકો સુધી પહોચાડે છે. થિયેટર અને શાંતિની સંસ્કૃતિ નો હેતુ વિશ્વની તમામ સંસ્કૃતિને એક કરીને પ્રેક્ષકોને તેના વિશે શિક્ષિત કરીને શાંતિ લાવવામાં થિયેટરની ભૂમિકાને પ્રકાશિત કરે છે. ગ્રીક સંસ્કૃતિથી શરૂ થયેલ થિયેટર મનોરંજનના સૌથી લોકપ્રિય સ્વરુપો પૈકી એક છે, તે ઘણી લલીત કલાના સ્વરુપોનું મિશ્રણ છે.

આજના ઘણા જાણીતા ફિલ્મ કલાકારોનું મૂળ નાટ્ય મંચમાં જ જોવા મળે છે. સંજીવકુમાર, પરેશ રાવલ, નસરુદ્દીન શાહ, ઓમ પુરી, ઈરફાનખાન, કાદરખાન, સ્મૃતિ ઈરાની, સિધાર્થ રાંદેરિયા, મનોજ જોશી, આશુતોષ રાણા, પદ્મારાણી, ધર્મેશ વ્યાસ, શર્મન જોષી, સંજય ગોરડિયા, દર્શન જરીવાલા, પ્રવીણ જોશી, સરિતા જોશી, દિલીપ જોશી, અપરા મહેતા, આશા પારેખ, કેતકી દવે, સુજાતા મહેતા, દેવેન ભોજાણી, જેવા અનેક કલાકારો છે. રાજકુમાર રાવ પણ રંગભૂમિ પરથી પોતાની અભિનય કળાને મજબૂત બનાવી પછી ફિલ્મોમાં સફળતા મેળવી હતી. એથી સ્પષ્ટ થાય છે કે થિયેટર જ મોટા કલાકારો માટે મજબૂત પાયો છે.રંગભૂમિના મંચ ઉપર કલાકારો પોતાની કલા રજુ કરે છે, ત્યારે તેના હાવભાવ, ગીત-સંગીત, ડાયલોગ કે નૃત્ય જેવી ઘણી વાતથી પ્રેક્ષકોને સંદેશ આપે છે, એ પણ જીવંત, નાટ્ય પરંપરા એક સંસ્કૃતિ છે અને તે વિશ્વભરમાં અસ્તિત્વમાં છે. આજના પરફોર્મિંગ આર્ટસ અને મીડિયા યુગમાં નાટ્ય જગતને વેગ મળ્યો છે ત્યારે પ્રભાવ શાળી વાર્તા, વિચારને પોતાની અભિનય શકિત વડે કોસ્ચ્યુ ડિઝાઈન વિગેરે સાથે એક નાટ્ય ગૃહમાં નાટક ભજવાય ત્યારે પ્રેક્ષકોને ઘણી વાતો શીખવા મળી જાય છે. અભિવ્યક્તિનું માધ્યમ એટલે થિયેટર આપણ પ્રાચિન કાળમાં તે સામાજીક સંદેશાઓ જન જન સુધી પહોચાડવામાં મદદ કરતા હતા.

**નાટકની ગઈકાલ પરંપરા અને સંસ્કારોનો ઉદય**

રંગભૂમિની શરૂઆત પ્રાચીન ગ્રીસ અને ભારતમાં ધાર્મિક વિધિઓ અને ઉત્સવોમાંથી થઈ હતી. આજના યુગમાં પ્રયોગશીલતા અને ડિજિટલ પડકાર વર્તમાન સમયમાં રંગભૂમિ માત્ર મનોરંજનનું સાધન નથી, પણ સામાજિક પરિવર્તનનું એક સશક્ત માધ્યમ છે. આજે નાટકોમાં રિયાલિઝમ અને પ્રયોગશીલતા જોવા મળે છે. તેની આવતીકાલમાં ટેકનોલોજી અને નવા આયામોથી રંગભૂમિનું ભવિષ્ય વધુ ડિજિટલ અને ઈન્ટરેક્ટિવ બનવા જઈ રહ્યું છે. આવનારા સમયમાં ટછ - અછ નો ઉપયોગ નાટકોમાં જોવા મળશે, જ્યાં પ્રેક્ષકો માત્ર દર્શક નહીં પણ નાટકનો એક ભાગ બની શકશે.

### એક ગુજરાતીના સુચનથી ૧૯૬૨થી ઉજવાય છે, આજનો દિવસ

૧૯૬૧માં યુનેસ્કો અને યુનીસેફની વૈશ્વિકસ્તરની મિટીંગમાં ૧૪૫ દેશોએ ભાગ લીધો હતો, જેમાં ભારત તરફથી આપણા ગુજરાતના એક ગુજરાતી ચં, ચી. મહેતા પણ હાજર હતા. મીટીંગમાં આ કલાને જીવંત રાખવાના પ્રયાસોની વાતમાં તેમણે કરેલા વૈશ્વિક દિવસ તરીકેની ઉજવણી કરવાના સુચનને દુનિયાભરે સ્વીકારી ૧૯૬૨ થી આ દિવસ ઉજવવાનું નકકી કર્યુ હતું. જે આપણા ગુજરાતી માટે ગૌરવરૂપ ઘટના ગણી શકાય.

**જુની દેશી નાટક મંડળીમાં સ્ત્રી પાત્રો સ્ટેજ ઉપર આવતાં નહીં, તેથી પુરૂષો જ સ્ત્રી પાત્ર ભજવતાં હતાઃ આજે સમયાંતરે ટેકનોલોજી બદલાયને મેકઅપ, કેમેરા, લાઈટ સાઉન્ડ, અદ્યતન ફરતા સેટ, અલ્ટ્રા મોર્ડન ડીઝીટલ ટેકનોલોજીનો ઉપયોગ થઈ રહ્યો છે**

## જૂનાગઢઃ વિશ્વ શાંતિ માટે બ્રહ્માકુમારીઝ દ્વારા શનિ-રવિ 'મૌન યોગ તપસ્યા ભઠ્ઠી' કાર્યક્રમ

### રાજયોગ ધ્યાન, આત્મચિંતન અને આંતરિક શકિત વધારવા અપાશે માર્ગદર્શન

**અબતક દર્શન જોશી, જુનાગઢ**

બ્રહ્માકુમારીઝ દ્વારા વિશ્વ શાંતિ અને આત્મઉન્નતિ ના ઉદ્દેશ સાથે જુનાગઢ ખાતે વિશેષ મૌન યોગ તપસ્યા ભઠ્ઠી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ આધ્યાત્મિક કાર્યક્રમમાં મહાયોગી બ્રહ્માકુમાર સુરજભાઈ (માઉન્ટ આબુ) ની પાવન ઉપસ્થિતિ રહેશે. જેમાં ૧૦૦૦ થી વધુ ભાઈ બહેનો એક સાથે ગહન તપસ્યા કરશે.



જુનાગઢ ખાતે તા. ૨૮ અને ૨૯ માર્ચ શનિવાર અને રવિવારના રોજ યોજાશે, જેમાં રાજયોગ ધ્યાન, આત્મચિંતન અને આંતરિક શકિત વધારવા માટે વિશેષ માર્ગદર્શન આપવામાં આવશે અને યોગની ગહન અનુભૂતિ કરાવવામાં આવશે. જેનાથી કાર્યક્રમમાં ભાગ લેનાર ભાઈઓ અને બહેનોને માનસિક શાંતિ, તણાવ મુકત જીવન અને આધ્યાત્મિક ઊર્જાનો અનુભવ કરશે. જૂનાગઢ સેવા કેન્દ્રના મુખ્ય સંચાલિકા બ્રહ્માકુમારી બિનદીદીના જણાવ્યા મુજબ, આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિશ્વમાં શાંતિ, પ્રેમ અને સકારાત્મકતાના વાઈબ્રેશન અને સંદેશ ફેલાવવાનો છે. આ પ્રસંગે સર્વે સાધકો ને આધ્યાત્મિક કાર્યક્રમમાં હાજરી આપી જીવનમાં શાંતિ અને સુખનો અનુભવ કરવા હાર્દિક આમંત્રણ આપવામાં આવે છે.

## રાજુલામાં વિરાટ હિન્દુ સંમેલનમાં સામાજીક સમરસતા પર અપાયો ભાર

### સંમેલનમાં મહાનુભાવોએ સામાજીક-ધાર્મિક સામાજીક મુદ્દે આપ્યું માર્ગદર્શન

**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

રાજુલા શહેરમાં ટાવર ચોક ખાતે વિરાટ હિન્દુ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. રામનવમી તહેવારની પૂર્વે રાત્રીએ ભવ્ય હિન્દુ સંમેલનમાં સૌપ્રથમ સંતો -મહંતોનું ફુલહાર પહેરાવી સ્વાગત કરાયું હતું. તેમજ નાની બાળાઓ દ્વારા સમાજમાં જાગૃતિ માટે નાટક અને સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરાઈ હતી. આ સંમેલનનો મુખ્ય ઉદ્દેશ્ય હિન્દુ સંગઠનને મજબૂત બનાવવાની સાથે સમાજમાં જાગૃતિ લાવવાનો હતો. આ પ્રસંગે સનાતન દાસ બાપુ શ્રી નારાયણ સ્વામી યોગીપુરુષ સ્વામી અમરદાસ બાપુ વક્તા કપિલભાઈ દવે પ્રાંત તેઓ એ જણાવેલ કે હિન્દુ સમાજ માં સામાજિક સમરસતા ઉત્પન્ન થાય તેવા આશયથી અને હિન્દુઓ વધુ જાગૃત બને તેવા આશુબથી આ સભાનું આયોજન કરવા માં આવેલ છે. વિવિધ મહત્વના વિષયોમાં ખાસ કરીને સામાજિક સમરસતા કેળવી જ્ઞાતિ-જાતિના ભેદભાવ ભૂલી એક બનવા હાકલ કરવામાં આવી હતી. બદલાતા સમયમાં કુટુંબ પ્રબોધન દ્વારા સંસ્કારોનું સિંચન, નાગરિક કર્તવ્ય પ્રત્યે જાગૃતિ અને પર્યાવરણ સંરક્ષણ જેવા બાબતોએ માર્ગદર્શન આપ્યું હતું.



## હિંમતનગરમાં વેલિડેશન એકટ રદ કરવા પેન્શનરોની માંગણી

### પેન્શનરોએ જિલ્લા કલેકટરને આવેદન આપ્યું, કાળી પટ્ટી ધારણ કરી વિરોધ કર્યો

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

હિંમતનગરમાં બુધવારે ઓલ ઈન્ડિયા સ્ટેટ પેન્શનર ફેડરેશનના આદેશ અનુસાર પેન્શનરોએ જિલ્લા કલેક્ટર લલિત નારાયણસિંહ સાંદુને આવેદનપત્ર સુપરત કર્યું હતું. ૨૫ માર્ચ ૨૦૨૫ ના રોજ લોકસભામાં પસાર કરાયેલા વેલીડેશન એકટ ૨૦૨૫ ને રદ કરવાની માંગ સાથે આ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું જેને 'બ્લેક ડે' તરીકે મનાવવામાં આવ્યો હતો. આ આવેદનપત્ર ઓલ ઈન્ડિયા સ્ટેટ પેન્શનર ફેડરેશન દિલ્હી દ્વારા સમગ્ર દેશમાં જિલ્લા મથકોએ કલેક્ટરને આવેદનપત્ર આપવાના આદેશના ભાગરૂપે આપવામાં આવ્યું હતું પેન્શનરોએ કાળી પટ્ટી ધારણ કરીને પોતાનો વિરોધ દર્શાવ્યો હતો.


આ અંગે સાબરકાંઠા જિલ્લાના ઓલ ઈન્ડિયા સ્ટેટ પેન્શનર ફેડરેશન, દિલ્હીના અધિક મહામંત્રી આર.એચ.પટેલે જણાવ્યું હતું કે, સાબરકાંઠા જિલ્લામાં કુલ ૧૮ હજાર પેન્શનરો છે. જિલ્લાના પેન્શનર હોદ્દેદારો દ્વારા ૧૮ હજાર પેન્શનરો વતી કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં ૮ મા પગારપંચમાં જૂના પેન્શનરોને અન્યાય ન થાય તે માટે ઉક્ત વેલીડેશન એકટ રદ કરવાની મુખ્ય માંગ કરવામાં આવી હતી.

## જૂનાગઢના વડાલમાં આશાપુરા માતાજીનો પાટોત્સવ ઉજવાયો

### અન્નકૂટ દર્શનનો લ્હાવો લઈ ભકતોએ ધન્યતા અનુભવી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢના વડાલ મુકામે આશાપુરા ધામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચૈત્ર સુદ એકમને આશાદેવી માતાજીના ૫૫ માં પાટોત્સવ તેમજ આશાદેવી માતાજીનો ૧૨ માં જન્મ ઉત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. સવારથી વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં સવારે મંગળા આરતી, લલીતા અંબા યજ્ઞ યોજાયો હતો. આ યજ્ઞમાં યજમાન ઉદાણી પરિવાર દ્વારા મંત્રોચ્ચાર સાથે આહુતી આપવામાં આવી હતી. આ ઉજવણીમાં અન્નકૂટ દર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ વાનગી માતાજીને ધરવામાં આવી હતી. બપોરે યજ્ઞનું બીડુ હોમવામાં આવ્યું હતું. યજ્ઞની પૂર્ણાહૂતિ પછી સમગ્ર મહેમાનો માટે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પાટોત્સવમાં વડાલ ગામ તેમજ આસપાસના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા.



## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૭-૦૩-૨૦૨૬ શુક્રવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કમઠાણ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કઢી પકોડા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ પોડકાસ્ટ (ઉગતા કલાકારોને પ્રોત્સાહન આપવા સરકારની યોજના)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (મારી વાઈફ મેરી કોમ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૮-૦૩-૨૦૨૬ શનિવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ સાળંગપુર(શ્રી.કષ્ટભંજન દેવ)લાઈવ
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૨૮-૩ -૨૦૨૬ શનીવાર**

| | | | |
|---|---|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૨ | શાલીવાહન શકિ: | ૧૯૪૭ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૬ | | |
| તિથી | ચૈત્ર શુદ દશમ | | |
| નક્ષત્ર | પુષ્ય | | |
| યોગ | સુકર્મા | કરણઃ | વણિજ |
| સુર્યોદય | ૬.૪૪ | સુર્યાસ્તઃ | ૭.૦૧ |
| ચંદ્ર રાશી | કર્ક | | |
| રાશિ અક્ષર | ડ.હ | | |
| દિશાશૂળ | પૂર્વ દિશા તરફ | | |
| રાહુકાળ | સવારે ૯ થી ૧૦.૩૦ | | |
| દિવસનાચોઘડીયા | કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ, | | |
| રાત્રીનાચોઘડીયા | લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ | | |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૩૨ થી ૧.૨૦ | | |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૯૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૬ | | | ૧ | ૩ | | | |
| | | ૪ | | | ૭ | | | |
| | | | ૨ | ૪ | | | | |
| | | | ૪ | | ૬ | | ૩ | ૭ |
| | | ૯ | ૫ | | | ૪ | | |
| | | | | | | | | |
| | | | | | ૫ | ૩ | ૭ | |
| | ૧ | | | ૩ | | | | ૨ |
| ૭ | | ૮ | | ૬ | | | | ૫ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૯૧ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૨ | ૫ | ૩ | ૧ | ૭ | ૯ | ૬ | ૮ |
| ૧ | ૭ | ૬ | ૮ | ૫ | ૯ | ૪ | ૩ | ૨ |
| ૮ | ૯ | ૩ | ૪ | ૨ | ૬ | ૧ | ૫ | ૭ |
| ૭ | ૩ | ૪ | ૧ | ૬ | ૮ | ૨ | ૯ | ૫ |
| ૨ | ૫ | ૧ | ૭ | ૯ | ૩ | ૮ | ૪ | ૬ |
| ૯ | ૬ | ૮ | ૨ | ૪ | ૫ | ૭ | ૧ | ૩ |
| ૫ | ૪ | ૨ | ૬ | ૮ | ૧ | ૩ | ૭ | ૯ |
| ૩ | ૮ | ૯ | ૫ | ૭ | ૪ | ૬ | ૨ | ૧ |
| ૬ | ૧ | ૭ | ૯ | ૩ | ૨ | ૫ | ૮ | ૪ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૮.૩.૨૦૨૬ શનિવાર, સંવંત ૨૦૮૨, ચૈત્ર સુદ દશમ, પુષ્ય નક્ષત્ર, સુકર્મા યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ કર્ક (ડ,હ) રહેશે**


જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** નાની નાની ખુશી પ્રાપ્ત કરી શકો, પરિવાર સાથે આનંદ માણી શકો, મુસાફરી થાય, શુભ દિન.

**વૃષભ (બ,વ,ઉ) :** તમારા વિચારોને અમલમાં મૂકી શકો, ભાઈ ભાંડુ સુખ સારું રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**મિથુન (ક,છ,ઘ) :** કાર્યમાં એક નવી શરૂઆત થતી લાગે, તમારા સૌમ્ય વાણી વર્તનથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, શુભ દિન.

**કર્ક (ડ,હ) :** ઘણા વણઉકેલ પ્રશ્નોના જવાબ આજે મેળવી શકશો, આજના દિવસે તમામ મોરચે તમે સારી રીતે આગળ વધી શકો.

**સિંહ (મ,ટ) :** કોઈ બાબતને અહમનો પ્રશ્નના બનાવવો, વાદ વિવાદથી દૂર રહેવું, મતભેદ નિવારવા સલાહ છે, મધ્યમ દિવસ.

**કન્યા (પ,ઠ,ણ) :** અંગત લોકો અને સગા સ્નેહી મિત્રોથી સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, દિવસ સારો રહે.

**તુલા (ર,ત) :** સ્ત્રીવર્ગ પોતાની પતિભા બતાવી શકે, વેપારીવર્ગને મધ્યમ રહે, નોકરિયાત વર્ગની પ્રગતિ થાય.

**વૃશ્ચિક (ન,ય) :** યોગ્ય સમય પર યોગ્ય નિર્ણય કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** જે બાબત વિચારી હોય તે બનતી જોવા મળે, દૂર દેશથી સારા સમાચાર મળે,જુના મિત્રોને મળવાનું થાય.

**મકર (ખ,જ) :** સામાજિક રીતે આગળ વધી શકો, જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, શુભ દિન.

**કુંભ (ગ,સ,શ) :** ખાવા પીવામાં પરેજી રાખવી જરૂરી બને છે, તબિયતની કાળજી લેવી, વધુ પડતી દોડધામ નિવારવા સલાહ છે.

**મીન (દ,ચ,ઝ,થ) :** વિદ્યાર્થીવર્ગને એકાગ્રતા રહે, સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, શુભ દિન.

તંત્રી લેખ

# વિકાસનો શ્વાસ બનતા ગુજરાતના સ્માર્ટ શહેરો

ગુજરાતના શહેરોનો આધુનિક સમયને અનુરૂપ સુગઠિત અને સુઆયોજિત વિકાસ કરવામાં આવ્યો છે.શહેરી વિકાસની આ યાત્રા દરમિયાન રાજ્યના તમામ શહેરોમાં રોડ-રસ્તાઓ, સ્ટ્રીટ લાઈટ, પીવાના પાણીની પાઈપલાઈન, ગટર વ્યવસ્થા, શહેરી-બાગબગીચા જેવા અનેક નાગરિકલક્ષી કાર્યો પૂર્ણ કરવામાં આવ્યા છે. સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોને શહેરી વિસ્તારોમાં આવાસો પૂરા પાડવામાં આવ્યા છે. રાજ્યમાં અનેક ટાઉન પ્લાનિંગ સ્કીમોને મંજૂરી આપવામાં આવી છે, જે શહેરીકરણની પ્રક્રિયાને વેગ આપે છે. શહેરોના આયોજનપૂર્વકના વિકાસથી શહેરોમાં વસતા નાગરિકો 'ઈઝ ઓફ લિવિંગ' નો અનુભવ કરી રહ્યા છે.

ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ 'સ્માર્ટ સિટી મિશન' અંતર્ગત ગુજરાતના ૬ શહેરો, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને દાહોદની પસંદગી કરવામાં આવી હતી. આ ૬ શહેરોમાં ₹૧૧,૫૦૭ કરોડથી વધુના ૩૫૯ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે.

શહેરી આયોજન સંગઠિત રીતે અને સુઆયોજિત હોય છે, જેનો લાભ નવી મહાનગરપાલિકાઓને મળી રહ્યો છે. આ મહાનગરપાલિકાઓમાં સંબંધિત સ્થળોના ગ્રામ્ય વિસ્તારોને ભેળવવામાં આવ્યા છે, જેનાથી તેના નાગરિકોને શહેરી સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

રાજ્યના શહેરીકરણ અને આધુનિકીકરણને ધ્યાનમાં રાખીને વર્ષ ૨૦૨૩માં ભારતની જી-૨૦ દેશોની અધ્યક્ષતા હેઠળ, શહેરોના વિકાસ અને આયોજન માટેની અર્બન-૨૦ બેઠકો ફક્ત ગુજરાતમાં જ અમદાવાદ શહેર ખાતે આયોજિત કરવામાં આવી હતી, જ્યાં જી-૨૦ દેશોના શહેરોના પ્રતિનિધિઓએ ભેગા થઈને શહેરીકરણ અંગે ચર્ચા કરી હતી.

ગુજરાતમાં થયેલું શહેરીકરણ તેની આર્થિક વૃદ્ધિ, ઔદ્યોગિક વિકાસ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર કનેક્ટિવિટી અને રાજ્ય સરકારની પહેલોનું પરિણામ છે. આ પ્રક્રિયાએ ગ્રામીણ વિસ્તારોને ધમધમતા શહેરી કેન્દ્રોમાં પરિવર્તિત કર્યા છે અને રોકાણ, વ્યવસાયો અને સ્થળાંતર કરનારાઓને આકર્ષ્યા છે. શહેરોનો વિકાસ રાજ્યમાં વિવિધ તકોને આકર્ષે છે, અને એટલે જ શહેરી વિકાસનું સંચાલન કરવું અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સુનિશ્ચિત કરવું એ નાગરિકોની સુખાકારી અને રાજ્યના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે.

# લાંબા સમય બાદ ઉપલેટા શહેર ભાજપના નવા પ્રમુખ તરીકે દિપકભાઈ સુવાની વરણી

## ભાજપમાં પ્રથમ વખત આહીર સમાજને પ્રમુખ પદ મળ્યું

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા શહેર ભાજપના પ્રમુખ પદનું કોકડુ લાંબા સમય થયા ગુંચવાયેલં હતુ અનેક વખત અનેક નામો ચર્ચામાં આવ્યા હતા પણ ગઈકાલે જિલ્લા ભાજપના હોદ્દેદારોએ પ્રદેશ હોદ્દેદારો સાથે ચર્ચા વિચારણા કરી નવા પ્રમુખ માટે સેવાભાવી આહિર યુવાન દિપકભાઈ સુવાના નામની જાહેરાત કરી હતી.

ભારતીય જનતા પાર્ટી દ્વારા અગાઉ પ્રમુખ પદ માટે પ્રતિકભાઈ વોરાને જવાબદારી સોંપી હતી થોડાક દિવસોમાં પ્રતિકભાઈ વોરાને પ્રમુખ પદની દ્રાક્ષ ખાટી લાગતા તેને રાજીનામું ધરી દીધું હતુ. તેના ઘેરા પડઘા સમગ્ર જિલ્લામા પડતા તાત્કાલીક ધોરણે તેમને રાજીનામું પરત ખેંચવાની જાહેરાત કરવા ફરજ પડાઈ હતી. લગભગ દો વર્ષ જેવો સમય બાદ ગઈકાલે શહેર ભાજપના પ્રમુખનું ગુંચવાયેલ કોકડુ ઉકેલાયું હતુ જિલ્લા ભાજપ દ્વારા નવા પ્રમુખના નામની જાહેરાત કરાતા કાર્યકરોમાં ખુશી જોવા મળી હતી.

રાજકોટ જિલ્લા ભાજપના પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા, મહામંત્રી રવિભાઈ માકડીયા સહિત જિલ્લા હોદ્દેદારોએ પ્રદેશ ભાજપના પ્રમુખ જગદીશ વિશ્વકર્મા મહામંત્રી



પ્રશાંતભાઈ કોરાટ તેમજ સૌરાષ્ટ્ર અને જિલ્લા ભાજપના પ્રભારી સાથે ચર્ચા વિચારણા કરી ઉપલેટા શહેર ભાજપના પ્રમુખ પદે દિપકભાઈ રાજાભાઈ સુવાના નામની જાહેરાત કરી હતી. નવા વરાયેલા દિપકભાઈ સુવાની વરણીને સાંસદ મનસુખભાઈ માંડવીયા, ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયા, પાલીકાના પ્રમુખ વર્ષાબેન ગજેરા, ઉપપ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ, બાંધકામ સમિતિના ચેરમેન મનોજભાઈ નંદાણીયા, શાસક પક્ષના નેતા અશ્વીનભાઈ લાડાણી, પક્ષના દંડક શૈલેષભાઈ સુવા, સ્કુલ બોર્ડના ચેરમેન નિકુલભાઈ ચંદ્રવાડીયા, જિલ્લા ભાજપના ઉપપ્રમુખ જયેશભાઈ ત્રિવેદી, મંત્રી અનિતાબેન ચૌહાણ, મહિલા મોરચાના પ્રમુખ ફાલગુનીબેન પરમાર નગરસેવક અજયભાઈ જાગાણી, હરસુખભાઈ સોજીત્રા, જગદીશભાઈ વિરમગામા, શૈલેષભાઈ બારૈયા, સહિત જિલ્લા શહેર, તાલુકા ભાજપના વિવિધ મોરચાના હોદેદારો પાર્ટીના કાર્યકર્તાઓ સામાજીક સંસ્થાના હોદેદારો વિવિધ સમાજ શ્રેષ્ઠીઓ વેપારી સંગઠનોએ આવકારી શુભેચ્છા પાઠવી હતી.

# બોટાદ: જૈનમુનિ સંતબાલજીની ૪૪મી પુણ્યતિથિએ સમાધિ સ્થળે યોજાઈ સર્વધર્મ પ્રાર્થના

## જૈન મુનિ સંતબાલજીને ચિચણીના દરિયા કાંઠે અપાય અંજલી

**અબતક, વિપુલ લોહાર, બોટાદ**

ભાલ અને નળકાંઠા વિસ્તારના સામાજિક અને શૈક્ષણિક ઉત્થાનના પ્રણેતા, સામાજિક ક્રાંતિકારી જૈન મુનિ સંતબાલજી મહારાજના ૪૪મા સ્વર્ગારોહણ દિવસની ભાવભરી ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ (ગુંદી) અને વિશ્વ વાત્સલ્ય પ્રાયોગિક સંઘ (મુંબઈ-ચિંચણી) દ્વારા સંયુક્ત રીતે વિવિધ સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. મહારાષ્ટ્રના થાણા જિલ્લાના ચિંચણી ખાતે દરિયાકિનારે આવેલા રમણીય સમાધિ સ્થળે સર્વધર્મ પ્રાર્થના સભા યોજાઈ હતી. આ કાર્યક્રમમાં ભાલ



પંથકના રાણપુર, સુંદરીયાણા, નાગનેશ, ગુંદી, રામપુરા (ભંકોડા) અને વાવડી જેવા ગામોથી મોટી સંખ્યામાં અનુયાયીઓ અને સંસ્થાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ, રાણપુરના પ્રમુખ ગોવિંદસિંહ ડાભી તથા અન્ય અગ્રણીઓએ મુનિના જીવન અને કવનને યાદ કરતા જણાવ્યું હતું કે મુનિએ હંમેશા જ્ઞાતિ-જાતિના ભેદભાવ ભૂલીને માનવતાનો સંદેશ આપ્યો હતો.

ખાદી ગ્રામોદ્યોગ દ્વારા હજારો બહેનોને પગભર કરી રોજગારી પૂરી પાડી હતી. શિક્ષણ અને આરોગ્ય ગુંદી, રાણપુરા અને ચિંચણીમાં આજે પણ તેમના આશીર્વાદથી શિક્ષણ સંસ્થાઓ, ગૌશાળાઓ અને નેચરોપેથી-આયુર્વેદિક હોસ્પિટલો દ્વારા સેવાયજ્ઞ અવિરત ચાલી રહ્યો છે...

# કાલાવડ જુના માર્કેટીંગ યાર્ડ ખાતે ટેકાના ભાવે ચણાની ખરીદી શરૂ



**અબતક, રાજુ રામોલીયા, કાલાવડ**

કાલાવડ જુના માર્કેટિંગ યાર્ડ ખાતે છતર સેવા સહકારી મંડળી દ્વારા ગુજરાત સરકાર દ્વારા જાહેર કરેલ ટેકા ના ભાવે ચણા ખરીદી નો પ્રારંભ કરવામાં આવ્યો છે.આ તકે છતર સેવા સહકારી મંડળી ના પ્રમુખ મનસુખભાઈ વાદી, ધવલ મનસુખભાઈ વાદી તેમજ કાલાવડ ભારતીય જનતા પાર્ટી ના અગ્રણીઓ અને બહોળી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા છતર સેવા સહકારી મંડળી ના પ્રમુખ મનસુખભાઈ વાદી અને ધવલ મનસુખભાઈ વાદી દ્વારા ખેડૂતો ને કોઈપણ પ્રકારની અગવડ ના પડે તેવી સુચારૂ વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ નિયમિત ખેડૂતો ને વેચાણ કેન્દ્ર ખાતે બોલાવવામાં આવશે અને ખેડૂતો દ્વારા ચણા વેચાણ માટે સમયસર આવવાનું રહેશે અને ચણા ની ખરીદી કરી સમયસર પેમેન્ટ ખેડૂત ના ખાતા માં જમા કરવામાં આવશે તેવું છતર સેવા સહકારી મંડળી ના પ્રમુખ મનસુખભાઈ વાદી અને ધવલ મનસુખભાઈ વાદી દ્વારા જણાવવામાં આવ્યુ હતુ.

# ધ્રોલ: હિન્દુ સંમેલન નિમિતે રવિવારે ૧૦૦ કુંડી ગાયત્રી મહાયજ્ઞ

**અબતક,સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલ ખાતે આગામી સમયમાં યોજાનારા ભવ્ય 'હિન્દુ સંમેલન'ના અનુસંધાને આધ્યાત્મિક ચેતના જગાવવા માટે એક વિશેષ ધર્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તારીખ ૨૯/૦૩/૨૦૨૬ ને રવિવારના રોજ ધ્રોલના પટેલ સમાજ ખાતે '૧૦૦ કુંડી ગાયત્રી મહાયજ્ઞ'નું ભવ્ય આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

આ દિવ્ય યજ્ઞનો પ્રારંભ રવિવારે સાંજે ૪:૦૦ કલાકે થશે અને સાંજે ૭:૦૦ કલાક સુધી મંત્રોચ્ચાર સાથે આહુતિઓ અર્પવામાં આવશે. આશરે દોઢ કલાક સુધી ચાલનારા આ હવનમાં બેસવા માટે સમસ્ત હિન્દુ સમાજના ધર્મપ્રેમી જનતાને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આયોજકો દ્વારા જણાવવામાં આવ્યું છે કે, હવન માટેની તમામ જરૂરી સામગ્રી પટેલ સમાજ ખાતેથી જ ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેથી શ્રદ્ધાળુઓએ કોઈ પણ પ્રકારની સામગ્રી લાવવાની રહેશે નહીં.

યજ્ઞની મર્યાદા અને પવિત્રતા જળવાય તે હેતુથી ખાસ સૂચના આપવામાં આવી છે કે, હવનમાં બેસનાર પુરુષો લેંઘો-ઝભ્ભો, ધોતિયું અથવા શર્ટ-પેન્ટ પહેરી શકશે, જ્યારે બહેનો માટે સાડી પરિધાન અનિવાર્ય રહેશે. યજ્ઞની પૂર્ણાહુતિ બાદ તમામ ભાવિકો માટે ભોજન પ્રસાદની પણ સુંદર વ્યવસ્થા રાખવામાં આવી છે.

આ ૧૦૦ કુંડી ગાયત્રી યજ્ઞમાં જે દંપતીઓ અથવા વ્યક્તિઓ બેસવા ઈચ્છતા હોય, તેઓએ વહેલી તકે પોતાનું નામ નોંધાવવા આયોજકો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. નામ નોંધણી માટે સંજયભાઈ વાંસજાળીયા (મોબાઈલ નંબર: ૯૨૨૮૮ ૧૪૯૪૫) પર સંપર્ક કરવાનો રહેશે. ધ્રોલના આંગણે યોજાનારા આ ભક્તિમય અવસરનો લાભ લેવા સમસ્ત ધર્મપ્રેમી જનતાને હાર્દિક નિમંત્રણ છે.

# મોરબી સબ જેલના હેડ કોન્સ્ટેબલ દશરથસિંહ જાદવનો જન્મદિવસ




મોરબી સબ જેલમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા દશરથસિંહ જાદવના જન્મદિવસે તેમના મિત્રો અને સગાસંબંધીઓ દ્વારા તેમને મોબાઈલ નંબર ૮૫૧૧૭૧૧૭૯૯ ઉપર તેમજ રૂબરૂ મળી શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. દશરથસિંહ જાદવને તેમના સારા આરોગ્ય તથા ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

# મનુષ્ય જીવનની દિનચર્યામાં પંચતિથિ અનુસાર 'તિથિ' મહિમા

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકાના પ્રખર જ્યોતિષાચાર્ય શિવુભાઈ (જયકુમાર) પંડ્યાએ હિન્દુ શાસ્ત્રો અનુસાર આવતી તિથિના પ્રકારો તથા તિથિઓ દરમ્યાન કરવાના કાર્યો વિશે રસપ્રદ તથા લોકોપયોગી માહિતી પ્રસ્તુત કરેલ છે. શિવુભાઈ જણાવેલ છે કે આપણો હંમેશા પ્રયત્ન રહ્યો છે કે સામાન્ય માણસ પણ જ્યોતીષીનો જીવનમાં ઉપયોગ કરી શકે તેમજ વારંવાર નાના કાર્ય માટે જ્યોતીષીનો સંપર્ક ટાળી શકે તથા જીવનમાં ઋષિ પ્રણિત શાસ્ત્રનો લાભ લઈ શકે. આજે તિથિ વિશે તથા તેમાં કરવાના કાર્ય વિશે અત્રે માહિતી આપવા પ્રયત્ન કરેલ છે. તિથિના પ્રકારો પાંચ છે. જે અનુક્રમે નંદા, ભદ્ર, જયા, રિકતા તથા



પૂર્ણ છે. દરેક તિથિમાં કરવાના થતા કાર્યો તિથિ સાથે સંકળાયેલા છે.

**નંદા :** આ તિથિ શુકલ અને કૃષ્ણ એમ બંને પક્ષની ૧-૬-૧૧ છે. નંદા તિથિમાં મનોરંજન કાર્યક્રમો, ગીત, ઉત્સવ, વાસ્તુ વગેરે લાભપ્રદ છે.

**ભદ્રા :** આ તિથિમાં કલ્યાણકારક કાર્યો જેવા કે હોમ-હવન, વિવાહ, યાત્રા વગેરે થાય. ભદ્રા તિથિ બંને પક્ષની ૨-૭-૧૨ છે.

જયા : આ તિથિ બંને પક્ષની ૩-૮-૧૩ ગણાય છે. જેમાં યુધ્ધ, વાદ-વિવાદ, કોર્ટ-કચેરી, શત્રુ સંબંધિત પ્રયોગો સફળતા આપે છે.

**રિકતા :** આ તિથિ બંને પક્ષની ૪-૯-૧૪ ગણાય. રિકતા એટલે ખાલી આ તિથિઓમાં કાર્યનો પ્રારંભ જરૂર નિષ્ફળતા આપે. જેથી આ તિથિઓ મોટે ભાગ વર્જ્ય છે.

**પૂર્ણા :** આ તિથિ ૫-૧૦-૧૫ તથા અમાસ, અમાવસ્યા સિવાય દરેક કાર્યમાં આ તિથિઓ સફળતા આપનાર છે.

આશા છે કે આ લેખથી દરરોજ વિવિધ કાર્યોમાં માર્ગદર્શન મળી રહેશે. અસ્તુ....

**:: આલેખન : જયકુમાર (શિવુભાઈ) મુળશંકર પંડ્યા મો.નં. ૯૨૬૫૧૨૮૮૬૫**

# બગસરા માર્કેટિંગ યાર્ડ દ્વારા ખેડૂત કાર્યકારી સહકારી મંડળીને દંડ ફટકારાયો

## ખેડુતની જણસીને નુકસાનના પગલે કરાયો દંડ



**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરા માર્કેટિંગ યાર્ડ દ્વારા થોડા દિવસો પૂર્વે એક ખેડૂતને થયેલ નુકસાન બાબતે બગસરાની જ ખેડૂત વિવિધ કાર્યકારી સહકારી મંડળીને નુકસાનીના વળતર પેટે દંડ ફટકારવામાં આવેલ છે.

બગસરા માર્કેટિંગ યાર્ડ ખાતે ખેડૂત વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી તુવેરદાળની ખરીદી કરતી હતી તેમજ જેમાં માર્કેટિંગ યાર્ડમાં પેઢી ધરાવતી માનવ ટ્રેડર્સએ ગોઠવેલી મગફળીને મંડળીના વાહન દ્વારા નુકસાન પહોંચાડવામાં આવતા આ પેઢીએ માર્કેટિંગ યાર્ડને ફરિયાદ કરી હતી વેપારીને થયેલ નુકસાનને પગલે બગસરા માર્કેટિંગ યાર્ડ દ્વારા આંકડા પગલાં લઈ મંડળીને રૂ.૩,૦૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો છે. તેમજ વેપારીને થયેલ નુકસાની ને તાત્કાલિક ચૂકવી દેવા પણ સૂચના આપવામાં આવી છે. આ મંડળી દંડ ભરે છે કે માર્કેટિંગ યાર્ડ સામે જંગે ચડે છે તેના પર મિટ મંડાય છે.

# સોમનાથના પીઆઈની સુરતમાં બદલી



**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

ગુજરાત રાજ્યના ગૃહ વિભાગ દ્વારા પોલીસ વિભાગમાં મોટા પાયે બદલીઓ કરવામાં આવી છે. આ અંતર્ગત સોમનાથ પોલીસ ચોકીમાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટર એચ.આર. ગોસ્વામીની સુરત ખાતે બદલી કરવામાં આવી છે.ગૃહ વિભાગે કુલ ૫૧૮ પોલીસ અધિકારીઓની બદલીના આદેશો બહાર પાડ્યા છે. પીઆઈ ગોસ્વામી બે વર્ષ સુધી વેરાવળ સિટી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવ્યા બાદ, બે મહિના પહેલા જ ગીર સોમનાથ જિલ્લા પોલીસ વડાના આંતરિક આદેશથી સોમનાથ પોલીસ સ્ટેશનનો ચાર્જ સંભાળ્યો હતો.

વેરાવળ ખાતેના કાર્યકાળ દરમિયાન, પીઆઈ ગોસ્વામીએ નિષ્પક્ષપણે ફરજ બજાવી હતી. તેમણે કાયદો અને વ્યવસ્થા જાળવવામાં તેમજ અનેક ગુનાઓ ઉકેલવામાં સફળતા મેળવી હતી. તેઓ સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં પણ સક્રિય રહ્યા હતા.

# સોમનાથ: સતીકુંવર ટ્રસ્ટના સર્વરોગ નિદાન કેમ્પનો ૮૯૩ દર્શનાર્થીઓએ લીધો લાભ

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

ભગવાન શ્રી રામચંદ્રજીના જન્મોત્સવની ભવ્ય ઉજવણી રૂપે સોમનાથ પાટણ સનાતન હિન્દુ સેવા સમાજ ના પ્રમુખ જીતુભાઈ કુહાડા અખીલ ગુજરાત માછીમાર મહામંડળના પ્રમુખ કિશોરભાઈ એમ કુહાડાના અધ્યક્ષ સ્થાને ભાજપા જન કલ્યાણ મંચ ગુજરાત પ્રદેશ મહીલા મોરચા પ્રદેશ પ્રમુખ મીનાબા આર જાદવ દ્વારા સ્વ પૂનમબહેન સોની સ્વ અરવિંદભાઈ પ્રભુદાસભાઈ સતીકુવર પ્રેરીત સ્વ સોની હીરાબેન પ્રભુદાસ સતીકુવર સેવા ટ્રસ્ટ દ્વારા આયોજીત સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંગાણી હોસ્પિટલ ના હદય



સ્પેશિયલ તબીબી ડો મિતૃલ ભાલોડીયા સહીત ભવ્ય ગઢીયા દ્વારા તાવ શરદી ઉધરસ ડાયાબિટીસ બ્લડપ્રેશર સહીત હદય સ્પેશીયાલીસટ ડો ડી કે બારડએ નિદાન અને સારવાર સાથે સંપુર્ણપણે ફ્રી મેડીશીન આપવામાં આવી હતી જેમાં અનેક સામાજિક અગ્રણીઓ ત્યારે ભગવાન શ્રી રામ જન્મોત્સવની ઉજવણી સાથે રામ મંદિર દર્શન માટે આવતા ૮૯૩ લોકોએ લાભ લીધો હતો.

# કાલાવડની સરસ્વતી શિશુમંદિર વિદ્યાલયના વાર્ષિકોત્સવમાં વિદ્યાર્થીઓએ કલાના કામણ પાથર્યા

**અબતક, રાજુ રામોલીયા, કાલાવડ**

કાલાવડ ખાતે શ્રી સરસ્વતી શિશુમંદીર વિદ્યાલય માં વાર્ષિકોત્સવ ‘‘અસ્મિતા – આપણી સંસ્કૃતિ નુ દર્પણ‘‘ યોજાયો હતો , જેમાં અધ્યક્ષ તરીકે રાજુભાઈ નંદાણીયા તેમ જ બૌદ્ધિક વકતા તરીકે ધીરુભાઈ કણસાગરા અને વિશેષ અતિથિ તરીકે દિવ્યેશભાઈ સાવલિયા (inox ગ્રુપ રાજકોટ) ખાસ ઉપસ્થિત રહ્યા હતા..કાર્યક્રમ ની શરૂઆત દિપ પ્રાગટય થી કરવામાં આવી હતી ત્યારબાદ વંદના અને ત્યારબાદ બૌદ્ધિક વકતા દ્વારા કાર્યક્રમ અંતર્ગત વિગતવાર સમજ




આપવામાં આવી હતી..ત્યારબાદ ગત વર્ષના તેજસ્વી વિદ્યાર્થીઓનું શીલ્ડ,પ્રમાણપત્ર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું તમેજ વિદ્યાભારતી દ્વારા આયોજિત ખેલકૂદમાં કાલાવડ વિદ્યાલયની અંડર ૧૭ બહેનો ખોખો (બહેનો )રમતમાં અખિલ ભારતીય (નેશલન) કક્ષાએ ઉત્તર પ્રદેશના હાપુડ મુકામે રમવા ગયેલ બહેનોને મંચસ્થ મહાનુભવો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા .ત્યારબાદ મુખ્ય કાર્યક્રમ શરૂ થયો જેમાં શિશુ મંદીર ના વિદ્યાર્થીઓ દ્વારા અલગ અલગ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી જેવી કે રા' નવઘણ નાટક, મહાભારત, ઓપરેશન શિંદુર,થીમ ડાન્સ,આજ કરો કેશરીયા જેવી કૃતિઓ રજુ કરવામાં આવી હતી.કાર્યક્રમ માં બહોળી સંખ્યા માં નગરજનો તથા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ ના અંતે શાળા ના પ્રધાનાચાર્ય રાજુભાઈ વાજા દ્વારા આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવવા બદલ શાળા ના ટ્રસ્ટી ,શાળા ના આચાર્યો, તથા વિદ્યાર્થીઓ નો આભાર માનવામાં આવ્યો હતો.

# વેરાવળમાં એન.વી. ઉપાધ્યાય સ્વાગત કાર્યક્રમના વણઉકેલાયેલા પ્રશ્નોની સમીક્ષા કરતા કલેકટર

## કલેકટર એન.વી. ઉપાધ્યાયના અધ્યક્ષ સ્થાને જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

અરજદારો દ્વારા સરકારી જમીનમાં દબાણ હટાવવા બાબત, ગ્રામપંચાયત અન્વયે પ્રશ્નો, માલિકીની જમીનમાં રસ્તો ખૂલ્લો કરવા બાબત, પી.એમ.કિસાન યોજનાના હપ્તાની સહાય ન મળવા અંગે, સીમ વિસ્તારનો રસ્તો ખૂલ્લો કરવા, ગૌચરની જમીન, અનધિકૃત બાંધકામ સહિતના પ્રશ્નો રજૂ કરવામાં આવ્યાં હતાં.

તમામ અરજદારોના પ્રશ્નો ધ્યાનથી સાંભળીને કલેક્ટરએ સંબંધિત અમલીકરણ અધિકારીશ્રીઓને અરજદારોએ




રજૂ કરેલા પ્રશ્નોના તાત્કાલિક નિકાલ લાવવા માર્ગદર્શન સહિત ઉકેલ માટેની સૂચનાઓ આપી હતી.

આ સ્વાગત કાર્યક્રમમાં ફેબ્રુઆરી માસમાં યોજાયેલ જિલ્લા સ્વાગત કાર્યકમના વણઉકેલાયેલા પ્રશ્નોની પણ સમીક્ષા કરવામાં આવી હતી. સ્વાગત કાર્યક્રમ દ્વારા નાગરિકોને સીધી રીતે પોતાના પ્રશ્નો રજૂ કરવાની અને પારદર્શક પદ્ધતિથી ઝડપી નિવારણ મેળવવાની સગવડ ઉપલબ્ધ થતી હોવાને કારણે પોતાની સમસ્યાઓનો ઉકેલ આવતાં અરજદારોએ સંતોષ વ્યક્ત કરી કલેકટરનો અભાર માન્યો હતો.

આ સ્વાગત કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકર તેમજ નિવાસી અધિક કલેકટર રાજેશ આલ, નાયબ પોલીસ અધિક્ષક વી.આર.ખેંગાર સહિત મામલતદાર, તાલુકા વિકાસ અધિકારીઓ સહિત સંબંધિત અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## ડીજીપી ડો. કે.એલ.એન. રાવે બદલીનો સૌથી મોટો ગંજીફો ચિપ્યો

# રાજકોટ શહેર-ગ્રામ્યના ૩૩ સહિત રાજ્યના ૭૭૨ બિનહથિયારી પીઆઈની બદલી

### એક વર્ષ પૂર્વે બઢતી પામેલા ૨૫૪ પીઆઈની નિમણુંકનો આદેશ જાહેર થયાની કલાકોમાં જ વધુ ૫૧૮ થાણા અધિકારીઓની બદલીનો લીથો નીકળ્યો

**અબતક, રાજકોટ**

રાજ્ય પોલિસવડા દ્વારા બદલીનો સૌથી મોટો ગંજીફો ચિપ્યો છે. પ્રથમ એક વર્ષ પૂર્વે બઢતી પામેલા રાજકોટ શહેર-ગ્રામ્યના ૧૧ પીઆઈ સહીત રાજ્યના ૨૫૪ બિનહથિયારી પીઆઈની બદલીના આદેશ જાહેર કરવામાં આવ્યા હતા. જેની કલાકો બાદ જ વધુ ૫૨૨ બિનહથિયારી પીઆઈની બદલીનો મોટો લીથો જાહેર કરવામાં આવ્યો હતો. જેથી એક જ દિવસમાં રાજ્યના ૭૭૨ પીઆઈની બદલીનો આદેશ જાહેર કરવામાં આવ્યો હતો.



બદલીના પ્રથમ આદેશની પ્રાપ્ત વિગત અનુસાર ડીજીપી ડો. કે એલ એન રાવ દ્વારા ફેબ્રુઆરી ૨૦૨૫ અને એપ્રિલ ૨૦૨૫ માં બે તબક્કે પીએસઆઈમાંથી પીઆઈ તરીકે બઢતી પામેલા રાજ્યના ૨૫૪ અધિકારીઓને પોસ્ટિંગ આપતો ઓર્ડર જાહેર કરવામાં આવ્યો છે. રાજકોટ શહેર પોલીસ બેડામાં ફરજ બજાવતા બિનહથિયારી પી આઈ એન વી હરિયાણીને ગિરસોમનાથ, બી વી બોરીસાગર અને એમ જે હુણને કચ્છપૂર્વ- ગાંધીધામ ખાતે નિમણૂક આપવામાં આવી છે. જ્યારે રાજકોટ ગ્રામ્ય પોલીસ બેડામાં ફરજ બજાવતા એમ એચ યાદવને સરહદી વિભાગ, આર એ જાડેજાને વડોદરા ગ્રામ્ય, કે વી પરમારને પોરબંદર, વી સી પરમારને વડોદરા ગ્રામ્ય, કે જે સથવારે સથવારાને સીઆઈડી ક્રાઈમ, વી એમ ડોડીયાને જામનગર, જે એ ખાચર અને કે એસ ગળચરની દેવભૂમિ દ્વારકા ખાતે બદલી કરવામાં આવી છે.

આ બદલીનો લીથો જાહેર થયાની કલાકોમાં જ રાજ્ય પોલિસવડા દ્વારા વધુ ૫૨૨ પીઆઈની બદલીનો આદેશ જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં રાજકોટ શહેર પોલિસમાં ફરજ બજાવતા ૧૯ પીઆઈની બદલી કરવામાં આવી હતી જેની સામે ૧૭ પીઆઈને નિમણુંક આપવામાં આવી હતી. જયારે રાજકોટ ગ્રામ્યમાં ફરજ બજાવતા ૧૪ અધિકારીઓની બદલી સામે નવા ૧૩ પીઆઈનો ઉમેરો કરવામાં આવ્યો હતો.

બીજા લીથામાં રાજકોટ શહેર પોલિસમાં ફરજ બજાવતા પેરોલ ફર્લો સ્કોડના પીઆઈ બી એમ ઝણકાટની ખેડા, ટ્રાફિક પીઆઈ આર જી બારોટની સીઆઈડી ક્રાઈમ, એમ જી વસાવાને ગીર સોમનાથ, જે એસ ગામિતને મોરબી, બી ટી અકબરીને દાહોદ, એમ એચ ભાટીને પોરબંદર, સાયબર ક્રાઈમ પીઆઈ એમ એ ઝણકાટને ગીર સોમનાથ, માલવિયા પીઆઈ જે આર દેસાઈને ભાવનગર, આજીડેમ પીઆઈ એ બી જાડેજાને સુરેન્દ્રનગર, આર્થિક ગુના નિવારણ શાખાના પીઆઈ કે જે કરપડાને દ્વારકા, એરપોર્ટ પીઆઈ આઈ એન સાવલિયાને પીટીસી, જૂનાગઢ, બી ડિવિઝન પીઆઈ એસ એન રાણેને સીઆઈડી ક્રાઈમ, કુવાડવા પીઆઈ બી પી રજ્યાને અમદાવાદ શહેર, થોરાળા પીઆઈ એન જી વાઘેલાને જૂનાગઢ, ભક્તિનગર પોલિસ મથકના પીઆઈ એમ એમ સરવૈયાને ભાવનગર અને મહિલા પીઆઈ એસ એન રાઠોડને સુરત ખાતે મૂકી દેવામાં આવ્યા હતા. જયારે રાજકોટ ગ્રામ્યમાં ફરજ બજાવતા એમ જે ચૌધરીને જૂનાગઢ, આર બી વાઢિયાને પાટણ, રૂરલ એલસીબી પીઆઈ વી વી ઓડેદરાને ઈન્ટેલીજન્સ, એ એમ હેરમાંને ભુજ, એલ આર ગોહિલને સુરત શહેર, જે વાય ચૌહાણને સીઆઈડી ક્રાઈમમાં મૂકી દેવાયા છે.

### સીઆઈડી ક્રાઈમની ટીમ મજબૂત બની ૪૦થી વધારે પીઆઈની નિમણૂક

દિન પ્રતિદિન સાયબર ક્રાઈમના ગુનાઓ વધી રહ્યા છે ત્યારે સાયબર ક્રાઈમ માટે બનાવવામાં આવેલા સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સમાં ૧૭ પીઆઈની નિમણૂક કરવામાં આવી છે. સીઆઈડી ક્રાઈમમાં પણ અલગ અલગ વિભાગો આવેલા છે જેમાં છેતરપિંડીથી લઈને સાયબર ક્રાઈમ બ્રાન્ચના પણ અલગ વિભાગો બનાવવામાં આવેલા છે ત્યારે સીઆઈડી ક્રાઈમમાં ૪૦થી વધારે પીઆઈની નિમણૂક કરવામાં આવી છે. ૨૫૪માંથી ૬૦થી વધુ પીઆઈને જે તે વિભાગોમાં પીઆઈ તરીકે મૂકવામાં આવ્યા છે જ્યારે બાકીના પીઆઈને જે તે જિલ્લા અને શહેરમાં પીઆઈ તરીકેનું પોસ્ટિંગ આપવામાં આવેલું છે.

### સૌરાષ્ટ્રમાંથી ૧૭૯ પીઆઈની વિદાય સામે ૧૬૮નો ઉમેરો

બદલીના આદેશની પ્રાપ્ત વિગત અનુસાર રાજ્યના ૨૫૪ બિનહથિયારી પીઆઈને પોસ્ટિંગ આપતો ઓર્ડર જાહેર કરવામાં આવ્યો છે. જેમાં સૌરાષ્ટ્ર-કચ્છમાં ફરજ બજાવતા ૫૮ પીઆઈની બદલી કરવામાં આવી છે. જેની સામે સૌરાષ્ટ્ર-કચ્છમાં ૬૨ પીઆઈને નિમણુંક આપવામાં આવી છે. જયારે બીજા લીથામાં ૧૨૧ પીઆઈની સૌરાષ્ટ્રમાંથી બદલી કરવામાં આવી હતી જેની સામેં ૧૦૬ પીઆઈ સૌરાષ્ટ્રમાં પોસ્ટિંગ અપાયું છે. જેથી બે આદેશમાં કુલ ૧૭૯ પીઆઈને સૌરાષ્ટ્રમાંથી બદલી કરી સામે ૧૬૮ ને નિમણુંક આપવામાં આવી હતી.

### રાજકોટ શહેર-ગ્રામ્યમાંથી ૩૩ પીઆઈ ગયા, સામે ૩૦ નવા આવ્યા

બદલીના આદેશમાં રાજકોટ શહેર - ગ્રામ્ય પોલીસ બેડામાં ફરજ બજાવતા ૩૩ અધિકારીઓની બદલીનો આદેશ જાહેર કરવામાં આવ્યો છે. જેની સામે નવા ૩૯ પીઆઈને રાજકોટ શહેર અને ગ્રામ્ય જિલ્લા પોલીસમાં નિમણૂક આપવામાં આવી છે. જેમાં અમદાવાદ રૂરલમાં ફરજ બજાવતા એ એન જાની, ખેડાના જે વી વાઢીયા, ડાંગના પી ડી ગોંડલીયા, અમરેલીના સી એન દવે, ગાંધીનગરના એન બી ચૌધરી, તાપીના એસ પી સોઢા અને સુરત શહેરના જે જે હળવદિયા, દ્વારકાના એસ એમ સોલંકી અને કે કે ગોહિલ, વડોદરા શહેરના જે ડી પરમાર, એટીએસના એ એસ ચાવડા, સુરત શહેરના એમ બી વાછાણી, ભરૂચના એસ ડી ફૂલતરીયા, જૂનાગઢના એચ પી ગઢવી, સોરઠ તાલીમ કેન્દ્રના આર ડી પરમાર, ગીર સોમનાથના ડો એ એલ વરચંદ, પંચમહાલના એસ બી ભૂતિયાને રાજકોટ શહેર ખાતે નિમણૂક આપવામાં આવી છે. ઉપરાંત પીટીસી જુનાગઢ ખાતે ફરજ બજાવતા એમ જે પરમાર, સુરેન્દ્રનગરના એચ જી ગોહિલ,પોરબંદરના એમ એલ આહીર, ઈન્ટેલિજન્સના એન એ શુક્લા, આણંદના જી એસ ગઢવી, પીટીસી જૂનાગઢના એચ એમ ધાંધલ, વડોદરા ગ્રામ્યના કે આર સીસોદીયા, અમદાવાદ શહેરના એ એસ પટેલ અને એ એમ દેસાઈ, સુરત શહેરના વાય એમ ગોહિલ, અમદાવાદ ગ્રામ્યના જે આર ઝાલા, સીઆઈડી ક્રાઈમના એફ એમ નાયબને રાજકોટ ગ્રામ્ય પોલીસમાં નિમણૂક આપવામાં આવી છે.

---

# ઉના: રૂ.૮ લાખના ડીઝલના જથ્થા સાથે ત્રણની ધરપકડ

### ૮૮૦૦ લીટર ડીઝલ અને ત્રણ બોલેરો મળી રૂ.૨૫ લાખનો મુદામાલ કબ્જે

**અબતક, ઉના**

નવાબંદર મરીન પોલીસ એ તડ ચેક પોસ્ટ આગળ ત્રણ બોલેરો પિકપ વાન માં લઈ જવાતું ૪૪ બેરલ માં ભરેલ ૮ લાખ૮૦૦ રૂપિયાનું ૮૮૦૦લિટર ડીઝલ ના જથ્થા સાથે ત્રણ લોકો ને અટક કરી કુલ રૂપિયા ૨૫,૦૦,૮૦૦/ નો મુદામાલ કબજે કર્યો છે. બાતમી મળી હતી કે. દીવ તરફ થી ડીઝલ નો જથ્થો આવવાનો હોય. તેથી પી. આઈ. જેબલિયા અને સ્ટાફ એ તડ ચેક પોસ્ટ પર વાહન ચેકીંગ કરતા એક પછી એક ત્રણ બોલેરો પિક અપ વાહન રોકી તપાસ કરતા કુલ ૪૪બેરલ ભરેલ હતા તે તપાસ કરતા તેમાં ડીઝલ નો જથ્થો મળ્યો હતો. આ અંગે બોલરે ચાલક કાસિમ મહંમદભાઈ મન્સુરી રે. દીવ , અબ્બાસ વલીભાઈ વાકોટ રે.



સીમસી તા. ઊના, અશ્વિન વીરાભાઈ વાજા રે. દેલવાડા વાળા પાસે ડીઝલ ની ખરીદી ના કાગળો માગતા તેમજ ક્યાંથી ખરીદી ક્યાં લઈ જતા હતા તેની માહિતી માગત કોઈ કાગળો કે બિલ ના હોય તેમજ સંતોષ કારક જવાબ ન આપતા ત્રણે સામે ગુનો દાખલ કર્યો હતો અને શંકાસ્પદ ડીઝલ ના ૪૪ બેરલ જેમાં અંદાજિત ૮૮૦૦લિટર ડીઝલ જેની કિંમત ૮,૦૦,૮૦૦ અને ત્રણ બોલેરો પિકપ વાન ૧૭ લાખ મળી કુલ રૂપિયા ૨૫,૦૦,૮૦૦/નો મુદામાલ કબજે કરી. અટક કરી તપાસ શરૂ કરી છે.

---

# દામનગરમાં દુકાન પાસે લારી રાખવાની ના પાડતા વેપારીને છરી ઝીંકી: બે ભાઈ સામે નોંધાતો ગુનો

**અબતક**
**હર્ષ ઠાકર, અમરેલી**

દામનગર શહેરમાં લુહાર શેરી વિસ્તારમાં પાનની દુકાન આગળ શાકભાજીની લારી રાખવાની બાબતે થયેલી બોલાચાલી બાદ છરીથી હુમલો કરવાની ઘટના સામે આવી છે. આ બનાવમાં દુકાનદારને હાથના ભાગે સામાન્ય ઈજા પહોંચી છે. ગઈ કાલે સવારે દામનગર શહેરમાં લુહાર શેરીના નાકે આવેલ પાનની દુકાન પર દુકાનદાર હાજર હતા. ત્યારે ઈરફાનભાઈ અબુભાઈ ઘાંચી અને તેનો ભાઈ દુકાન સામે શાકભાજીની લારી આડી રાખીને શાકભાજીનું વેચાણ કરી રહ્યા હતા, તે દરમિયાન દુકાનદાર રાજેશભાઈ મનજીભાઈ મોટાણી (ઉ.વ.૫૩) એ લારી રસ્તામાં નડતી હોવાનું કહી ત્યાંથી હટાવવા કહ્યું હતું. આ બાબતે બંને ઉશ્કેરાઈ ગયા હતા અને દુકાનદારને અપશબ્દો બોલી માથાકૂટ શરૂ કરી હતી. ઝપાઝપી દરમિયાન ઈરફાને શાકભાજીની લારીમાંથી છરી કાઢી દુકાનદાર પર હુમલો કરતા તેમના બંને હાથના ભાગે સામાન્ય ઈજા પહોંચી હોવાની રાજેશભાઈ મોટાણીએ ફરિયાદ આપી છે, તો સામે પણ ઈરફાનભાઈ અબ્દુલભાઈ સૈયદ( ઉ.વ.૩૮)એ દુકાનદારે અપશબ્દો બોલી મારમાર્યાની ફરિયાદ આપી છે, આ અંગે ઈરફાન અંબુભાઈ ઘાંચી અને તેમના ભાઈ અને રાજેશભાઈ વિરુદ્ધ ગુન્હો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

---

# થાન: દારૂના જથ્થા સાથે પ્રકાશ સોલંકી ઝડપાયો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

થાન શહેરી વિસ્તાર સહિત આસપાસના ગામોમાં ઈંગ્લીશ દારૂ અને જુગાર જેવી અસામાજીક પ્રવૃતિઓ વધી રહી છે ત્યારે થાન પોલીસે શહેરી વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધર્યુ હતું જે દરમિયાન મેલડી માતાજીના ઓટા પાસે તળાવની પાળ પાસે બાવળની ઝાડીમાં રેઈડ કરી પ્રકાશભાઈ લાલજીભાઈ સોલંકીને ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે ઝડપી લીધો હતો. જ્યારે સ્થળ પર થી પોલીસે અલગ અલગ બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની નાની બોટલો નંગ ૩૯૩ તથા બિયર ટીન નંગ ૧૬ (ફૂલ ઈંગ્લિશ દારૂ ૭૮.૭૪ લીટર) કિંમત રૂ.૧,૦૪,૭૨૦ નો મુદામાલ



### ઈંગ્લીશ દારૂ અને બીયર સહિત કુલ રૂ.૧.૦૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

કબજે કરી ઝડપાયેલ શખ્સ વિરુદ્ધ થાન પોલીસ મથકે પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

# માંગરોળ પોલીસે સરકારી ઘઉં-ચોખાનો જથ્થો પકડી પાડયો

### સરકારી અનાજ હોવાની શંકા સાથે બે બોલેરો મળી રૂ.૭.૯૦ લાખનો જથ્થો કબજે કર્યો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

માંગરોળ પોલીસે ગઈકાલે સતર્કતા સાથે માંગરોળ - કેશોદ રોડ ઉપર જતા બે બોલેરો રોકી, શંકાસ્પદ અનાજનો લાખો રૂપિયાનો જથ્થો પકડી પાડયો છે, તે સાથે પકડાયેલા આ શંકાસ્પદ અનાજ અંગે મામલતદારને રિપોર્ટ કર્યો છે, અને બીજી બાજુ ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

માંગરોળથી કેશોદ તરફ જતા હતા, ત્યારે શંકાસ્પદ બોલેરો વાહનને રોકી તપાસ કરતા તેમાંથી વિપુલ પ્રમાણમાં ઘઉં તથા ચોખાનો અનાજનો જથ્થો મળી આવ્યો હતો, જે સરકારી અનાજ હોવાની શંકા જતા, પોલીસે ૬૯૩૫ કિલો ચોખા તથા ૧૮૫૫ કિલો ઘઉં મળી કુલ ૮૭૯૦ કિલો અનાજનો જથ્થો જપ્ત કર્યો હતો. આ અનાજ આશરે રૂ. ૧,૮૯,૬૭૦નું મનાઈ રહ્યું છે. હાલમાં પોલીસે શંકાસ્પદ અનાજનો જથ્થો તથા રૂ. ૬,૦૦,૦૦૦ ના બે બોલેરો પિક અપ વાહન મળી કુલ રૂ. ૭,૮૯,૬૭૦ નો મુદામાલ કબજે કરી, કાયદેસર કાર્યવાહી કરી, આ અંગેનો રિપોર્ટ મામલતદારને મોકલવામાં આવ્યો છે, બીજી બાજુ પોલીસ દ્વારા ઝીણવટભરી તપાસ પણ હાથ ધરવામાં આવી છે. માંગરોળ પોલીસની સતર્કતાના કારણે આ અનાજ સરકારી હોવાની શંકા સાથે રૂ. ૧.૯૦ લાખનો કુલ ૮૭૯૦ કિલો ચોખા, ઘઉં સહિતનો



અનાજનો જથ્થો પોલીસે જપ્ત કર્યો છે અને મામલતદાર દ્વારા અનાજની ચકાસણી અને તપાસ બાદ ખરેખર આ અનાજનો જથ્થો સરકારી હોવાનું માલુમ પડશે તો અનાજની હેરાફેરી કરનાર લોકોની સાથે આ ષડયંત્રમાં સંડોવાએલા શખ્સો સામે ગુન્હો નોંધી, કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, તેમ માંગરોળ પીઆઈ દ્વારા જાણવા મળી રહ્યું છે.

---

# ઉનાના નવા બંદર પર કાંઠે લાંગરેલી પડતર હોડીઓમાં આગ: મોટુ નુકસાન

**અબતક, ઉના**

ઊના ના નવાબંદર ગામે રોડ કાઠે દરિયા કિનારે રાખવામાં આવેલી ચાર બોટો માં અચાનક કોઈ કારણ સર આગ લાગી હતી. અને જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગ ની જ્વાળા નીકળતા લોકો મા અફરા તફરી મચી ગઈ હતી ભય નો માહોલ જોવા મળ્યો હતો. લોકો એ ઊના નગર પાલિકા ને જાણ કરતા ઊના નગર પાલિકા ના ફાયર વિભાગે ફાયર ફાઈટર સ્ટાફ સાથે મોકલી આપતા તુરંત પહોંચી ગઈ હતી કલાકો સુધી પાણી નો મારો ચલાવી આગ કાબુ માં લીધી હતી. જાણવા મળતી વિગતો મુજબ આજે સવારે રામ જન્મ ઉત્સવ નિમિતે શોભા યાત્રા



નીકળી હતી. અને ફટાકડા પણ ફોડવામાં આવેલ હતા કદાચ ફડકડા નો તણખો ઉડી બોટ માં પડિયો હોય પવન પણ હોય આગ લાગી હશે. આ તમામ બોટ પડતર હાલત માં હતી. તેમ ગામના આગેવાને જણાવ્યું હતું.આ અંગે નવાબંદર મરીન પોલીસ એ પણ આગ લાગવાનું કારણ શોધી રહી છે. બોટ બળી જતાં મોટું નુકશાન થયું છે. પરંતુ કોઈ જાન હાનિ ન થઈ તેથી લોકો એ રાહત નો શ્વાસ લીધો હતો.

---

# ઈન્ટિફાય સોલાર કંપનીએ અનેકને છેતર્યા: પાટણવાવના આધેડ સાથે રૂ.૧.૦૬ લાખની ઠગાઈ

### આધેડ સાથે સતત વાતચીત કરી વિશ્વાસ કેળવી લોન લેવડાવી રકમ ટ્રાન્સફર કરાવી લીધી: ચોથો ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

ઈન્ટીફાય સોલાર કંપનીના સંચાલકો અને કર્મચારીઓ દ્વારા સોલાર પેનલ ફિટ કરી નાખવાના નામે અનેક લોકો સાથે ઠગાઈ આચરી લેવાયાના બનાવો સામે આવી રહ્યા છે. અગાઉ પડધરી, ગોંડલ અને ભાયાવદરના અરજદારોએ કંપની વિરુદ્ધ આર્થિક ઠગાઈની ફરીયાદ નોંધાવ્યા બાદ હવે પાટણવાવના આધેડ સાથે ઈન્ટીફાય સોલાર કંપની દ્વારા રૂ. ૧.૦૬ લાખની છેતરપિંડીની આચરી લેવાતા વધુ એક ગુનો નોંધાયો છે. બનાવ અંગે ધોરાજીના પાટણવાવમાં તાલુકા શાળા નજીક રહેતા ૫૦ વર્ષીય આધેડ ખેડૂત દિપકભાઈ નારણભાઈ ઠુમરે આરોપી તરીકે ઈન્ટીફાય સોલાર પ્રા.લિ.ના સર્વેયર, કર્મચારી જયદીપભાઈનું નામ આપતાં જણાવ્યું હતું કે, એકાદ વર્ષ પહેલા મારે ઘરે સોલાર પેનલ ફીટ કરવી હતી. તેથી મારા ગામના મારા મિત્ર રાહુલભાઈ મોહનભાઈ રાણવા મારા ઘરે ઈન્ટીફાય સોલાર પ્રાઈવેટ લીમીટેડ કંપનીના કોઈ અજાણ્યા માણસને લઈને સર્વે કરવા આવેલ હતા. સર્વે કર્યાના એક અઠવાડિયા પછી મને મારા મો. નં. ૯૮૯૮૯૧૩૧૪૮ પર ઈન્ટીફાય સોલાર પ્રાઈવેટ લીમીટેડ કંપનીના કર્મચારી જયદિપભાઈનો મોબાઈલ નંબર ૭૬૨૪૦૦૯૬૦૮ પરથી ફોન આવેલ હતો. તેમણે જણાવેલ કે, તમારે સોલાર પેનલ લેવી હોય તો અમારી ઈન્ટીફાય સોલાર પ્રાઈવેટ લીમીટેડ કંપની તમને દોઢ થી બે મહીનામાં સોલાર પેનલ ફીટ કરી આપશે. અમે એસ.બી.આઈ. બેંકમાં લોન પણ કરાવી આપશુ. બાદ જયદિપભાઈ મને દર બે-ત્રણ દિવસે ફોન કરતા હતા. તેમણે બે-ત્રણ મહીના સુધી મારી સાથે વાત કરી વિશ્વાસ અપાવેલ હતો.

બાદ જયદિપભાઈએ મને જણાવેલ કે, ઈન્ટીફાય સોલાર પ્રાઈવેટ લીમીટેડ કંપનીની સોલાર પેનલ ફીટ કરવા માટે તમારા આધાર પુરાવા આપો તો હું તમને એસ.બી.આઈ. બેન્કમાથી લોન પાસ કરાવી દઈશ. જેથી મેં વોટસઅપથી તા. ૦૨/૧૦/૨૦૨૫ ના રોજ મારું આધાર કાર્ડ, પાનકાર્ડ, બેન્કની પાસબુક તથા લાઈટ બીલ સહિતના ડોક્યુમેન્ટ મોકલેલ હતા. ત્યારબાદ જયદિપભાઈએ તા.૧૧/૧૦/૨૦૨૫ ના રોજ મને સોલાર પેનલનું રૂ. ૧.૪૫ લાખનું કોટેશન આપેલ હતુ. બાદ તા.૧૫/૧૦/૨૦૨૫ ના રોજ હુ પાટણવાવ એસ.બી.આઈ. બેન્કે રૂબરૂ ગયેલ અને મેનેજર સાથે જયદિપભાઈને વાતચીત કરાવી હતી. જયા મારી લોન મંજુર થતાં તે જ દિવસે લોનના રૂ. ૯૦ હજાર જયદીપભાઈએ જણાવેલ ઈન્ટીફાય સોલાર પ્રા.લિ. ના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરેલ હતા. તેમજ ડાઉન પેમેન્ટ તરીકે મારા બીજા એસ. બી. આઈ. બેન્ક એકાઉન્ટમાથી રૂ.૧૬ ,૧૮૧ પણ ઈન્ટીફાય સોલાર પ્રાઈવેટ લીમીટેડ કંપનીના એકાઉન્ટમા જમા કરાવેલ હતા. ત્યારબાદ જયદીપભાઈએ કહેલ ક ત્રણ મહિનામાં કે વધુમાં વધુ ૧૦૫ દિવસમાં સોલાર પેનલ તમારા ઘરે અમારી કંપની નાખી જશે અને હવે તમારે જે કામ હોય એ બાબતે અમારી કંપનીના હેલ્પલાઈન નંબર ૧૮૦૦૩૦૯૧૦૧૨ પર જ વાત કરવાની રહેશે. જેથી હું દર આઠ-દસ દિવસે હેલ્પ લાઈન નંબર ૧૮૦૦૩૦૯૧૦૧૨ પર અને જયદિપભાઈના મોબાઈલ નંબર પર કોલ કરી પૂછતો હતો. ત્યારે તેઓ થોડા સમયમાં પેનલ ફિટ થઈ જશે તેવું આશ્વાસન આપતા હતા. દરમિયાન મને સોશિયલ મીડિયા મારફતે જાણવા મળેલ કે, ઈન્ટીફાય સોલાર પ્રાઈવેટ લીમીટેડ કંપનીએ ઘણા લોકો સાથે આ રીતે છેતરપીંડી કરેલ છે જેથી આધેડ ખેડૂતે પણ પાટણવાવ પોલિસ મથકે દોડી જઈ રૂ. ૧,૦૬,૧૮૧ ની ઠગાઈ અંગે ફરીયાદ નોંધાવી હતી.

ઉલ્લેખનીય છે કે, અગાઉ પડધરી અને ગોંડલના વૃદ્ધે ફરિયાદ નોંધાવ્યા બાદ ગઈકાલે ભાયાવદરના વૃધે સોલાર પેનલ ફિટ કરી દેવાના બહાને ઈન્ટીફાય સોલાર પ્રા.લિ. કંપની દ્વારા રૂ. ૧.૧૯ લાખ મેળવી લઈ ઠગાઈ આચરી લેવાયાની ફરીયાદ નોંધાવી હતી. જે બાદ કંપની વિરુદ્ધ હવે ચોથો ગુનો નોંધાયો છે.

---

# રાજુલાના ખાખબાઈ ગામે ભેખડ ધસીને માથે પડતા ખેડૂતનું મોત

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

રાજુલા તાલુકાના ખાખબાઈ ગામે દુર્ભાગ્યપૂર્ણ અકસ્માતમાં એક ખેડૂતનું મોત થયાની ઘટના સામે આવી છે.ખાખબાઈ ગામના પ્લોટ વિસ્તારથી નદી તરફ જવાના રસ્તા પર આવેલા સ્મશાન નજીક આ ઘટના બની હતી. રાજુલાના ખાખબાઈ ગામે રહેતા મૃતક ખેડૂત રમેશભાઈ દેવદાનભાઈ સાંખટ (ઉ.વ.૪૫) સ્મશાન પાસે નદી તરફ જવાના રસ્તા નજીક લઘુશંકા કરવા ઉભા હતા ત્યારે અચાનક માટીની મોટી ભેખડ ધસી પડતાં તેઓ નીચે દબાઈ ગયા હતા. ઘટનામાં ગંભીર ઈજા થતા તેમનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે તેમના દીકરા ગૌતમભાઈ રમેશભાઈ સાંખટ (ઉ.વ.૨૧)એ જાણ કરતા ઘટના સ્થળે પોલીસ પહોંચી તપાસ શરૂ કરી હતી.

---

# ધ્રાંગધ્રા નજીક કારની ટક્કરે એક્ટિવા ચાલક ઈજાગ્રસ્ત

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

હળવદ-ધ્રાંગધ્રા હાઈવે પર આવેલ પટેલ કોટન જીન નજીક એક માર્ગ અકસ્માત સર્જાયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, ફોરવીલ કાર (રજી. નંબર ૠઉં ૧૩ અખ ૧૯૯૪)ના ચાલકે પાછળથી એક્ટીવા ચાલકને જોરદાર ટક્કર મારી હતી આ અકસ્માતમાં એક્ટીવા ચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. ઘટનાની જાણ થતા જ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી અને ઈજાગ્રસ્તને પ્રાથમિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યારબાદ વધુ સારવાર માટે તેને સુરેન્દ્રનગર હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો છે આ બનાવ અંગે તાલુકા પોલીસે નોંધ લઈને વધુ તપાસ હાથ ધરી છે અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા માટે પોલીસ દ્વારા તપાસ ચાલુ રાખવામાં આવી રહી છે.

# મોરબીમાં દૂષીત પેયજળની સમસ્યા ઉકેલવા મનપાની ટીમ દ્વારા પંપીગ સ્ટેશનો પર ક્લોરીનેશન કરાયું

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી મહાનગરપાલિકા હદમાં લખધીરવાસ, વજેપર, વસંત પ્લોટ, વાઘપરા સહિતના વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી ખરાબ પાણીની ફરિયાદો મળી રહી હતી. આ મુદ્દાને ગંભીરતાથી લઈને મહાનગરપાલિકાએ અલગ અલગ ટીમો બનાવી વિસ્તારોમાં સર્વે કરીને યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી છે. આ કામગીરી અંતર્ગત અનેક સોસાયટીઓમાં પાણીની સમસ્યાનું નિરાકરણ કરવામાં આવ્યું છે, જ્યારે બાકી વિસ્તારોમાં કામ ઝડપથી પૂર્ણ કરવાની પ્રક્રિયા ચાલુ છે. સાથે જ પમ્પિંગ સ્ટેશન પર ક્લોરીન ડોઝિંગ સિસ્ટમનું કામ પૂર્ણ કરવામાં આવતા હવે નાગરિકોને શુદ્ધ અને પીવા લાયક પાણી પૂરું પાડવાનું સુનિશ્ચિત બનશે. મહાનગરપાલિકાએ ટૂંક સમયમાં તમામ વિસ્તારોમાં સ્વચ્છ પાણી પહોંચાડવાની ખાતરી સાથે નાગરિકોને સહકાર આપવા અપીલ કરી છે.

# વાંકાનેરમાં બીમારીથી કંટાળી મહિલાએ ગળેફાસો ખાઈ જીવન ટૂંકાવ્યું

**અબતક, ઋષી મહેતા, મોરબી**

વાંકાનેરમાં છેલ્લા ત્રણ વર્ષથી માનસિક બીમારીથી પીડિત ૩૮ વર્ષીય મહિલાએ ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી લેતા પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. બનાવ મામલે વાંકાનેર સીટી પોલીસે અ.મોતની નોંધ કરી તપાસ હાથ ધરી છે.

વાંકાનેર શહેરના કુંભારપરા શેરી નં. ૬ માં રહેતા સાલુબેન ઉર્ફે સાલીની દીપકભાઈ મંછારામભાઈ દુધરેજીયા ઉવ.૩૮એ માનસિક બીમારીના કારણે કંટાળી જઈ પોતાના ઘરના બીજા માળે રૂમમાં પંખા સાથે ચુદળી બાંધી ગળેફાસો ખાઈ જીવનનો અંત આણ્યો હતો. મૃતક સાલુબેનને છેલ્લા ત્રણ વર્ષથી માનસિક તકલીફ હતી અને તેની સારવાર પણ ચાલુ હતી. બનાવ અંગે પોલીસે પ્રાથમિક વિગતો મેળવી અ.મો દાખલ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં ભગવાન રામ નિકળ્યા નગરચર્યાએ




**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીમાં રામનવીમીની ભવ્ય શોભાયાત્રાના રૂપમાં ભગવાન રામની નગરયાત્રાથક્ષ નગર રામમય બન્યું હતુ.

મોરબીમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ રામનવમીના પાવન પર્વ નિમિત્તે સમગ્ર હિન્દુ સમાજ અને વિવિધ સંગઠનો દ્વારા ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૨૬ માર્ચ ૨૦૨૬ ના રોજ સર્કિટ હાઉસથી પ્રભુ શ્રીરામની દિવ્ય શોભાયાત્રાનો પ્રારંભ થયો હતો, જે શહેરના વિવિધ વિસ્તારોમાં પરિભ્રમણ કર્યું હતું. આ શોભાયાત્રામાં ૧૫થી વધુ શાળાઓના આકર્ષક ફ્લોટ્સ, બગી અને શણગારેલા વાહનો સાથે હજારો રામભક્તો ઉત્સાહભેર જોડાયા હતા. બાળકો શિવ, રામ અને કૃષ્ણ જેવા પૌરાણિક પાત્રોની વેશભૂષામાં સજ્જ થઈને શોભાયાત્રામાં ભાગ લીધો હતો. જે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

શોભાયાત્રા સર્કિટ હાઉસથી શરૂ થઈ મહારાણા પ્રતાપ સર્કલ, નવો પુલ, વી.સી. ફાટક, ત્રિકોણ બાગ, નવા ડેલા રોડ, જુના બસ સ્ટેન્ડ, રામ ચોક, નવા બસ સ્ટેન્ડ, બાપા સીતારામ ચોક, સીતા ચોક, રવાપર રોડ, ચકિયા હનુમાન, શાક માર્કેટ, નેહરુ ગેટ થઈ દરબારગઢ પહોંચી હતી.

ત્યારે શહેરના મુખ્ય માર્ગો ઉપર ૩૦થી વધુ સ્થળોએ શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જ્યારે નવા બસ સ્ટેન્ડ અને નગર દરવાજા ચોક ખાતે વિશેષ આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. અને છેલ્લે રાત્રે ૧૨ વાગ્યે દરબારગઢ સ્થિત રામ મહેલ મંદિર ખાતે મહાઆરતી સાથે શોભાયાત્રાનું સમાપન કરવામાં આવ્યું હતું. ત્યારે સમગ્ર મોરબી શહેર રામભકિતમાં તરબોળ બની ગયું હતું.

# ટંકારામાં ભક્તોએ રામલલ્લાને હૈયાના હેતથી ઝુલાવ્યા: ભવ્ય શોભાયાત્રા નીકળી



ટંકારા શહેર સમસ્ત હિન્દુ સમાજના નેજા હેઠળ ઉત્સવ સમિતિ સમિતી દ્વારા રામનવમીના દિવસે સવારે ૯:૦૦ વાગ્યે ફુલિયા હનુમાનજી મંદિરથી ભવ્ય શોભાયાત્રા પ્રારંભ થઈ હતી. મોચી બજાર ખાતે ચામુંડા માતાજી મઢે નંદલાલભાઈ પરમારે ગુલ્ફી ખવડાવી હતી. ત્રણ હાટડી ખાતે નવદુર્ગા મંડળે ઠંડી છાસ પિવડાવવામાં આવી હતી. ઉગમણા નાકે બાબા સાહેબ આંબેડકર યુવા ગ્રુપે ઠંડા પાણીની બોટલો વહેંચી હતી, જ્યારે શ્રી લક્ષ્મીનારાયણ મંદિરે સલામતી ધર્મેન્દ્ર પટેલે આઈસ્ક્રીમ ખવડાવી હતી. મંદિર પરિસરમાં રામલલ્લાને પારણે ઝુલાવી બધાઈ આપવામાં આવી હતી. આ અવસરે અવધના આનંદથી આખું વાતાવરણ ગુંજી ઊઠ્યું હતું. અંતે દહી પંજરી નો પ્રસાદ લઈ મહોત્સવની ઉજવણી કરવામાં આવી.

# વાંકાનેર સરકારી શાળાની ૧૭૫ દીકરીઓએ વિધાનસભાની કાર્યવાહી રૂબરૂ નિહાળી

## ધારાસભ્ય જીતુભાઈ સોમાણીએ દીકરીઓને વિધાનસભા અને આગેવાનોની કરાલી મુલાકાત




**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર સરકારી શાળાની ૧૭૫ દિકરીઓએ વિધાનસભાની કાર્યવાહી રુબરુ નીહાળવાનો અવસર મળ્યો હતો.

વાંકાનેર તાલુકાના વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયક પહેલરુપ બની રહે તેવા કાર્યક્રમ અંતર્ગત તા. ૨૪ માર્ચ ૨૦૨૬ મંગળવારના રોજ વાંકાનેર ગર્લ્સ હાઈસ્કુલ તથા કન્યા શાળા નં.૪ ની કુલ ૧૭૫ દિકરીઓ માટે ગાંધીનગર પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શૈક્ષણીક પ્રવાસનું નેતૃત્વ વાંકાનેરના ધારાસભ્ય જીતુભાઈ સોમાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

પ્રવાસ દરમિયાન દીકરીઓને ગુજરાત વિધાનસભાની મુલાકાત કરાવવામાં આવી, જ્યાં લોકશાહી પ્રણાલી, વિધાનસભાની ગૌરવભર પરંપરા અને જાહેર જીવનના મૂલ્યો વિશે વિગતવાર માહીતી આપવામાં આવી. વિદ્યાર્થીઓએ વિધાનસભાની કાર્ય પ્રણાલી નજીકથી નિહાળી અને લોકતંત્રના મહત્વને સમજવાનો અવસર મેળવ્યો હતો.

આ મુલાકાત દરમિયાન દીકરીઓને રાજયના અગ્રણીઓ જીતુભાઈ વાઘાણી, રિવાબા જાડેજા, પ્રવીણભાઈ માળી, કમલેશભાઈ પટેલ તથા સંજયસિંહ મહિડા સાથે વિદ્યાર્થીઓએ સંવાદ કરી પ્રેરણા મેળવી હતી.

વિદ્યાર્થીઓની પ્રવાસને વધુ યાદગાર બનાવવા અક્ષર ધામ મંદિર તથા ઈન્દ્રોડા નેચર પાર્કની મુલાકાત કરી હતી.

આ પહેલ દ્વારા દીકરીઓમાં લોકશાહી પ્રત્યે જાગૃતિ અને જાહેર જીવન પ્રત્યે રસ વિકસાવવાનો પ્રયાસ સફળ બન્યો હોવાનું જણાઈ આવ્યું છે.

# મોરબી: ડ્રેનેજ વોટર લાઇનની કામગીરી સબબ સુપર ટોકીઝથી જડેશ્વર મંદિર સુધી રસ્તા બંધ કરાયા

## આજથી ૩૦ એપ્રિલ સુધી મહેન્દ્ર પરાના રસ્તે ડાયવઝન શરૂ કરાયું

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા ડ્રેનેજ અને સ્ટ્રોમ વોટર લાઈન કામગીરી માટે ૨૭ માર્ચથી ૨૦ એપ્રિલ સુધી શહેરના કેટલાક મુખ્ય માર્ગો બંધ રહેશે. જેથી જનતાને વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા અપીલ કરાઈ છે.

મોરબી મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ શહેરમાં વિકાસના કામો ઝડપી ગતિએ આગળ વધી રહ્યા છે.

મુખ્ય માર્ગોના નિર્માણ બાદ હવે મહાનગરપાલિકા હદ વિસ્તારમાં ડ્રેનેજ તેમજ સ્ટ્રોમ વોટર લાઈન બિછાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરીને કારણે તા.૨૭/૦૩ થી ૨૦/૦૪ સુધી સુપર ટોકીઝથી રેલવે સ્ટેશન રોડ, ગાયત્રી મોબાઈલથી ચિત્રકૂટ સિનેમા રોડ તેમજ માધાપરથી જડેશ્વર મંદિર રોડ વાહન વ્યવહાર માટે બંધ રહેશે. મહાનગરપાલિકાએ નાગરિકોને વૈકલ્પિક માર્ગ તરીકે આસ્વાદ પાનથી મહેન્દ્રપરા મેઈન રોડ, સુભાષ રોડથી મંગલ ભુવન રોડ અને નવલખી રોડનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો છે.

# મોરબીમાં મુસ્કાન વેલ્ફેર સોસાયટીએ ટીબીના પાંચ દર્દીઓને દતક લીધા

## વિશ્વ ટીબી દિવસની અનોખી ઉજવણી, દર્દીઓને પૌષ્ટીક આહાર કિટનું વિતરણ



**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીમાં વિશ્વ ટીબી દિવસ નિમિત્તે મુસ્કાન વેલ્ફેર સોસાયટી દ્વારા સતત ચોથા વર્ષે ૫ ટીબી દર્દીઓને દત્તક લઈ પૌષ્ટિક આહાર કિટ આપવાની સેવા હાથ ધરાઈ. દર્દીઓના આરોગ્ય સુધારવા આ પહેલ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

મોરબીમાં તા.૨૪ માર્ચના રોજ વિશ્વ ટીબી દિવસ નિમિત્તે મુસ્કાન વેલ્ફેર સોસાયટી દ્વારા સંસ્થાએ સતત ચોથા વર્ષે ૫ ટીબી દર્દીઓને એક વર્ષ માટે દત્તક લીધા છે. આ દર્દીઓને પૌષ્ટિક આહાર કિટ આપવામાં આવી છે, જેથી તેઓ ઝડપથી સ્વસ્થ થઈ શકે. આ પહેલનો મુખ્ય હેતુ ટીબી જેવી ગંભીર બીમારી સામે લડી રહેલા દર્દીઓને પોષણ અને સહાય પૂરી પાડી તેમની સારવારમાં મદદરૂપ થવાનો છે.

આ કાર્યક્રમમાં ટીબી હોસ્પિટલના ડિસ્ટ્રિક્ટ પ્રોગ્રામ કોઓર્ડિનેટર પિયુષભાઈ જોશીનો સહકાર નોંધપાત્ર રહ્યો હતો. મોરબી જીલ્લામાં અંદાજે ૮૫૦ જેટલા ટીબીના દર્દીઓ હોવાનું અનુમાન છે, જે ચિંતાજનક સ્થિતિ દર્શાવે છે.

મુસ્કાન વેલ્ફેર સોસાયટીએ વધુ લોકોને આ સેવાકીય કાર્યમાં જોડાવા અનુરોધ કરાયો છે અને દર્દીઓ વહેલી તકે સ્વસ્થ થઈ સામાન્ય જીવન તરફ પરત ફરે તેવા પ્રયાસો હાથ ધરાયા છે.

# મોરબી: સગીરા પર દુષ્કર્મ

## શ્રમિક પરિવારની ૧૫ વર્ષીય કિશોરીનું અપહરણ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી તાલુકાના બે અલગ અલગ ગ્રામ્યમાં સગીર વયની દીકરીના અપહરણ અને બીજા કેસમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાતા પોલીસે બન્ને બનાવ અંગે ગુનો નોંધી આરોપીઓની અટક કરવા તપાસની તજવીજ શરૂ કરી છે.

મોરબી તાલુકાના ગામમાં ખેત શ્રમિક પરિવારની સગીરાને લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે આરોપી સુરેશભાઈ ખલીયાભાઈ નાયકા (રહે. મૂળ છોટાઉદેપુર જીલ્લાના ઉદવડેસીયા ગામ જેતપુર પાલી હાલ લક્ષ્મીનગરબતા.જી.મોરબી) વાળાએ ગત તા.૩/૩/૨૦૨૩ થી ૭/૩/૨૦૨૩ સુધી અલગ અલગ સ્થળે લઈ જઈ સગીરાની ઈચ્છા વિરુદ્ધ દુષ્કર્મ આચર્યુ હતું. બનાવની ફરિયાદને આધારે તાલુકા પોલીસે ઉપરોક્ત આરોપી વિરુદ્ધ ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જયારે બીજા બનાવની મળતી માહિતી અનુસાર, મૂળ મધ્યપ્રદેશના વતની હાલ મોરબી તાલુકાના ગ્રામ્યમાં રહેતા ખેત શ્રમિક પરિવારની માત્ર ૧૫ વર્ષીય દીકરીનું કોઈ અજાણ્યો ઈસમ ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરીને લઈ ગયાનું સામે આવ્યું છે, ત્યારે પીડિતાના પરિવારજનોની ફરિયાદને આધારે તાલુકા પોલીસે આરોપી અજાણ્યા ઈસમ વિરુદ્ધ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી: રહેણાંકમાંથી ઈંગ્લીશ દારૂની ૩૧૨ બોટલ સાથે જીતેન્દ્ર ઉર્ફે જીતુ નિશાદ પકડાયો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીના સામાકાંઠા વિસ્તારમાં શોભેશ્વર રોડ ઉપર મફતીયાપરામાં પૂર્વ બાતમીને આધારે બી ડિવિઝન પોલીસે રેઈડ કરી હતી, જ્યાં રહેણાંકમાંથી ઈંગ્લીશ દારૂની અલગ બ્રાન્ડ અને ક્ષમતાની ૩૧૨ નંગ બોટલ મળી આવતા આરોપી મકાન-માલીકની અટકાયત કરવામાં આવી હતી.

મળતી વિગતો મુજબ, બી ડિવિઝન પોલીસ ટીમને બાતમી મળી કે, શોભેશ્વર રોડ ઉપર મફતીયાપરામાં જીતેન્દ્ર ઉર્ફે જીતુ નિશાદ પોતાના રહેણાંકમાં વિદેશી દારૂનો જથ્થો રાખી તેનું ખાનગી ગેરકાયદેસર વેચાણ કરે છે, જેથી તાત્કાલિક પોલીસે ઉપરોક્ત રહેણાંક મકાનમાં રેઈડ કરતા, જ્યાંથી ઈંગ્લીશ દારૂની વિવિધ બ્રાન્ડ અને માપ સાઈઝની ૩૧૨ નંગ બોટલ કિ.રૂ. ૩૭,૯૨૦/- મળી આવી હતી. આથી આરોપી જીતેન્દ્રભાઈ ઉર્ફે જીતુ વસુદેવભાઈ નિશાદ ઉવ.૨૨ ની ધરપકડ કરવામાં આવી હતી. પકડાયેલ આરોપીની સઘન પૂછપરછમાં આ વિદેશી દારૂનો જથ્થો આરોપી આબિદ હસનભાઈ ભટ્ટી રહે. મોરબી વાળો આપી ગયો હોવાની કબૂલાત આપી હતી.

# સુરેન્દ્રનગર: સોશિયલ મીડિયામાં ફોટો અપલોડ કરનાર ચોટીલાનો શખ્સ ઝડપાયો

## અંદાજે ૯ વર્ષ પહેલા મિત્રના હથિયાર સાથે ફોટો પડાવ્યો'તો



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર એસઓજી પોલીસ દ્વારા સોશિયલ મીડિયામાં હથિયારો સાથે ફોટો, વિડીયો અને રીલ અપલોડ કરનાર શખ્સો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે ત્યારે વધુ એક શખ્સને હથિયાર સાથે સોશિયલ મીડિયામાં ફોટો અપલોડ કરવા બદલ ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગર એસઓજી પોલીસને સોશિયલ મીડિયામાં હથિયાર સાથે ફોટો અપલોડ કર્યો હોવાનું સામે આવતા વધુ તપાસ હાથ ધરી હતી. જેમાં ચોટીલા શહેરી વિસ્તારમાં રહેતા શખ્સ ધરમશીભાઈ વાઘાભાઈ બોસ્તરને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને ઝડપાયેલ શખ્સની વધુ પૂરછપરછ દરમિયાન અંદાજે ૦૯ વર્ષ પહેલા વાસુભાઈ ભીખાભાઈ આલ, રહે.પાંચવડા, તા.ચોટીલા વાળાના હથિયાર સાથે ફોટો અપલોડ કર્યો હોવાની કબુલાત કરી હતી. આથી એસઓજી પોલીસે ઝડપાયેલ શખ્સ સહિત બે શખ્સો સામે હથિયાર ધારા હેઠળ ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં પૈસાની લેતીદેતી મામલે વેપારી બંધુને ફોન પર ધમકી

## અગાઉ અપહરણ અને મારઝુડના કેસમાં સંડોવાયેલા આરોપીએ ફરી લખણ ઝળકાવ્યા

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી તાલુકાના રંગપર તથા પાવડીયાળી ગામે અલગ અલગ મોબાઈલની દુકાન ધરાવતા ભાઈઓને પૈસાની ઉઘરાણી માટે ફોન ઉપર ધમકી આપવામાં આવતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

મોરબી શહેરના સામાકાંઠે રવિનગર સોસાયટી ત્રાજપર ખાતે રહેતા અને રંગપર ગામની સીમમાં સચીયાર કોમ્યુનિકેશન નામની મોબાઈલ દુકાન ચલાવતા અમરતસિંહ ભુરો ઉર્ફે ભુરજી સોઢા ઉવ.૨૫એ તાલુકા પોલીસ મથકમાં આરોપી ભગીરથભાઈ રતિલાલ ઠોરીયા રહે. બગથળા તા.જી.મોરબી વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, તેમને અને તેમના ભાઈ સરદારસિંહને ફોન દ્વારા ધમકી આપવામાં આવી રહી છે. જેમાં પોતે ભગી હોવાનું કહી પૈસાની માંગણી કરવામાં આવી હતી અને ધંધો બંધ કરાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. ત્યારે આ જ આરોપી ભગીરથભાઈએ અગાઉ પણ તેમના મોટાભાઈ સરદારસિંહને ફોન કરીને 'પૈસાનું શુ ?' તેમજ બોલાવીએ ત્યારે હાજર રહેવું પડશે જેવી ધમકીઓ આપી હતી.

સમગ્ર બનાવ મામલે ફરિયાદીના મોટાભાઈ સાથે પૈસાની લેતીદેતી મામલે ફરિયાદીનું ડિસેમ્બર ૨૦૨૫માં પણ આરોપીએ તેમનું અપહરણ કરી મારઝુડ કરી હતી,

# નયારા એનર્જીના ૭૦૦૦ પંપ પર ઈંધણની કોઈ જ અછત નથી

## ઓઈલ સપ્લાય માં આવેલા વિક્ષેપની કટોકટી વચ્ચે પણ નયારા રિફાઈનરી દ્વારા ચોકસાઈથી કરવામાં આવતા સંચાલનથી ઈંધણની કોઈ અછત નહીં સર્જાય




**અબતક રાજકોટ**

અમેરિકા ઈઝરાયેલ ઈરાન યુધ્ધ વચ્ચે વૈશ્વિક ધોરણે ક્રૂડ ઓઈલ સપ્લાય માં આવેલા વિક્ષેપથી ઈંધણની પુરવઠા સામે માંગ પરિસ્થિતિ જાળવવા મોટો પડકાર ઉભો થયો છે, ત્યારે નયારા એનર્જી ના દેશભરના ૭૦૦૦ થી વધુ રિટેલ આઉટલેટ પેટ્રોલ પંપ નેટવર્કમાં ઈંધણની કોઈ અછત નથી અને રાબેતા મુજબ વિતરણ વ્યવસ્થા ચાલે છે..

નયારા એનર્જી દ્વારા સત્તાવાર રીતે ગ્રાહકોને હૈયે ધરપત આપીને જણાવ્યું છે કે કંપની ગ્રાહકોને એ વાત ખાતરી આપે છે કે નયારા એનર્જી દ્વારા નો સતત પુરવઠો જાળવી રાખવા માટે સજ છે ,અને ગ્રાહકોની જરૂરિયાતો પૂરી કરવા પર સંપૂર્ણપણે કંપનીએ ધ્યાન કેન્દ્રિત કર્યું છે દેશના ૭૦૦૦ થી વધુ રિટેલ નેટવર્ક ધરાવતા પેટ્રોલ પંપ પર રાબેતા મુજબની કામગીરી ચાલુ છે. તમામ આઉટલેટ સર્વિસમાં કોઈ પણ પ્રકારનો વિક્ષેપ નથી

નયારા એનર્જી ની રિફાઈનરીના ટન ઓવર નું પણ કાળજીપૂર્વક આયોજન બાદ સંચાલન કરવામાં આવે છે, અને આ સમયગાળા દરમિયાન ઈંધણ ની જરૂરિયાત અને પુરવઠામાં કોઈ અછત ન પડે તે માટે કંપનીએ વ્યવસ્થિત રીતે આયોજન કર્યું છે

નયારા એનર્જી રાષ્ટ્રની ઉર્જા જરૂરિયાત પૂરી કરવા માટે પ્રતિબધ છે અને કંપની ગ્રાહકો માટે કાર્યકારી સ્થિરતા અને અવિરત સેવા જળવાઈ રહે તે માટે પ્રતિબધ હોવાનું જણાવ્યું હતું.

# કોટડાસાંગાણીમાં મોટરસાયકલના હુકમાં લટકાવેલો રૂ. ૯૮ હજારની રોકડ ભરેલો થેલો ચોરાયો

## સીસીટીવી ફૂટેજમાં સગીર તસ્કર નોટરીનો થેલો ઉઠાવી ગયાનું ધ્યાને આવ્યું : ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

કોટડાસાંગાણીમાં મોટરસાયકલના હુકમાં રૂ. ૯૮ હજારની રોકડ ભરેલો થેલો લટકાવી ઘરમાં જતાં જ નોટરીનો રોકડ ભરેલો થેલો ગણતરીની મિનિટોમાં ચોરાઈ ગયો હતો. ઘર બહારથી જ રોકડ ભરેલો થેલો ઉઠાવી જવા મામલે નોટરીએ સીસીટીવી ચકાસતા સગીર તસ્કર કળા કરી ગયાનું ધ્યાને આવતા કોટડાસાંગાણી પોલિસ મથકે સગીર તસ્કર વિરુદ્ધ ગુનો નોંધાયો હતો.

મામલામાં કોટડાસાંગાણીની જૂની પોસ્ટ ઓફિસ નજીક રહેતા ૪૮ વર્ષીય પ્રૌઢ કાદીરબક્ષ જાનમહોમ્મદભાઈ બ્લોચએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું ગોંડલ જુની કોર્ટના ઝાપા પાસે મારૂતી ઝેરોક્ષ નામની નોટરી તથા ઝેરોક્ષની દુકાન ચલાવવુ છુ. જેમા ઝેરોક્ષ તથા નોટરીનુ કામ કરૂ છુ. મારે બે પત્નીઓ છે. જેમા પહેલા પત્ની સબાનાબેન બ્લોચ જે કોટડાસાંગાણી જુની પોસ્ટ ઓફીસ પાસે આવેલ મારા ઘરે અમારા ત્રણ સંતાનો સાથે રહે છે અને બીજી પત્ની ઝાહિદાબેન બ્લોચ જે ગોંડલ મોવિયા રોડ પર વિનાયક પાર્ક ખાતે આવેલ મારા અન્ય મકાનમા એક દિકરા આમીર સાથે રહે છે.

નોટરીએ જણાવ્યું હતુ કે, ગત તા.૨૬-૦૩-૨૦૨૬ ના રોજ સવારના આશરે અગ્યાર વાગ્યે હુ મારા ઘર વખરીના સામાનની ખરીદી કરી કોટડા ગામની બજારમાથી ઘરે પરત આવેલ હતો. ત્યારે મે મારા હોન્ડા સાઈન મોટરસાયકલ જેના રજી નં. જીજે-૦૩-એનઈ-૮૧૯૨ ઘરની બહાર પાર્ક કરી ઘરમાં અંદર જતો રહેલ હતો. ત્યારે મારો કોફી કલરનુ લેધરનો થેલો જેમા મારા જરૂરી કાગળો તથા ૯૮ હજાર રોકડા હતા તે થેલો મે મારા મોટરસાઈકલના ડાબી બાજુના લોખંડના હુકમા લટકાડેલ હતો. આશરે પંદર-વિશ મિનીટ બાદ હુ મારા ઘરની બહાર આવી મારૂ મોટરસાઈકલ જોતા થેલો મળી આવેલ ન હતો. જેથી મેં મારા પત્ની સબાનાબેનને થેલા બાબતે પૂછતાં તેને આ બાબતે કંઈ ખબર નહિ હોવાનું જણાવ્યું હતું.

જેથી ફરિયાદીએ તેમના ઘરની બાજુમા આવેલ કંદોઈની દુકાનના સી.સી.ટી.વી કેમેરા ચેક કરતા એક સોળ-સત્તર વર્ષનો છોકરો જેણે કાળા કલરનો શર્ટ તથા બ્લુ કલરનું જીન્સ પેન્ટ પહેરેલ હતું તે સગીર મારા મોટરસાઈકલમા રાખેલ થેલો ચોરી કરી ગયાનું જોવા મળ્યું હતું. જે બાદ સગીરની તપાસ કરતા તેની ઓળખ થઈ જતાં નોટરીએ કોટડાસાંગાણી પોલિસ મથકે સીસીટીવી ફૂટેજ સાથે દોડી જઈ સગીર તસ્કર વિરુદ્ધ નામજોગ રૂ.૯૮ હજારની રોકડ ભરેલા થેલાની ચોરી અંગે ફરિયાદ નોંધાવી હતી. મામલામાં પોલિસે સગીરને પકડી રોકડ ભરેલો થેલો રિકવર કરવા તજવીજ હાથ ધરી છે.

# રાજકોટ રેન્જના પાંચ જિલ્લાના ૨૯ મોસ્ટ વોન્ટેડ પર ઈનામ જાહેર

## હત્યા, દુષ્કર્મ, એનડીપીએસ, લૂંટ સહિતના ગંભીર ગુનામાં સંડોવાયેલા આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલવા રેન્જ વડા નિર્લિપ્ત રાયનો એકશન પ્લાન : ગુનેગારોની માહિતી આપનારની ઓળખ ગુપ્ત રાખી રોકડ પુરસ્કાર અપાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ રેન્જના પાંચ જિલ્લામાં હત્યા, લૂંટ, દુષ્કર્મ, એનડીપીએસ સહિતના ગંભીર ગુનાઓ આચરી ભૂગર્ભમાં ઉતરી જનાર આરોપીને પકડી પાડવા રેન્જ વડા નિર્લિપ્ત રાય એકશન મોડમાં આવ્યા છે. પાંચ જિલ્લાના ૨૯ મોસ્ટ વોન્ટેડની સચોટ માહિતી આપનારને રોકડ ઈનામ અને ખબર આપનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે. જે અંગે રેન્જ આઈજી કચેરી કે પોલીસ મથકે જાણ કરી શકશે.

રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય દ્વારા રેન્જ હસ્તકના પાંચ જિલ્લાઓ દેવભૂમિ દ્વારકા, જામનગર, મોરબી, રાજકોટ ગ્રામ્ય અને સુરેન્દ્રનગર જિલ્લાઓમાં ગંભીર પ્રકારના ગુન્હાઓમાં

### ટંકારા લૂંટકાંડના આરોપીઓ સહિતનો સમાવેશ : યાદી જાહેર

રૂપેશકુમાર ઉર્ફે ટીનપાલ રામમહોનસિંગ ઉર્ફે દલમોહનસિંહ ચૌહાણ (મુળ રહે.રામચુહા, પોસ્ટ સંભુગંજ (બિહાર) તથા ભારતનગર ભાવનગર રોડ, રાજકોટ શહેર) ટંકારાના લૂંટના ગુનામાં ફરાર છે.જેની માહિતી આપનારને ૮ હજાર રોકડ ઈનામ અપાશે.

ફારૂક હબીબ જામ (રહે.જુની એસ.બી.આઈ બેન્ક પાસે, માળીયા મીયાણા) માળીયા મીયાણા પોલીસ મથકના હત્યા, રાયોટ, આર્મ્સ એકટના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૨૦ હજાર રોકડ ઈનામ અપાશે.

ભાવેશ વિઠલદાસ દુધાત્રા (મુળ ગામ,વેજા ગામ, ગોંડલ, હાલ રહે.શીવધારા સોસાયટી, પીર વાડી પાસે, લીજ્જત પાપડની પાછળ, ગોંડલ બાયપાસ રોડ) એનડીપીએસના ગુનામાં ફરાર છે, જેની માહિતી આપનારને ૧૫ હજાર રોકડ ઈનામ અપાશે.

વિવેક ઉર્ફે ટેલર અમરેન્દ્રસીહ ચંદેલ (રહે.હાલ રેલનગર સુર્યા પાર્ક રાજકોટ) મુળગામ પલવર (બિહાર) લોધીકા પોલીસ મથકના હત્યાના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૮ હજાર રોકડ ઈનામ અપાશે.

રોહન બચાવપ્રસાદ રાવત (યાદવ) (રહે.ગોરખપુર,ઉત્તરપ્રદેશ) વિરપુર પોલીસ મથકના હત્યા, આર્મ્સ એકટના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૮ હજાર રોકડ ઈનામ અપાશે.

આસુતોષ શીવધરન ત્રીપાઠી (રહે.દીબીયાપુર ઉત્તરપ્રદેશ), આસુતોષ પન્નાલાલ ચતુર્વેદી રહે.અહેરીપુર ઉતરપ્રદેશ) અને મહેન્દ્ર કૃષ્ણબલદેવ તીવારી (રહે.ભરથના ગામ, ઈટાવા, ઉતરપ્રદેશ) જામનગરના બી. ડિવિઝન પોલીસ મથકના હત્યા, આર્મ્સ એકટના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૫-૫ હજાર રોકડ ઈનામ અપાશે.

લખવિંદરસિંગ સ્વરૂપસિંગ તોંડ (જાટ) (રહે. ખોજકીપુર ગામ, અમૃતસર (પંજાબ) ખંભાળીયા પોલીસ મથકના અપહરણ અને લૂંટના ગુનામાં ફરાર છે, જેની માહિતી આપનારને ૧૦ હજાર રોકડ ઈનામ અપાશે.

અર્જુનસિંગ મોહન્તી ઉર્ફે રમેશ ઉર્ફે પંકજ ઉર્ફે પંડીત ઉર્ફે બ્રાહ્મણ (રહે.ડેડીયાસણ, ભરૂચ, મુળ રહે.ઓરીસ્સા) ભાણવડ પોલીસ મથકના હત્યાના ગુનામાં ફરાર છે, જેની માહિતી આપનારને ૧૦ હજાર રોકડ ઈનામ અપાશે.

કમા ઉર્ફે કમલેશ સાવલસિંગ મીનાવા (રહે.કાકડકુવા ગામ,ધાર (મધ્યપ્રદેશ), રાહુલ ઉર્ફે ખુમસિંગ સજનસિંગ બધેલ (રહે.કદવાલબડી ગામ,અલીરાજપુર (મધ્યપ્રદેશ),

દિનેશ જામસિંગ મેલા (ભીલ) (રહે.કાકડકુવા ગામ, ધાર (મધ્યપ્રદેશ) ભાણવડ પોલીસ મથકના લૂંટ સહિતની કલમ હેઠળના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૫-૫ હજાર રોકડ ઈનામ અપાશે.

લાલજી કૈલાશ પંડયા (રહે.રાજપાર્ક- રાધેક્રિષ્ના શકિત ડેરીની બાજુમાં, જામનગર મુળ રહે.ખંભાળીયા) જામનગરના બી. ડિવિઝન પોલીસ મથકના હત્યાના ગુનામાં ફરાર છે.જેની માહિતી આપનારને ૧૦ હજાર રોકડ ઈનામ અપાશે.

બાલુ માનસિંગ બીલવાવ અને વસના ભુરા સરૂપા બીલવાલ (રહે. બંને મંડલી બડી, મધ્યપ્રદેશ) જામનગર પંચ બી. ડિવિઝન પોલીસ મથકમાં લૂંટના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૫-૫ હજાર રોકડ ઈનામ અપાશે.

કૈલાશ રામસીંગ અજનાર (રહે. સૂર્યા ગામ, અલીરાજપુર, મધ્યપ્રદેશ) અપહરણ, દુષ્કર્મના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૫ હજાર રોકડ ઈનામ અપાશે.

સંદિપ ગોકરણ પાસવાન (રહે.જારવા ગામ, બલરામપુર (ઉત્તરપ્રદેશ) દુષ્કર્મ, પોકસોના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૫ હજાર રોકડ ઈનામ અપાશે.

રણજીતસિંહ ઉર્ફે રાણા બલવિરસિંહ મજબી (રહે. ધુન્ના (પંજાબ), સોનુસિંગ સતનામસિંગ (રહે.પટ્ટી ગામ,ફિરોજપુર,પંજાબ) મોરબીના સીટી બી ડીવી. પોલીસ મથકના અપહરણ, આર્મ્સ એકટના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૧૦-૧૦ હજાર રોકડ ઈનામ અપાશે.

ગંગારામ છોટાડીલા ચતર (રહે.ભરભરીયા, ઝારખંડ-બિહાર) હત્યાના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૧૦ હજાર રોકડ ઈનામ અપાશે.

દેવાસી ઉર્ફે કનુ મદનપરી (રહે.બોસ્તા, ઓડીસા) મોરબી તાલુકા પોલીસ મથકના પોકસો, અપહરણ અને દુષ્કર્મના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૫ હજાર રોકડ ઈનામ અપાશે.

મુકેશ ઉર્ફે ધોળયો ઉર્ફે શૈલેન્દ્ર પુરખારા સરદારરામ ગોદારા (રહે.૧૯ એજી.ડબલીકલન, (રાજસ્થાન) વિંછીયા પોલીસ મથકના દારૂના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૧૦ હજાર રોકડ ઈનામ અપાશે. રાજલખાન શખી મહમદ મુસ્લીમ (રહે. લહાર, મધ્યપ્રદેશ) વઢવાણ પોલીસ મથકના અપહરણ, પોકસોના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૫ હજાર રોકડ ઈનામ અપાશે.

મનુભા માનસિંહ ઝાલા (રહે. અલંકાર ટોકીઝ પાછળ, સુરેન્દ્રનગર) વઢવાણ પોલીસ મથકના હત્યના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૮ હજાર રોકડ ઈનામ અપાશે. અલી નથુ ડફેર (રહે ઈંગરોડી, લખતર મૂળ પાટડી સુરેન્દ્રનગર) લખતર પોલીસ મથકના હત્યાના પ્રયાસના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૧૦ હજાર રોકડ ઈનામ અપાશે.

ધર્મેશ બાબુલાલ ગુર્જર (રહે આકિયા, રાજસ્થાન), ડાલુરામ હાલુજી ગુર્જર (રહે ભભાણા, રાજસ્થાન) લખતર પોલીસ મથકના ગંભીર ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૫-૫ હજાર રોકડ ઈનામ અપાશે. તેમજ ભીખા ભૂરા કુના (રહે. પલાસનેર, ધૂળે, મહારાષ્ટ્ર) સાયલા, ધજાળા, લીંબડી પોલીસ મથકના એનડીપીએસના ગુનામાં અને ચોટીલા પોલીસ મથકના દારૂના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૨૦ હજાર રોકડ ઈનામ અપાશે.

નાસતા-ફરતા આરોપીઓની વારંવાર તપાસ કરતા મળી આવેલ ન હોય તેમજ તેઓ વિરુધ્ધનું ધરપકડ વોરંટ કોર્ટમાંથી મેળવી બજવણીના પ્રયત્નો કરવા છતાં આરોપીઓ આજ સુધી મળી આવેલ નથી. તેઓને શોધી કાઢવા માટે પોલીસને સચોટ માહિતી આપનારને આરોપી વાઈઝ રોકડ ઈનામ જાહેર કરેલ છે.

ખબર આપનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે જેથી આરોપીઓ અંગે જો કોઈ સચોટ માહિતી આપને મળે તો તુર્તજ તેના વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરાવવા રાજકોટ રેન્જ આઈજી ઓફિસ કે જે તે પોલીસ મથકને જાણ કરવા અનુરોધ કરાયો છે.

# ધારીના નસીબ પેટ્રોલ પંપે ડીઝલ મુદ્દે મારામારી

## ચાર શખ્સોએ સંચાલક પર લાકડીથી હુમલો કર્યો, પોલીસ દ્વારા આરોપીઓને ઝડપી લેવા તજવીજ

**અબતક, મેહુલ ત્રિવેદી, ધારી**

અમરેલી જિલ્લાના ધારી ખાતે આવેલ નસીબ પેટ્રોલ પંપ પર ડીઝલ પુરાવા જેવી બાબતને લઈ ગતરાત્રે ચાર શખ્સોએ પંપના સંચાલક સાથે મારામારી કરી હોવાની ઘટના સામે આવી છે.

મળતી માહિતી મુજબ, ચાર શખ્સો ગતરાત્રે પેટ્રોલ પંપ પર પહોંચ્યા હતા અને ડીઝલ પુરાવા મુદ્દે બોલાચાલી શરૂ થઈ હતી. બોલાચાલી દરમિયાન વાત ઉગ્ર બની જતા આરોપીઓએ પંપના સંચાલક પર લાકડી વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં પંપના સંચાલકને સામાન્ય ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.



હાલમાં પેટ્રોલ-ડીઝલની તંગી અંગે ચાલી રહેલી અફવાઓને કારણે લોકોમાં પણ અસમંજસ અને ગભરાટનો માહોલ જોવા મળી રહ્યો છે.આ ઘટનાને પગલે પેટ્રોલ પંપના સંચાલક દ્વારા ભવિષ્યમાં આવી ઘટના ફરી ન બને તે માટે વહીવટી તંત્ર પાસે યોગ્ય સુરક્ષા વ્યવસ્થા કરવાની માંગણી કરવામાં આવી છે.

ઘટનાની જાણ થતા જ ધારી પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને મારામારી કરનાર આરોપીઓને ઝડપી લેવા માટે ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળ્યું છે.

# ગોંડલ નજીક ટ્રક સાથે બાઈક અથડાતા યુવાનનું મોતઃ બે ઘવાયા

## બે માસ પૂર્વે સગાઈ થયેલા યુવકના મોતથી પરિવારમાં માતમઃ ટ્રક ચાલક નાસી છૂટયો

**અબતક, જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગોંડલ તાલુકાના ચોરડી ગામ નજીક નેશનલ હાઈવે ની ગોળાઇ પર ત્રીપલ સવારી માં આવી રહેલા બાઈક સાથે ટ્રક અથડાતા સર્જાયેલ ગમખ્વાર અકસ્માત માં ગોંડલ નાં એક યુવાન નુ ઘટનાસ્થળે મોત નિપજ્યુ હતું.જ્યારે બે યુવાનો ઈજાગ્રસ્ત થતા સારવાર માં ખસેડાયા હતા.અકસ્માત નો ભોગ બનનાર યુવાન ની બે મહીના પહેલા સગાઈ થઈ હતી.બનાવ નાં પગલે પરીવાર માં રોકકળ મચી જવા પામી હતી.અકસ્માત સર્જી ટ્રક ચાલક નાશી છુટ્યો હતો.



પ્રાપ્ત વિગત મુજબ રાત્રીનાં સાડા દશ નાં સુમારે ગોંડલ જેતપુર નેશનલ હાઈવે પર ચોરડી ગામ ની ગોળાઇ પર જીજે ૩એલ.એફ ૬૦૧૮ નંબર નાં બાઈક પર સવાર ગોંડલ નાં મોવીયા રોડ પર રહેતા સકીલ હબીબભાઈ આરબ ઉ.૨૫,નજીર ફીરોજભાઈ મકવાણા ઉ.૨૧ તથા ગોંડલ બસસ્ટેન્ડ પાછળ ગાયત્રી નગર માં રહેતા જુનેદ ગુલાબભાઈ મકવાણા ઉ.૩૦ પસાર થઈ રહ્યા હતા ત્યારે ટ્રક સાથે ધડાકાભેર બાઈક અથડાતા સર્જાયેલ અકસ્માત માં બાઈક ચાલક સકીલ આરબ નુ ઘટના સ્થળે ગંભીર ઈજાઓ ને કારણે મોત નિપજયું હતું.જ્યારે નજીરભાઈ તથા જુણેદભાઈ ઈજાગ્રસ્ત રોડ થતા શિવમ સાર્વજનિક ટ્રસ્ટ ની એમ્બ્યુલન્સ મારફત સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતાં.

મૃતક સકીલ હબીબ આરબ ફેબ્રિકેશનનું કામ કરતા હતા. તેઓ ૬ ભાઈઓમાં ત્રીજા નંબર ના હતા. તેમની બે મહિના પહેલા જ સગાઈ થઈ હોવાનું જાણવા મળેલ હતું.બનાવ નાં પગલે પરિવાર હતપ્રત બન્યો હતો.

### ગોજારી ચોરડીની ગોળાઈમાં બ્રીજ નહી બનતા હાઈવે ઓથોરીટી ટીકા પાત્ર

નેશનલ હાઈવે ચોરડી ની ગોળાઇ ગોજારી ગણાય છે.અગાઉ અકસ્માત માં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે.હાલ રાજકોટ જેતપુર વચ્ચે સિકસલેન નું કામ ચાલુ છે.અને નેશનલ હાઈવે પર ઠેરઠેર ઓવરબ્રિજ બની રહ્યા છે.પરંતુ અકસ્માત માટે કુખ્યાત ચોરડી ની ગોળાઇ પર બ્રીજ બનાવવા ની હાઈવે ઓથોરીટી દ્વારા કોઈ દરકાર નહી લેવાતા તાજેતર માં ચોરડી નાં ગ્રામજનો દ્વારા આંદોલન કરાયુ હતું.વાસ્તવ માં જ્યાં બ્રીજ ની જરૂરીયાત છે. ત્યાં બ્રીજ બનાવાયાં નથી.અને જરૂરીયાત વગર આડેધડ બ્રીજ ખડકી દેવાતા હાઈવે ઓથોરીટી નો અણઘડ વહીવટ ટીકા પાત્ર બન્યો છે.

# ધ્રાંગધ્રા નજીક તોરણ હોટલ ગ્રાઉન્ડમાંથી રૂા.૪.૯૦ લાખનો ગાંજો ઝડપાયો

## ટેન્કરમાં છુપાવેલો ૯.૮૧૦ કિ.ગ્રા. ગાંજા સાથે ભચાઉના ચાલક અને ક્લીનરની ધરપકડ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકા પોલીસે નશાબંધી ઝુંબેશ હેઠળ એક મહત્વપૂર્ણ સફળતા હાંસલ કરી છે મળેલી બાતમીના આધારે પોલીસે હળવદ-ધ્રાંગધ્રા હાઈવે પર સ્થિત તોરલ હોટલના ગ્રાઉન્ડ વિસ્તારમાં સુચિત ઓપરેશન હાથ ધર્યું હતું. દરમિયાન ટેન્કરમાં ગુપ્ત રીતે છુપાવી રાખવામાં આવેલ ૯ કિલો ૮૧૦ ગ્રામ ગાંજો ઝડપાઈ આવ્યો હતો. આ કેસમાં પોલીસે ભચાઉના રહેવાસી ડ્રાઈવર સહાદતહુસૈન સૈયદ અને ક્લીનર સુલેમાન શેખને ઝડપી પાડ્યા છે. ઝડપાયેલા ગાંજાની અંદાજીત કિંમત રૂ.૪.૯૦ લાખ ગણવામાં આવી છે ઉપરાંત ટેન્કર સહિત કુલ રૂ.૧૪.૯૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસે આરોપીઓ સામે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલી નશાબંધી ઝુંબેશ અંતર્ગત આ કાર્યવાહી હાથ



ધરવામાં આવી હતી આ ઓપરેશનમાં સીટી પોલીસ સ્ટેશનના પીઆઈ એમ. યુ. મશી, તાલુકા ઈન્ચાર્જ પીઆઇ એન. એચ. ચુડાસમા, એએસઆઈ પી.પી. ખુંટી, વિક્રમભાઈ રબારી, સાગરભાઈ ખાંભલા સહિત તાલુકા પોલીસની ટીમે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી પોલીસની આ કામગીરીને લઈને વિસ્તારમાં કડક સંદેશો ગયો છે કે નશીલા પદાર્થોના ગેરકાયદે વેપાર સામે કાયદો કડક રીતે લાગુ કરવામાં આવશે.

# લોધિકા અને શાપર ગામે જુગારના દરોડા

## રૂ.૧૭ હજારની રોકડ સાથે ,બે મહિલા સહિત ૧૨ પત્તા પ્રેમી ઝડપાયા

**અબતક રાજકોટ**

રાજકોટ જિલ્લામાં બે સ્થળે જુગારના દરોડા પાડવામાં આવ્યા છે ,જેમાં લોધીકાના રાવકી ગામે અને શાપર વેરાવળમાં બુદ્ધનગરમાં પોલીસે જુગારના દરોડા પાડી ,જુગાર રમતી બે મહિલા સહિત ૧૨ પત્તાપ્રેમીને ઝડપી લઇ, જુગારના પટમાંથી રૂ.૧૭ હજારની રોકડ કબ્જે કરી છે.

પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ,લોધીકા પોલીસની ટીમ રાવકી ગામ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે,રાવકી માખાવડ રોડ પર પટેલ પાનની દુકાન પાછળ આવેલા ટેકનોકાસ્ટિંગ કારખાના વળી શેરીમાં અમુક શખ્સો જાહેરમાં જુગાર રમી રહયા છે. લોધિકા પોલીસ જુગારનો દરોડો પાડી,જુગાર રમતો સુધીરકુમાર અરવિંદકુમાર વર્મા, સમસાદ સુલેમાનભાઈ અન્સારી, હફીઝ અહમદ અનૂર અલી ખાન, રિતેશકુમાર સત્યન્દ્રભાઈ શાહ સરફરાજ સાબર અલી અંસારી, મનોજ દયારામ ચૌહાણ અને અમિત જગમલભાઈ બાબરીયા નામના શખ્સોને ઝડપી લઇ, જુગાર ના પટમાંથી રૂ. ૧૩.૮૦૦ની રોકડ કબ્જે કરી છે. જ્યારે જુગારનો બીજો દરોડો શાપર પોલીસે વેરાવળમાં આવેલા બુદ્ધનગરમાં પાડી જુગાર રમતો યશપાલ પ્રતાપભાઈ ચાવડા, વિજય બાવનજીભાઈ વાઢેર ,કમલેશ દલપતભાઈ શેખવા ,શોભનાબેન સંજયભાઈ મેવાડા અને રસીલાબેન રમણીકભાઈ પરમાર નામના પત્તા પ્રેમીઓને ઝડપી લઇ, જુગારના પટ્ટ રૂ.૩.૩૬૦ ની રોકડ કબ્જે કરી છે.

# દેરડી કુંભાજીમાં ધો.૧૨ની વિદ્યાર્થિનીનો આપઘાત

## ૧૭ વર્ષીય મિતલે પરીક્ષા આપ્યા બાદ ડિપ્રેશનમાં રહેતી, ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

**અબતક રાજકોટ**

ગોંડલ તાલુકાના દેરડી કુંભાજી ગામમાં ધોરણ ૧૨માં અભ્યાસ કરતી ૧૭ વર્ષીય સગીરાએ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. બોર્ડની પરીક્ષા પૂર્ણ થયા બાદ વિદ્યાર્થિની ડિપ્રેશનમાં રહેતી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. આ બનાવને પગલે નાના એવા ગામમાં અને મજૂરી કામ કરતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, દેરડી કુંભાજીમાં રહેતા કનુભાઈ ચાવડાની ૧૭ વર્ષીય પુત્રી મિતલ કનુભાઈ ચાવડાએ ગઈકાલે પોતાના ઘરે કોઈ ન હતું ત્યારે રૂમમાં પંખા સાથે સાડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. પરિવારના સભ્યોને જાણ થતા જ તાત્કાલિક ૧૦૮ મારફતે તેને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટનાની જાણ સુલતાનપુર પોલીસને કરવામાં આવતા હેડ કોન્સ્ટેબલ જયસુખભાઈ અને તેમની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગયા હતા.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે મિતલ ભણવામાં ખૂબ જ તેજસ્વી હતી. તાજેતરમાં જ તેણે ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા આપી હતી અને તેના પેપર પણ ખૂબ જ સારા ગયા હતા. જોકે, પરીક્ષા આપ્યા બાદ તે સતત માનસિક તણાવ (ડિપ્રેશન) માં રહેતી હતી. આગળના અભ્યાસ અને કરિયરની ચિંતામાં તેણે આ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું અનુમાન સેવાઈ રહ્યું છે. સુલતાનપુર પોલીસે મૃતદેહનો કબજો સંભાળી સૌપ્રથમ ગોંડલ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો, જ્યાંથી વધુ તપાસ અર્થે ફોરેન્સિક પીએમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ મોકલી આપવામાં આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક મિતલના પિતા ખેત મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા, પોતે બે બહેન એક ભાઈમાં મોટી હતી. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આ મામલે પોલીસે આપઘાતનું સચોટ કારણ જાણવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

# વિદેશમાં નોકરી અપાવી દેવાની લાલચે સાળા-બનેવી સાથે રૂ.૧૦.૫૩ લાખની ઠગાઈ

## શાપરના યુવાને દેણું ઉતારવા વિદેશમાં રહી નોકરી કરવાનું નક્કી કર્યું, સાળાએ પણ તૈયારી દર્શાવી : સુરતના એજન્ટે મકાઉ દેશમાં નોકરી અપાવી દેવાનો વાયદો કર્યો

**અબતક, રાજકોટ**

યુવાનોમાં વિદેશ જવાની ઘેલછા ઘણીવાર મોંઘી સાબિત થતી હોય છે. વિદેશ જવાની લ્હાયમાં લોકો લેભાગુ તત્વોની ચૂંગાલમાં ફસાઈ જતાં હોય તેવા અનેક બનાવો સામે આવી ચુક્યા છે. ત્યારે આવા જ વધુ એક બનાવમાં વિદેશમાં જઈ નોકરી કરવાની લ્હાયમાં સાળા-બનેવીએ રૂ.૧૦.૫૩ લાખ ગુમાવવાનો વારો આવ્યો હતો. સુરતના શખ્સેં એજન્ટ તરીકે ઓળખ આપી લાખો રૂપિયા પડાવી સાળા-બનેવી દંપતીને મકાઉ દેશમાં ત્રણ દિવસના ટુરિસ્ટ વિઝા પર મોકલી હવે ત્યાં તમારી રીતે નોકરીની વ્યવસ્થા કરી લેજો કહી હાથ ઉંચા કરી દેતાં બંને યુવાનો વિદેશમાં નિસહાય બની ગયા હતા. બાદમાં યુવાનોએ પરિજનોને વાત કરતા તેમની રિટર્ન ટિકિટની વ્યવસ્થા થતાં વતન પરત ફર્યા હતા. સમગ્ર મામલે શાપર(વે.) પોલિસેં ગુનો નોંધી સૂરતાના શખ્સની શોધખોળ શરૂ કરી હતી.

બનાવ અંગે રાજકોટની ભાગોળે ગોંડલ હાઈવે પર આવેલા શાપર(વે.)ના બુદ્ધનગરમાં સર્વોદય સોસાયટીમાં રહેતા ૨૮ વર્ષીય યુવાન રવિભાઈ જીવાભાઈ પરમારે આરોપી તરીકે રમેશ રાઠોડ(સુરત)નું નામ આપી નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું ત્રંબા ગામે આવેલ બી.જી.ગરૈયા મેડિકલ કોલેજમાં કમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી કરૂ છું. મારાથી નાનો ભાઈ રોહીત છુટક મજુરી કરે છે.

ફરિયાદી યુવાને જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૪ માં રોહિતભાઈના લગ્ન ખર્ચના કારણે મારા પિતાજીને દેણુ થઈ ગયેલ હતુ અને મારી પાસે કોઈ સારો કામ ધંધો ન હોય જેથી મે ભારત દેશની બહાર વિદેશમાં જઈ કોઈ નાની-મોટી નોકરી કરી રૂપિયા કમાવવાનુ વિચારેલ હતું. જે બાબતે મે મારા સાળા અલ્પેશભાઈ રમેશભાઈ ચાવડા(રહે. રાજકોટ)ને વાત કરતા તેણે કહેલ કે મારી પાસે પણ કોઈ કામ ધંધો નથી. જેથી મારે પણ તારી સાથે વિદેશમાં નોકરી માટે આવવુ છે. જેથી અમે એજન્ટની શોધમાં હતા. દરમ્યાન સુરતમાં રહેતા મારા પિતાજીના સગા ભાણી ગીતાબેન વેજાનંદ સોલંકી મારફતે રમેશભાઈ રાઠોડ સાથે સંપર્ક થયેલ હતો. રમેશભાઈ સાથે મારે તેમના મો.ન.૬૩૫૧૨૦૬૧૩૮ ઉપર વાતચીત થયેલ ત્યારે રમેશભાઈએ એજન્ટ તરીકેની ઓળખ આપી વાત કરેલ કે, હું લોકોને અલગ-અલગ દેશમાં ટુરીસ્ટ વિઝાના આધારે મોકલી તે દેશમાં સારી નોકરી અપાવી, વિદેશમાં કાયમી કરી આપવાનુ કામ કરૂ છુ. જેથી મે કહેલ કે અમે ચાર વ્યક્તિઓ છીએ, અમારે ચારેયને રશિયા દેશમાં જવુ છે. ત્યારે રમેશભાઈએ રશિયા દેશના વિઝા તથા ફલાઈટ ટિકીટો આપી તમે ત્યાં પહોંચો તેની સાથે જ રશિયાની સારી એવી હોટલમાં સારા પગાર માં તમારા બધાની નોકરી પાક્કી કરાવી આપીશ પરંતુ તેના બદલામાં તમારે એક વ્યક્તિ દિઠ રૂ. ૩.૫૦ લાખ આપવા પડશે તેમ વાત કરેલ હતી.

### પરિજનોએ રિટર્ન ટિકિટની વ્યવસ્થા કરતા દંપતીઓ વતન પરત ફર્યા : છેતરપિંડી આચરનાર રમેશ રાઠોડ વિરુદ્ધ શાપર(વે.) પોલિસ મથકે ફરિયાદ નોંધાઈ

યુવાને આ બાબતે મારા સાળા અલ્પેશભાઈ સાથે વાત કરી તા.૨૯/૧૦/૨૦૨૫ ના રોજ રૂ.૨૭ હજાર, તા. ૧૦/૧૧/૨૦૨૫ ના રોજ રૂ.૨૦ હજાર મારા કેનરા બેન્ક એકાઉન્ટમાંથી તથા મારા સાળા અલ્પેશભાઈએ તેમની એસ.બી.આઇ. બેન્કના એકાઉન્ટમાંથી તા. ૧૧/૧૦/૨૦૨૫ ના રોજ રૂ.૨૫ હજાર અને તા.૧૫/૧૦/૨૦૨૫ ના રોજ રૂ.૨૫ હજાર રમેશભાઈને ઓનલાઈ ટ્રાન્સફર કરેલ હતા. બાદ તા.૦૯/૦૨/૨૦૨૬ ના રોજ રમેશભાઈ રાઠોડ શાપર ખાતે કોઈ લગ્ન પ્રસંગમાં આવ્યા હોય ત્યારે તેઓ મારા ઘરે આવેલ હતા તેમણે જણાવેલ કે, રશીયાના હાલ વિઝા મળી શકે તેમ નથી પરંતુ મકાઉ વિજા ફ્રી દેશ છે ત્યાં તમારે કોઈ વર્ક પરમિટની જરૂરીયાત નથી, ત્યાં મારા ઓળખીતા માણસો છે તેને કહી અગાઉથી જ તમારી બધાની નોકરી પાક્કી કરાવી આપુ છુ. ત્યાં પહોંચો તેની સાથે જ તમારા ચારેયની નોકરીની તમામ જવાબદારી મારા ઉપર અને તે માટે તમારે મને એક વ્યક્તિ દીઠ રૂ.૨.૯૦ લાખ આપવા પડશે તેમ જણાવ્યું હતું. જેથી મારા સાળા અલ્પેશભાઈએ તેમની એસ.બી.આઈ. બેન્કમાંથી તા.૦૬/૦૩/૨૦૨૬ ના રોજ રૂ.૯૫ હહર, તા.૦૭/૦૩/૨૦૨૬ ના રોજ ૫૫ હજાર તથા રૂ.૪૬,૫૦૦, તા. ૧૩/૦૩/૨૦૨૬ ના રોજ રૂ.૯૫ હજાર, તા.૧૬/૦૩/૨૦૨૬ ના રોજ ૧.૪૫ લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરી અગાઉના રૂપિયા મળી કુલ રૂ.૪,૮૬, ૫૦૦ તથા મે તા. ૧૩/૦૩/૨૦૨૬ ના રોજ રૂ.૫ લાખ, તા. ૧૬/૦૩/૨૦૨૬ ના રોજ રૂ.૨૦ હજાર મળી કુલ રૂ.૫,૬૭,૨૦૦ રમેશભાઈને મારા તથા મારી પત્ની વર્ષાના તેમજ મારા સાળા અલ્પેશભાઈ તથા તેમની પત્ની જાનવીબેનના મકાઉ દેશના વિઝા કરાવી ત્યાં નોકરી અપાવી પરમાનેન્ટ કરાવવા માટે ચૂકેવલ હતા.

બાદમાં આ રમેશભાઈએ અમને ચારેયને મકાઉ દેશની ફ્લાઈટ ટિકીટો આપી કહેલ કે, મે તમારા ચારેયની મકાઉ દેશમાં નોકરી પાક્કી કરી આપેલ છે ત્યાં પંહોચતાની સાથે જ મારો માણસ આવી જશે તે તમારી બધી વ્યવસ્થા કરી દેશે તેમ ખાતરી આપી હતી. જેથી અમે દિલ્હીથી બેંગકોક અને ત્યાંથી તા.૧૭/૦૩/૨૦૨૬ ના રોજ મકાઉ પંહોચેલ હતા. ત્યાં પહોંચી રમેશભાઈને ફોન કરતા તેમણે જણાવેલ કે, તમારૂ બાકી રહેલ પેમેન્ટ પહેલા પૂરૂ કરો ત્યારબાદ તમને ત્યાં કામ મળશે. જેથી મેં કહેલ કે, તમારા કોઈ માણસને મોકલી પેમેન્ટ લેવડાવી લો અથવા તમે કહો તે લોકેશન વાળી જગ્યાએ જઈ પેમેન્ટ કરી આપીએ. તો રમેશભાઈએ કહેલ કે, મારો કોઈ ઓળખીતો માણસ ત્યાં નથી જેથી અમે કહેલ કે તો અમારી નોકરીનુ શું ? અમારે કયાં જવાનુ છે ? તેમ કહેતા તેમણે કહેલ કે, તે તમારી રીતે જોઇ લો તેમ કહી ફોન કાપી નાખેલ હતો. ત્યારબાદ રમેશભાઈએ ફોન બંધ કરી દીધેલ હતો. જેથી બંને દંપતી અજાણ્યા દેશમાં નિરાધાર થઈ ગયેલ હતા. મકાઉમાં તેમને કોઈ ઓળખતું ન હોય અને ત્રણ દિવસના ટુરીસ્ટ વિઝા પણ પૂર્ણ થવા પર હોય યુવકે તેના મોટા સાળા આકાશભાઈને ફોન કરી બનાવની વાત કરતા તેણે પરત આવવા ફ્લાઈટ ટિકીટોની વ્યવસ્થા કરી આપતાં ચારેય લોકો તા.૨૦/૦૩/૨૦૨૬ ના રોજ વતન પરત ફર્યા હતા.

અહીં પરત આવી રમેશ રાઠોડે વિદેશમાં નોકરી અપાવી દેવાની લાલચ આપી યુવાન અને તેના સાળા પાસેથી રૂ. ૧૦,૫૩,૫૦૦ પડાવી લઈ અજાણ્યા દેશમાં મોકલી નિરાધાર છોડી દેતાં યુવાને શાપર(વે.) પોલિસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

### ટિકિટ, વિઝા અને નોકરી માટે લાખો રૂપિયા પડાવી લીધા : મકાઉ પહોંચ્યા બાદ હવે તમારી રીતે નોકરીનું ગોઠવી લેજો કહી હાથ ઉંચા કરી દેતાં બે દંપતી નિસહાય બન્યા

# ઉપલેટાના કથિત પત્રકાર આશિષ લાલકિયાએ બે મહિલા સરકારી કર્મચારીની છેડતી કર્યાનો ધડાકો

## માહિતી માંગવાના બહાને તાલુકા પંચાયત સંલગ્ન કચેરી ખાતે ધસી જઈ બિભત્સ રીતે શારીરિક સ્પર્શ કર્યો'તો

## સતત કચેરીએ આંટાફેરા કરી અલગ અલગ સવાલો પૂછી મહિલાઓની નજીક જઈ પજવણી કરતો : બે ગુના નોંધાયા

**અબતક, ઉપલેટા**

ઉપલેટાના કથિત પત્રકાર આશિષ લાલકિયા વિરુદ્ધ ખારચીયા (શહિદ) ગામના સરપંચને ધમકીઓ આપી બે લાખની ખંડણી માંગ્યાનો ગુનો નોંધાયો હતો. જે બાદ કથિત પત્રકારના કારનામા અંગે વધુ ઘટસ્ફોટ થઈ રહ્યા છે. કહેવાતા પત્રકારે વિગતો મેળવવાના બહાને તાલુકા પંચાયત સંલગ્ન કચેરી ખાતે ધસી જઈ અલગ અલગ બે મહિલા સરકારી કર્મચારીઓને બિભત્સ રીતે શારીરિક સ્પર્શ કરી છેડતી કરતા ઉપલેટા પોલિસેં બે ગુના નોંધ્યા હતા.

કથિત પત્રકાર આશિષ લાલકિયા વિરુદ્ધ ગત તા.૨૫-૦૩ ના રોજ ઉપલેટાના ખારચીયા (શહીદ) ગામના સરપંચ બોધુભાઈ દોષુભાઈ મથુપૌત્રાએ ખંડણીની ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, આશિષ લાલકીયાએ ગ્રામ પંચાયતમાં આરટીઆઈ કરી હતી. જેમાં ગ્રામ પંચાયતના રેકર્ડની માંગણી કરી હતી. જે આરટીઆઈની અરજી અનુસંધાને જે તે વખતના તલાટી મંત્રી દ્રષ્ટિબેન ભરતભાઈ માકડીયાએ અરજી અનુસંધાને આશિષ લાલકીયાને રેકર્ડ તપાસણી માટે બોલાવ્યો હતો. જેથી આશિષ ગઈ તા. ૧૪/૧૦/૨૦૨૫ ના રેકર્ડ તપાસણી માટે આવ્યો હતો. તલાટી મંત્રી દ્રષ્ટિબેન માકડીયાએ આશિષને નિયમ અનુસાર રેકોર્ડ તપાસણી કરવા માટે આપ્યું હતું. આશીષે ગ્રામ પંચાયતના રેકોર્ડની તપાસણી વખતે ફોટા પાડ્યા હોય બાદમાં તેણે આ ફોટા જોડીને ગ્રામ પંચાયત વિરુદ્ધ ટીડીઓ રાજકોટ તથા તાલુકા પંચાયત કચેરી ઉપલેટામાં અરજી કરી હતી. બાદમાં અવારનવાર માનસિક ત્રાસ આપતો હોય દસેક દિવસ પછી સરપંચે આશિષ લાલકીયાનો સંપર્ક કરતા તેણે કહ્યું હતું કે, તમે ઉપલેટા આવો આપણે સમાધાન કરી લઈએ તેમ કહી ઉપલેટા સર્કિટ આવશે બોલાવ્યા હતા. જેથી સરપંચ બોદુભાઈ તથા ખાખીજાળીયા ગામના પત્રકાર



અશોકભાઈ સુવાને સાથે લઈ અહીં ઉપલેટા સર્કિટ હાઉસ ખાતે ગયા હતા. જયા ગામની મેટર પૂરી કરવી હોય તો તમારે મારી સાથે સમાધાન કરી લેવું પડશે અને સમાધાન પેટે તમારે મને રૂપિયા બે લાખ આપવા પડશે. જેથી સરપંચે કહ્યું હતું કે, અમારી કોઈ ભૂલ નથી કે મેં કોઈ ખોટું કામ કર્યું નથી તો હું તમને શા માટે રૂપિયા આપું આ સાંભળી આશિષ ઉશ્કેરાયો હતો અને કહ્યું હતું કે, બે લાખ નહીં આપો તો હું તમને તમારા ગામના તલાટી મંત્રીને સસ્પેન્ડ કરાવી નાખીશ અને તમે ગ્રાન્ટ વાપરવામાં કોઈ તો ભૂલ કરી હશે તેમ કહી ત્રાસ આપી કહ્યું હતું કે, તમારી તથા તલાટી વિરુદ્ધ એસીબીમાં ખોટી ફરિયાદ તથા વિશ્વાસઘાતની ફરિયાદ કરી તમારા બંનેનું ભવિષ્ય બરબાદ કરી નાખીશ. બંનેને જેલમાં નખાવી દઈશ અને જામીન નહીં મળે જો જામીન મળશે તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. જેથી સરપંચે આ મામલે ફરિયાદ નોંધાવી હતી. હવે આશિષ લાલકિયાના કારસ્તાન અંગે વધુ બે ઘટસ્ફોટ થયાં હતા. આશિષ લાલકિયા અલગ અલગ બાબતે આરટીઆઈ કરતો હતો. તેણે આઈસીડીએસ વિભાગને લગતી આરટીઆઈ પણ કરી હતી. આરટીઆઈ કર્યાના ૩૦ દિવસમાં સંબંધિત કચેરીએ જવાબ આપવાનો હોય છે પણ આશિષ અરજી કર્યાના ચોથા-પાંચમા દિવસે જ કચેરી ખાતે જઈ વિગતની માંગણી કરી સરકારી કર્મચારીઓને દબાવતો હતો. તેવી જ રીતે આ કચેરી ખાતે પણ ધસી જઈ અલગ અલગ બે મહિલા કર્મચારીઓની તદ્દન નજીક ઉભા રહી આશિષ લાલકિયાએ બિભત્સ રીતે શારીરિક સ્પર્શ કર્યો હતો. જે અંગે બે મહિલા કર્મચારીઓએ ગત તા.૦૭-૦૩-૨૬ ના રોજ ઉપલેટા પોલિસ મથકે દોડી જઈ છેડતીની અલગ અલગ બે ફરિયાદો નોંધાવી હતી.

# ચોટીલા નાયબ કલેકટરે ૧૯ ખનન માફિયાને ત્રણ જિલ્લામાંથી કર્યા તડીપાર

## ગેરકાયદે ખનીજ ચોરી કરી સરકારી મિલકતને કર્યું નુકસાન, મજુરોના મોત, ફરજમાં રૂકાવટ સહિતની પ્રવૃતિઓ બદલ કાર્યવાહી

**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**

ચોટીલા ડેપ્યુટી કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા ૧૯ જેટલા ભૂમાફિયાઓ સામે કડક કાર્યવાહી કરી તમામને સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી જીલ્લાની હદમાંથી તડીપાર કરતા સમગ્ર પંથકમાં ભૂમાફિયાઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. વધુ વિગત મુજબ ચોટીલા ડિવિઝન હેઠળ આવતા ચોટીલા અને મુળી તાલુકામાં ભૂમાફિયાઓ દ્વારા ગેરકાયદે રીતે કોલસાના કુવાઓ ખોદી કોઈપણ પ્રકારની ગાઈડલાઈનનું પાલન કર્યા વગર વિસ્ફોટ કરી મજુરોના જીવ જોખમમાં મુકી લાંબા સમયથી ગેરકાયદે રીતે કોલસાનું ખનન કરવામાં આવતુ હતુ. જેના કારણે આસપાસના ઘરો, સ્કુલો, આંગણવાડી, વિજળીના થાંભલાઓ તેમજ અન્ય સરકારી તેમજ ખાનગી મિલકતોમાં નુકશાન પહોંચાડ્યું છે. સરકારી તિજોરીને કરોડો રૂપિયાનુ નુકશાન કરતા હતા. અગાઉ કુવામાં મજુરોના મોતની ઘટનાઓ પણ બની હતી ઓક્સિજનની અછત, ઝેરી વાયુઓ અને દુર્ઘટનાની ગંભીર શક્યતા રહેલી હતી, ખનિજ માફિયાઓ દ્વારા વિસ્ફોટક પદાર્થોનો આડેધડ અને બિનઅધિકૃત ઉપયોગથી સુરક્ષા માટે અત્યંત જોખમી છે. ભૂમાફિયાઓ દ્વારા મોટા પ્રમાણમાં કોલસાનું તેમજ સફેદ માટી તથા અન્ય ખનિજનું ગેરકાયદેસર અને બિન વૈજ્ઞાનિક રીતે ખનન કરવામાં આવતું હતું.ખનિજ માફિયાઓ દ્વારા વિસ્ફોટક પદાર્થોનો આડેધડ અને બિનઅધિકૃત ઉપયોગ કરીને ખનન કરવામાં આવતું હતું, . ઉપરાંત ભૂમાફિયાઓ દ્વારા તપાસ ટીમના જવાના રસ્તાઓ પર કાંટા, મોટાં પથ્થર, માટીના પાળાની આડસ કરી, ટીમ તે જગ્યાએ ન જઈ શકે તે માટે આવુ કૃત્ય કરતાં હોય છે. આ તમામ ગેરકાયદે પ્રવૃતિઓ અને ખનીજ ચોરી અટકાવવા માટે મુળી પીઆઈ દ્વારા દરખાસ્ત તૈયાર કરી સુરેન્દ્રનગર ડીવાયએસપીને મોકલી આપતા તે અંગેની સુનાવણી હાથ ધરવામાં આવતા ચોટીલા ડેપ્યુટી કલેકટર દ્વારા ૧૯ ભૂમાફિયાઓ સામે કાર્યવાહી કરી તમામને સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી જિલ્લાની હદમાંથી તડીપાર કરવા હુકમ કરવામાં આવ્યા છે.

### તડીપાર કરાયેલા ભૂમાફિયાઓ

(૧) કાળુભાઈ મોતીભાઈ ખાંભલા
(૨) કાનાભાઈ મામૈયાભાઈ ખાંભલા
(૩) જયપાલસિંહ ભરતસિંહ કાઠીયા
(૪) વિજયભાઈ વાઘજીભાઈ શિહોરા
(૫) મુકેશભાઈ જાદવજીભાઈ શિહોરા
(૬) રૂખડભાઈ કુકાભાઈ જોગરાણા
(૭) રતુભાઈ વિરાભાઈ જોગરાણા
(૮) ખોડાભાઈ લીંબાભાઈ રબારી
(૯) આલાભાઈ લીંબાભાઈ રબારી
(૧૦) પ્રભુભાઈ ઘુઘાભાઈ કોળી
(૧૧) જેમાભાઈ હરજીભાઈ બાવળીયા
(૧૨) પેમાભાઈ હરજીભાઈ બાવળીયા
(૧૩) ખીમાભાઈ મેરુભાઈ રબારી
(૧૪) ભરતભાઈ ગોવિંદભાઈ સારલા
(૧૫) સુનીલભાઈ હનાભાઈ ફીસડીયા
(૧૬) રઘુભાઈ છનાભાઈ નદીશાળીયા
(૧૭) યુવરાજસિંહ ક્રિપાલસિંહ પરમાર
(૧૮) ઉદયભાઈ ભરતભાઈ વિક્મા
(૧૯) રઘુભાઈ નાનજીભાઈ મકવાણા

# સાબરકાંઠા: છ ફોજદારની બઢતી સાથે ૧૪ પી.આઈ.ની બદલી

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

રાજ્યના ગૃહ વિભાગ દ્વારા કરવામાં આવેલી બદલી અને બઢતીના હુકમમાં સાબરકાંઠા જિલ્લાના ૮ પી.આઈ.ની બદલી તેમજ ૬ પી.એસ.આઈ.ને બઢતી સાથે ૧૪ પીઆઈની બદલી કરવામાં આવી છે. જ્યારે નવા આઠ પોલીસ ઈન્સ્પેકટરની નિમણુંક કરવામાં આવી છે.

સાબરકાંઠા જિલ્લામાંથી બદલી થયેલા પી.આઈ માં ગાંભોઈ પી.આઈ સંજય જગદીશગીરી ગોસ્વામી (સી.આઈ.ડી ક્રાઈમ ગાંધીનગર),વિજયનગર પી.આઈ અરવિંદ ભીખાભાઈ ચૌધરી (સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ), પ્રાંતિજ પી.આઈ નારાયણસિંહ રામદેવસિંહ ઉમટ (અમદાવાદ ગ્રામ્ય),જાદર પી.આઈ મમતાબેન દજુસિંહ ગઢવી (મહીસાગર), હિંમતનગર બી.ડિવિઝન પી.આઈ મયુરી દિનેશભાઈ ચૌહાણ (સી.આઈ.ડી ક્રાઈમ) અને સાબરકાંઠા એસ.ઓ.જી પી.આઈ ધર્મેન્દ્ર છગનલાલ પરમાર (અરવલ્લી) નો સમાવેશ થાય છે અન્ય બદલીઓમાં પી.આઈ જે.કે. રાઠોડ (અમદાવાદ શહેર),ખેડબ્રહ્મા પી.આઈ આર.ટી. ઉદાવત (અમદાવાદ શહેર), ઈડર પી.આઈ એ.જી.રાઠોડ (ખેડા), હિંમતનગર ગ્રામ્ય પી.આઈ એચ.આર. હેરભા (એ.સી.બી), હિંમતનગર એ. ડિવિઝન પી.આઈ પી.પી.વાઘેલા (અમદાવાદ શહેર), હિંમતનગર એ. ડિવિઝન પી.આઈ પી.એમ.ચૌધરી (સુરત), એલ.આઈ.બી પી.આઈ એન.એન.રબારી (વડોદરા શહેર) અને હિંમતનગર આઈ.યુ.સી. એ.ડબલ્યુ યુનિટ પી.આઈ બી.પી. ડોડીયા (રા.અ.પો.તા.કેન્દ્ર, ચોકી સોરઠ) નો સમાવેશ થાય છે.

સાબરકાંઠા જિલ્લામાં બદલી થઈને આવેલા પી.આઈ માં જામનગરથી એ.આર. ચૌધરી,જૂનાગઢથી આર.એ. ચૌધરી, મોરબીથી કે.જે. માથુકીયા,એ.સી.બી થી એમ.એમ. સોલંકી,અમદાવાદ શહેરથી કે.વાય. વ્યાસ,અમદાવાદ શહેરથી ડી.વી. હડાત,કચ્છ પૂર્વ ગાંધીધામથી એ.એમ.વાળા અને બનાસકાંઠાથી વી.એમ.ચૌધરીનો સમાવેશ થાય છે.

# મોરબીના નાની વાવડી ગામે ફઈબાના ઘરે યુવકનો આપઘાતનો પ્રયાસ

## ફુઆ ભત્રીજા વચ્ચે થયેલી બોલાચાલીમા આવેશમાં આવી પગલું ભર્યું

**અબતક, રાજકોટ**

મોરબીના નાની વાવડી ગામમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં ફુઆના ઘરે ગયેલા યુવકે કોઈ કારણોસર ગુસ્સામાં આવી જઈ કાચમાં જોરદાર હાથ મારતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. જેને સારવાર અર્થે તાત્કાલિક સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મોરબીના રણછોડનગર વિસ્તારમાં રહેતા ચિરાગભાઈ મહેશભાઈ રાવલ (ઉં.વ. ૪૦) ગઈકાલે નાની વાવડી ગામમાં ખોડિયાર ડેરી સામે આવેલી ન્યૂ ગાયત્રી સોસાયટીમાં રહેતા તેમના ફુઆ હરપાલભાઈના ઘરે કોઈ કામ અર્થે ગયા હતા. આ દરમિયાન ફુઆ અને ચિરાગભાઈ વચ્ચે કોઈ બાબતે ઉગ્ર બોલાચાલી અને ઝઘડો થયો હતો. ઝઘડા દરમિયાન આવેશમાં આવી ગયેલા ચિરાગભાઈએ મકાનના કાચ પર જોરદાર હાથ માર્યો હતો, જેના કારણે કાચ ફૂટી જતાં તેમના હાથમાં ઊંડા ઘા વાગ્યા હતા અને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેને સારવાર અર્થે પ્રથમ સ્થાનિક અને ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ચિરાગભાઈ ઈલેક્ટ્રિકનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે, પોતે એક ભાઈ બે બહેનમાં મોટા છે, તેમને સંતાનમાં એક દીકરો એક દીકરી છે. આ બનાવને પગલે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# વડિયામાં ગૃહકલેશની કંટાળી પરિણીતાએ અગ્નિસ્નાન કર્યું

## ગંભીર રીતે દાઝી ગયેલી મહિલાને સારવાર અર્થે રાજકોટની સિવિલ ખસેડાઈ

**અબતક, રાજકોટ**

અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાના વડિયા ગામમાં ૩૦ વર્ષીય પરિણીતાએ ઘરકંકાસથી કંટાળી જઈ પોતાના પર કેરોસીન છાંટી અગ્નિસ્નાન કરી આપઘાતનો પ્રયાસ કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ગંભીર રીતે દાઝી ગયેલી મહિલાને સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વડિયામાં રહેતા મિલનબેન રવિભાઈ રાવરાણી (ઉં.વ. ૩૦) ગઈકાલે સવારે ૯:૩૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા, ત્યારે કોઈ પારિવારિક કારણોસર ચાલી રહેલા ગૃહકલેશથી કંટાળી પોતાના શરીર પર કેરોસીન છાંટી દિવાસળી ચાંપી દીધી હતી. ઘટનાની જાણ પરિવારજનોને થતા જ તેઓએ તાત્કાલિક ગંભીર હાલતમાં મિલનબેનને પ્રથમ અમરેલી અને ત્યારબાદ વધુ સારવાર માટે તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મિલનબેનના પતિ રવિભાઈ દરજી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે, તેમને સંતાનમાં એક દીકરી એક દીકરો છે. આ મામલે સ્થાનિક પોલીસે નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# પોરબંદરમાં ચોપાટી ખાતેના શિવાજી બાગની જાળવણીમાં તંત્ર નિષ્ફળ?

## બગીચો હાલ નશેડીઓ અને પ્રેમી પંખીડાઓનો અડ્ડો બન્યો હોવાનો આક્ષેપ

**અબતક, અશોક થાનકી, પોરબંદર**

પોરબંદરની શાન ગણાતી ચોપાટી આજે ચર્ચામાં છે. કરોડોના ખર્ચે બનેલા બગીચાઓની જાળવણીમાં તંત્ર નિષ્ફળ ગયું હોય તેવું લાગી રહ્યું છે. ખાસ કરીને ચોપાટી પાસે આવેલું ગાર્ડન હવે સહેલાણીઓ માટે નહીં, પણ નસેડીઓ અને પ્રેમી પંખીડાઓ માટે સુરક્ષિત અડ્ડો બની ગયું છે. - ગાંધીભૂમિ પોરબંદરની ચોપાટી છે, જ્યાં લોકો હરવા-ફરવા આવે છે. પરંતુ અહીં આવેલું આ ગાર્ડન અત્યારે પોતાની બદહાલી પર આંસુ સારી રહ્યું છે. પરંતુ આ ગાર્ડનની હાલત જોઈને પ્રશ્ન થાય છે કે આ પૈસા જાય છે ક્યાં? એક તરફ વિકાસના બણગાં ફૂંકવામાં આવે છે, તો બીજી તરફ વાસ્તવિકતા કંઈક અલગ જ છે. પોરબંદર ચોપાટી ખાતે આવેલું ગાર્ડન આજે અતિ બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યું છે. ગાર્ડન અત્યારે નસેડીઓ અને પ્રેમી પંખીડાઓનો અડ્ડો બન્યો હોવાના આક્ષેપ કરવામાં આવ્યો છે. શું તંત્ર કોઈ મોટી ઘટનાની રાહ જોઈ રહ્યું છે?'' આ બગીચામાં દારૂની બોટલો પણ જોવા મળે છે જો કે આ મામલે મહાનગરપાલિકા ના ડેપ્યુટી કમિશ્નર મનન ચતુર્વેદી એ યોગ્ય કરવાની ખાતરી આપી છે.

(પહેલા પાનાનું ચાલું)

### સેન્સેક્સ...

એમસીએક્સ પર આજે ચાંદીના ભાવમાં રૂ. ૬૮૦૦ અને સોનાના ભાવમાં રૂ.. ૨૪૦૦ નો ઉછાળો જોવા મળ્યો હતો. ડોલર સામે રૂપિયો ૪૮ પૈસા તુટયો હતો.

આ લખાય રહ્યું છે ત્યારે સેન્સેક્સ ૧૧૧૫ પોઈન્ટના ઘટાડા સાથે ૭૪૧૫૭, નીફટી ૩૩૨ પોઈન્ટના ઘટાડા સાથે ૨૨૯૭૪ પોઈન્ટ પર કામકાજ કરી રહ્યા છે. ડોલર સામે રૂપિયો ૪૮ પૈસાના ઘટાડા સાથે ૯૪.૪૫ પર ટ્રેક કરી રહ્યા છે.

### ઈરાની ઈંધણ...

પસાર થઈ રહ્યા છે. તાજેતરના દિવસોમાં આ ગતિવિધિઓમાં પણ વધારો જોવા મળ્યો છે. બીજી તરફ યુદ્ધગ્રસ્ત ઈરાને હોર્મુઝ મારફતે હુમલાખોર દેશો તરફ જતા જહાજોને રોકી દીધા છે.

વૈશ્વિક બ્રેન્ટ બેન્ચમાર્કની સરખામણીમાં ઈરાનના ક્રૂડની સ્થિતિ વધુ મજબૂત બની છે. આ સપ્તાહની શરૂઆતમાં તેના ડિસ્કાઉન્ટમાં ઘટાડો થઈને પ્રતિ બેરલ ૨.૧૦ ડોલરની આસપાસ આવી ગયું છે, જે છેલ્લા એક વર્ષમાં સૌથી ચુસ્ત સ્તર છે. ઉલ્લેખનીય છે કે, બંને દેશો વચ્ચે યુદ્ધની શરૂઆત પહેલા આ અંતર પ્રતિ બેરલ ૧૦ ડોલરથી વધુ હતું.

જ્યારે ઈરાક અને કુવૈત જેવા દેશોને તેમના ઓઈલ ઉત્પાદનમાં ભારે ઘટાડો કરવાની ફરજ પડી છે અને યુએઈ તથા સાઉદી અરેબિયા વૈકલ્પિક નિકાસ માર્ગો શોધવાના પ્રયાસો કરી રહ્યા છે, ત્યારે ઈરાને પર્શિયન ગલ્ફમાંથી ક્રૂડની શિપિંગ અવિરત ચાલુ રાખી છે. ૧ થી ૨૩ માર્ચ વચ્ચે ઈરાને સરેરાશ ૧.૬ મિલિયન બેરલ પ્રતિદિન નિકાસ કરી છે. આ પહેલા ફેબ્રુઆરી મહિનામાં પણ ઈરાને જુલાઈ ૨૦૧૮ પછીની સૌથી વધુ શિપમેન્ટ નોંધાવી હતી.

ઈરાનના મુખ્ય નિકાસ હબ ખાર્ગ આઈલેન્ડ પરની ઓઈલ સુવિધાઓ અમેરિકાના હુમલાઓથી અત્યાર સુધી બચી જવા પામી છે. અમેરિકન હુમલાઓમાં માત્ર સૈન્ય મથકોને જ નિશાન બનાવવામાં આવ્યા છે, જોકે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે યુદ્ધના શરૂઆતના દિવસોમાં આ આઈલેન્ડ પર હુમલો કરવાનો સ્પષ્ટ સંકેત આપ્યો હતો. ઈરાને પણ અમેરિકા અને ઈઝરાયેલને ચેતવણી આપી દીધી છે કે જો તેના ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવવામાં આવશે તો હોર્મુઝની સામુદ્રધુનીને ''સંપૂર્ણપણે બંધ'' કરી દેવામાં આવશે.

દરમિયાન, ડોનાલ્ડ ટ્રમ્પે ૬ એપ્રિલ સુધી ઈરાનના ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરના હુમલાઓ અટકાવી દીધા છે અને કહ્યું છે કે બંને દેશો વચ્ચે વાટાઘાટો ચાલી રહી છે. તેમણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''ઈરાન સરકારની વિનંતી મુજબ, હું એનર્જી પ્લાન્ટના વિનાશનો સમયગાળો ૧૦ દિવસ માટે એટલે કે સોમવાર, ૬ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ રાત્રે ૮ વાગ્યા સુધી રોકી રહ્યો છું.''

### હોર્મુઝ ટોલબુથ...

જેના કારણે એશિયન દેશોમાં ઓઈલની અછત સર્જાઈ છે અને વૈશ્વિક સ્તરે ભાવ આસમાને પહોંચ્યા છે. ૧ માર્ચથી અત્યાર સુધીમાં માત્ર ૧૫૦ જેટલા જહાજો જ અહીંથી પસાર થઈ શક્યા છે. સુરક્ષાના જોખમને કારણે, પસાર થતા લગભગ અડધા જહાજો તેમની રેડિયો આઈડેન્ટિફિકેશન (લોકેશન ટ્રેકિંગ) સિસ્ટમ બંધ રાખે છે. સંયુક્ત રાષ્ટ્રની સંસ્થાના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં ૧૮ જહાજો પર હુમલા થયા છે અને ૭ ક્રૂ મેમ્બર્સના મોત નિપજ્યા છે. જોકે, ઈરાને આઈએમઓને પત્ર લખીને બચાવ કર્યો છે કે તેણે આંતરરાષ્ટ્રીય કાયદાના સિદ્ધાંતો હેઠળ 'દરિયાઈ સલામતી અને સુરક્ષા' જાળવવા માટે જ આ પગલાં લીધા છે.

### અકસ્માત...

કાર્યક્રમમાંથી પરત ફરી રહેલી બસ અને પિક-અપ વાહન વચ્ચે થયેલી અથડામણમાં ૧૦ લોકોના મોત થયા છે અને ૨૦થી વધુ લોકો ઘાયલ થયા છે, તેમ એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. આ ઘટના જિલ્લા મથકથી લગભગ ૨૫ કિલોમીટર દૂર નાગપુર રોડ પર સિમરિયા પાસે બની હતી. આ અકસ્માતમાં છ પુરુષો, ત્રણ મહિલાઓ અને એક બાળકનું મોત થયું છે. કોતવાલી સ્ટેશન હાઉસ ઓફિસર આશિષ કુમારે ઉમેર્યું હતું કે, અકસ્માત સમયે બસમાં ૪૦થી વધુ મુસાફરો સવાર હતા. ઘાયલોને એમ્બ્યુલન્સ અને અન્ય વાહનો દ્વારા જિલ્લા હોસ્પિટલ અને નજીકની અન્ય તબીબી સુવિધાઓમાં લઈ જવામાં આવ્યા છે.

### પેટ્રોલ-ડીઝલમાં રાહત...

દ્વારા આજે બહુ મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. પેટ્રોલ અને ડીઝલ પરની સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરવામાં આવ્યો છે. હાલ પેટ્રોલ પર પ્રતિ લીટર રૂ. ૧૩ એક્સાઈઝ ડ્યુટી વસુલવામાઃ આવે છે. જેમાં રૂ. ૧૦ નો ઘટાડો કરી રૂ. ૩ કરવામાં આવી છે. જયારે ડીઝલ પર પ્રતિ લીટર હાલ વસુલવામાં આવતી રૂ. ૧૦ એક્સાઈઝ ડ્યુટી શુન્ય કરી દેવામાં આવી છે.

આ નિર્ણયથી ઓઈલ કંપનીઓને મોટો ફાયદો થશે ખોટમાં ઘટાડો થશે બીજી તરફ આંતર રાષ્ટ્રીય બજારમાં ક્રુડ બેરલના ભાવમાં વધારો થઈ રહ્યો હોવા છતાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ જ પ્રકારોનો વધારો થશે. નહી ખાનગી ઓઈલ કંપની નયારા દ્વારા ગઈકાલે પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારો કરી દેવામાં આવ્યો છે. હવે કેન્દ્ર સરકારે એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરતા બની શકે કે, કંપની દ્વારા ભાવ વધારો પાછો ખેંચી શકાય.

### અમેરિકા રાષ્ટ્રપતિની સહી...

કરવાની યોજના રાષ્ટ્રના ૨૫૦મા સ્વાતંત્ર્ય દિવસના સન્માનમાં છે. આ નોટો પર ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટની સહી પણ જોવા મળશે. સ્કોટ બેસેન્ટના મતે, ડોનાલ્ડ ટ્રમ્પના નામવાળી ડોલરની નોટોથી દેશની ઐતિહાસિક સિદ્ધિઓને ઓળખવાનો આનાથી વધુ શક્તિશાળી બીજો કોઈ રસ્તો નથી. રટગર્સ ખાતેના સેન્ટર ફોર મોનેટરી એન્ડ ફાઈનાન્સિયલ હિસ્ટ્રીના ડિરેક્ટર માઈકલ બોર્ડોના જણાવ્યા મુજબ, આ પગલાથી રાજકીય વિરોધ ચોક્કસપણે થશે, પરંતુ કોઈ કાનૂની મર્યાદાઓ ઓળંગાઈ છે કે કેમ તે સ્પષ્ટ નથી. કારણ કે, વર્ષ ૧૮૬૨માં કોંગ્રેસે સિવિલ વોર દરમિયાન ટ્રેઝરી સેક્રેટરીને ચલણી નોટોની ડિઝાઈન અને પ્રિન્ટ કરવાની સત્તા આપી હતી, જેથી તેઓ સહી કોની રહેશે તે નક્કી કરવાનો અધિકાર ધરાવે છે.

ડેમોક્રેટ્સ દ્વારા આ નિર્ણયની આકરી ટીકા કરવામાં આવી રહી છે, કારણ કે આ જાહેરાત એવા સમયે થઈ છે જ્યારે અમેરિકનો મોંઘવારી અને તાજેતરમાં શરૂ થયેલા ઈરાન યુદ્ધના કારણે ઈંધણના વધતા ભાવોનો સામનો કરી રહ્યા છે. ડેમોક્રેટિક સાંસદ શોન્ટેલ બ્રાઉને એક્સ પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે ટ્રેઝરીની આ યોજના ઘૃણાસ્પદ અને અન-અમેરિકન છે. પરંતુ આનાથી ઓછામાં ઓછું એ યાદ રહેશે કે જ્યારે આપણે ગેસ અને કરિયાણા માટે વધુ ચૂકવણી કરીએ ત્યારે કોનો આભાર માનવો.

(છેલ્લા પાનાનું ચાલુ)

### જીટીયુ કુલપતિ...

તો પણ ચાર સભ્યોની નિયુક્તિ કરવામાં અને સત્તાવાર કમિટીની જાહેરાત કર્યા બાદ સમગ્ર દેશમાં જાહેરાત આપીને ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવા સહિતની પ્રક્રિયામાં બેથી ત્રણ માસ જેટલો સમય પસાર થતો હોય છે. આમ, જીટીયુને ચાલુવર્ષે પણ નિર્ધારિત સમયમાં કુલપતિ મળશે કે કેમ તે એક પ્રશ્ન છે. સૂત્રો કહે છેકે, વર્તમાન કુલપતિને બીજા ટર્મ મળશે તેવી ચર્ચાઓ પણ શરૂ થઈ છે. જોકે, યુનિવર્સિટીના સૂત્રો કહે છેકે, વર્તમાન કુલપતિની ટર્મ પૂરી થઈ ત્યાં સુધી તેઓ યુનિવર્સિટીમાં કામ કરતાં તમામ કર્મચારી-અધિકારીઓને પણ ઓળખતાં નથી. વર્તમાન કુલપતિ એક અધિકારી તરીકેની વિશેષ છાપ ધરાવે છે. આ સ્થિતિમાં તેમને બીજી ટર્મ આપવામાં આવશે કે કેમ તે પ્રશ્ન છે.

### દૂધ ઉત્પાદક મંડળી...

પશુ હોય, તો તે રોજનું અંદાજે ૧૦૦ કિલો છાણ આપી શકે, જેનો અર્થ છે કે તેને મહિને રૂ. ૩૦૦૦ જેટલી વધારાની આવક માત્ર છાણમાંથી થશે. બાયો-સીએનજી વેચીને મંડળી રોજની લાખોની કમાણી કરી શકશે (જેમ કે બનાસ ડેરી રોજની ૩ લાખની આવક કરે છે). આ નફાનો હિસ્સો અંતે તો પશુપાલક સભાસદોને બોનસ સ્વરૂપે જ મળે છે.

### વસ્તી ગરીબી રેખા હેઠળ...

આપ્યું છે. રાજ્ય સરકારે ૬૩ સરકાર હસ્તકના જાહેર ક્ષેત્રના ઉપક્રમો માં રૂપિયા ૧.૨૪ લાખ કરોડનું રોકાણ કર્યુ. ૬૩ જાહેર ક્ષેત્રના એકમો માં રોકાણ ની સામે માત્ર ૬ એકમોએ વળતર આપ્યું. ઉધાર લીધેલા ૬.૫૩ ટકા ના ભંડોળ સામે માત્ર ૧.૭૫ ટકા વળતર મળ્યું, રોકાણ માં વધારો છતાં વળતર સામાન્ય રહ્યું હતું, બે દાયકા બાદ પણ સરકારી ખર્ચનો હિસાબ રજૂ ન થયો, કેગ દ્વારા સરકારી વિભાગો દ્વારા હિસાબ રજૂ ન થતા ગંભીર ટીકા કરવામાં આવી છે.

વર્ષ ૨૦૦૧-૦૨ થી વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન અપાયેલી રૂપિયા ૭,૪૩૧ કરોડનો હિસાબ રજૂ નથી કર્યો, સરકારના ૧૮ વિભાગો દ્વારા મળેલા અનુદાનો સંદર્ભે ૪,૨૫૮ વપરાશ ના પ્રમાણપત્રો રજૂ ન કરી ને મોટા પાયે નાણાં ક્યાં વપરાયા ? કેવી રીતે વપરાયા ? અથવા તો જે તે યોજનામાં હેતુફેર કરીને ગેરવલ્લે ગયા, ગેરરીતિ થઈ તે બાબતે સરકારી વિભાગોએ ભાગેડુ માનસિકતા બતાવી છે, જેનો કેગ અહેવાલે ખુલ્લો કર્યા છે.

# દુઃખદ અવસાન

**સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

## દિપક ઈલેક્ટ્રિકલવાળા મુકેશભાઈ કામદારના માતૃશ્રીનું અવસાન



**રાજકોટઃ** દીપક ઈલેક્ટ્રિકલ વાળા મુકેશભાઈ કામદારના માતૃશ્રી ગૌ.વાસી. નિમેલાબેન ક્રિષ્નાલાલ કામદાર (ઉં.વ. ૯૪) તે અ.સૌ. ઉર્વશીબેન ભરતભાઈ પારેખ માતૃશ્રી, કેતનભાઈ અ સૌ.રિધ્ધીબેન ના દાદી. નું દુખ અવસાન થયેલ છે.તેમનું બેસણું તા.૨૮ ને શનિવાર સાંજે ૪-૩૦ થી ૬-૦૦ નેહરુનગર કોમ્યુનિટી હોલ,મારવાડી શેર બિલ્ડીંગ સામેની શેરી ,નાનામવા રોડ ,રાજકોટ ખાતે રાખેલ છે.મુકેશભાઈ કામદારના મો. નં. ૯૪૨૮૨ ૦૧૨૭૮ છે.

**રાજકોટઃ** મુળ અમરેલીના સ્વ. અંદરજીભાઈ મીઠાભાઈ ગણાત્રાના પુત્ર ભીખુભાઈના પત્ની સરોજબેન (ઉ.વ.૭૭) ને સ્વ. રાજુભાઈ, દેવાંગભાઈ, હિનાબેન જયપ્રકાશભાઈ રૂપારેલ (મહુવા)ના માતા, બીપીનભાઈના ભાભી, ચલાલા નિવાસી સ્વ. છોટાભાઈ હરજીભાઈ ઉનડકટના દીકરી, ભુપેન્દ્રભાઈ (રાજકોટ), અશ્વિનભાઈ, મનોજભાઈ (ભાવનગર)ના બહેનનું તા. ૨૬ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તથા પિયર પક્ષની સાદડી તા. ૨૭ ને શુક્રવારે સાંજે ૪ થી ૬ દરમિયાન રામેશ્વર હોલ, નાણાવટી મેઈન રોડ, રામેશ્વર ચોક, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** દ્વારકા નિવાસી રમેશભાઈ હરિદાસ રાયઠઠ્ઠા (ઉ.વ.૭૨) (રાધે એજન્સી વાળા) તે સ્વ હરિદાસ આણંદજી રાયઠઠ્ઠા ના પુત્ર, ભાવિનભાઈ, અમિતભાઈ ના પિતા, સ્વ મંગલદાસ લક્ષ્મીદાસ બારાઈ (સલાયા વાળા) ના જમાઈનું અવસાન થયેલ છે. સદગતનું બેસણુ તથા સસરા પક્ષની સાદળી તા ૨૭ ને શુક્રવાર ના રોજ સાંજે ૪:૩૦ થી ૫ વાગ્યા સુધી મણીબેન ટાઉનહોલ,બાલ મંદિર પાસે રાખેલ છે.

**રાજકોટઃ** સતોદડિયા શ્રીગૌડ મેડતવાળ બ્રાહ્મણ સ્વ. જીજ્ઞાબેન આકાશભાઈ શુકલ તે લલીતભાઈ અમૃતલાલ શુકલ, બીનાબેન લલીતભાઈ શુકલના પુત્રવધુ, આકાશ લલીતભાઈ શુકલના પત્ની, જલ્પાબેન, સમીરભાઈ લલીતભાઈ શુકલના ભાભી, આર્યાના માતાનું તા. ૨૬ ના રોજ અવસાન થયેલ છે. તેનું બેસણું તા. ૨૭ ના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન સત્યેશ્વર મહાદેવ મંદિર, સત્યમ શિવમ સુંદરમ સોસાયટી જામનગર રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** ગુજરાતી શ્રીગૌડ માળવી બ્રાહ્મણ મૂળ સમાણા હાલ રાજકોટ સ્વ. રમેશચંદ્ર ચીમનલાલ મહેતાના પત્ની મધુબેન (ઉ.વ. ૭૬) તે સ્વ. નવીનભાઈના લઘુબંધુના પત્ની તે જીજ્ઞેશભાઈ તથા અંજનાબેન જીતેન્દ્રકુમાર પંડ્યા (અમરેલી)ના માતુશ્રી તે સ્વ. વિશ્વનાથભાઈ હરિનંદભાઈ જોષી (કોટડા સાંગાણી)ના દીકરીનું તા. ૨૬/૩ને ગુરુવારે અવસાન થયું છે. સદગતનું બંને પક્ષનું ઉઠમણું તથા બેસણું તા. ૨૮/૩ને શનિવારે સાંજે ૪ થી ૬ સાંઈનાથ મહાદેવ મંદિર, સાંઈબાબા પાર્ક, અલય રેસિડેન્સીની પાસે, નાના મવા રોડ, રાજકોટ ખાતે રાખ્યું છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# યુધ્ધના કારણે કેશોદ સહિત જૂનાગઢ જિલ્લામાં હીરા-ઉદ્યોગમાં મહા મંદી: રોજગારી પર સંકટ

## જૂનાગઢ જિલ્લામાં ૧૫ હજારથી વધુ રત્ન કલાકારોને રાહત પેકેજ આપવા માંગ



**અબતક, જય વિરાણી, કેશોદ**

કેશોદ સહિત જૂનાગઢ જિલ્લામાં હીરા ઉદ્યોગમાં છેલ્લા ત્રણથી ચાર વર્ષથી ગંભીર મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે, જેના કારણે કારીગરોથી લઈને કારખાનેદારો સુધી દરેક વર્ગ પર તેની સીધી અસર પડી રહી છે. એક સમયનો મુખ્ય રોજગાર ગણાતો હીરા ઉદ્યોગ હવે આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિઓના કારણે કમજોર બનતો જઈ રહ્યો છે. રશિયા-યુક્રેન યુદ્ધ તેમજ ઈરાન-ઈઝરાયેલ વચ્ચેના તણાવના કારણે વૈશ્વિક બજારમાં હીરાની માંગ ઘટી છે, જેના પરિણામે સ્થાનિક સ્તરે પણ ઉદ્યોગ પર પ્રતિકૂળ અસર પડી છે.

કેશોદ વિસ્તારમાં કાર્યરત હીરા કારીગરોના જણાવ્યા મુજબ, અગાઉ રોજના અંદાજે ૫૦૦ રૂપિયા જેટલું કામ મળતું હતું, જ્યારે હાલ મંદીના કારણે આ આવક ઘટીને માંડ ૩૦૦ રૂપિયા જેટલી રહી ગઈ છે. આવકમાં ઘટાડો થતાં કારીગરો માટે પોતાના પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે. અનેક પરિવારો આર્થિક તંગીનો સામનો કરી રહ્યા છે અને રોજિંદા ખર્ચા પૂરા કરવા માટે સંઘર્ષ કરવો પડી રહ્યો છે.

મંદીના કારણે કારખાનાઓમાં કામની અછત સર્જાતા ઘણા કારીગરોએ હીરા ઉદ્યોગ છોડીને અન્ય મજૂરી કામ તરફ વળવું પડ્યું છે, જ્યાં તેમને થોડું વધુ વેતન મળી રહે છે. જેના કારણે હીરા ઉદ્યોગમાં કુશળ કામદારોની પણ અછત ઉભી થઈ રહી છે.

કારખાનેદારો માટે પણ પરિસ્થિતિ અનુકૂળ નથી. અગાઉ જ્યાં એક કારખાનામાં ૫૦થી ૬૦ જેટલા કારીગરો કામ કરતા હતા, ત્યાં હવે આ સંખ્યા ઘટીને ૨૫થી ૩૦ સુધી સીમિત થઈ ગઈ છે. બજારમાં માંગ ઘટતા અને હીરાને યોગ્ય ભાવ ન મળતા કારખાનાઓ ચલાવવું મુશ્કેલ બન્યું છે. ઘણા કારખાનાઓ બંધ થવાના આરે પહોંચી ગયા છે.

ઓછા વેતન અને કામની અછતના કારણે કારીગરોના પરિવાર અને બાળકોના ભણતર પર પણ અસર પડી રહી છે. સામાજિક અને આર્થિક રીતે પણ આ મંદીનો વ્યાપક પ્રભાવ જોવા મળી રહ્યો છે.

અંદાજે જૂનાગઢ જિલ્લામાં ૧૦થી ૧૫ હજાર જેટલા કારીગરો આ મંદીથી પ્રભાવિત થયા છે. હાલ ઉદ્યોગ સાથે જોડાયેલા લોકો સરકાર પાસે રાહત પેકેજ અને સહાયની માંગ કરી રહ્યા છે, જેથી હીરા ઉદ્યોગને ફરી ગતિ મળે અને કારીગરોના જીવનમાં સ્થિરતા આવી શકે.

# ધોરાજીના નાગલખડા અને ઉદકીયા ગામના સરપંચો કાર્યકર્તાઓ સાથે ભાજપમાં જોડાયા



**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી શહેર વોર્ડ નંબર-૧ ના ભાજપ કાર્યાલય ખાતે રાજકોટ જિલ્લા ભાજપના દિગ્ગજ નેતાઓની ઉપસ્થિતિમાં એક ભવ્ય પ્રવેશ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધોરાજી તાલુકાના નાગલખડા ગામના સરપંચ અશરફભાઈ અલીભાઈ સમા તથા ઉદકીયા ગામના સરપંચ મહમદભાઈ સતારભાઈ સાયરાએ પોતાના તમામ કાર્યકર્તાઓ સાથે વિધિવત રીતે ભારતીય જનતા પાર્ટીનો કેસરીયો ધારણ કર્યો હતો.

આ પ્રસંગે રાજકોટ જિલ્લા ભાજપ લઘુમતિ મોરચાના પ્રમુખ અસલમભાઈ મલેક, જિલ્લા મહામંત્રી સબીરભાઈ ગરાણા અને આબેદિનભાઈ હિરાણી, પ્રદેશ લઘુમતી મોરચાના હમિદભાઈ ગોડીલ, રાજકોટ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ રાજુભાઈ બાલધા, ધોરાજી તાલુકા ભાજપ પ્રમુખ હિતેશભાઈ વાઘમશી તેમજ જિલ્લા લઘુમતી ઉપપ્રમુખ જાવીદભાઈ પલેજા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવો દ્વારા નવા જોડાયેલા સરપંચો અને કાર્યકર્તાઓને ભાજપનો ખેસ પહેરાવી પક્ષમાં આવકારવામાં આવ્યા હતા.

આ પ્રવેશ કાર્યક્રમ દરમિયાન બોદુભાઈ ચૌહાણ, સલીમભાઈ શેખ, રહીશ મેમણ, રફીક બેલીમ, ફારૂકભાઈ મેમણ સહિતના ભાજપના આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. આ જોડાણથી ધોરાજી પંથકમાં ભાજપનું સંગઠન વધુ મજબૂત બન્યું હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

# જસદણના કાળાસરમાં ભરવાડ - રબારી સમાજ એકતા સંગઠન સમિતિના નવા હોદેદારો વરાયા

## જસદણ વિંછીયા તાલુકા પ્રમુખની જવાબદારી કાળુ ભગતના શિરે: ઉપપ્રમુખ તરીકે કમાભાઈ રબારીની નિમણુંક



**અબતક, જસદણ**

જસદણ તાલુકાના કાળાસર ગામે પવિત્ર ઠાકર મંદિરના સાનિધ્યમાં ભરવાડ અને રબારી સમાજની એકતા સંગઠન સમિતિની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જસદણ અને વિંછીયા તાલુકાના સમાજના શ્રેષ્ઠીઓ અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ તકે બંને જ્ઞાતિઓ વચ્ચે અતૂટ એકતા જળવાય અને સમાજ પ્રગતિના પંથે આગળ વધે તેવા ઉમદા હેતુ સાથે નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

આ બેઠક દરમિયાન જસદણ અને વિંછીયા તાલુકાના પ્રમુખ તરીકે કાળુભગત ભરવાડ અને ઉપપ્રમુખ પદે કમાભાઈ રબારીની નિમણુંક કરવામાં આવી હતી. જ્યારે વિંછીયા તાલુકાના પ્રમુખ તરીકે હસાભાઈ રબારી અને ઉપપ્રમુખ પદે શૈલેષભાઈ ભરવાડની નિમણુંક કરવામાં આવી હતી.

આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર હોદ્દેદારોની નિમણૂક પૂરતો મર્યાદિત ન રહેતા, સમાજના સર્વાંગી વિકાસ પર કેન્દ્રિત રહ્યો હતો. ચર્ચા દરમિયાન આગેવાનોએ ભરવાડ અને રબારી સમાજના બાળકો ઉચ્ચ શિક્ષણ મેળવી પગભર બને અને દેશના વિકાસમાં ફાળો આપે, બંને સમાજ ખભેખભા મિલાવીને ચાલે અને એકતા મજબૂત કરે, સમાજમાં ઘર કરી ગયેલા કુરિવાજોને દૂર કરી સાદગીપૂર્ણ અને આધુનિક વિચારધારા અપનાવવી વગેરે મુદ્દાઓ પર ભાર મુક્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જસદણ અને વિંછીયા તાલુકાના બંને સમાજના આગેવાનો અને કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી. અંતમાં નવનિયુક્ત હોદ્દેદારોને ઉપસ્થિત તમામ લોકોએ અભિનંદન પાઠવ્યા હતા.

# હિંમતનગરથી ખેડબ્રહ્મા રેલવે લાઈન પર ઈલેકટ્રીક એન્જીનનું સફળ ટ્રાયલ

## ૩૧ માર્ચે વાવથી રેલ વિભાગના વિવિધ પ્રોજેકટનું ઈ-લોકાપર્ણ કરાશે



**અબતક, સંજય દિક્ષીત, સાંબરકાંઠા**

મતનગરથી ખેડબ્રહ્મા રેલવે લાઈન પર ઈલેક્ટ્રિક એન્જીનનું સ્પીડ ટ્રાયલ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ ટ્રાયલ દરમિયાન, ઈલેક્ટ્રિક લોકો ૪૦ મિનિટમાં ખેડબ્રહ્મા પહોંચ્યો હતો અને પરત હિંમતનગર ૩૦ મિનિટમાં આવ્યો હતો આ રેલવે લાઈનનું ઉદઘાટન ૩૧ માર્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ઈ-લોકાર્પણ દ્વારા કરવામાં આવશે તેવું આધારભુત સૂત્રો દ્વારા જાણવા મળે છે.

હિંમતનગરથી ખેડબ્રહ્મા સુધીની આ ગેજ પરિવર્તન રેલવે લાઈન પર ખેડબ્રહ્મા-હિંમતનગર-અસારવા મેમુ ટ્રેન સેવા શરૂ કરવાની પ્રાથમિક માહિતી સૂત્રો દ્વારા મળી છે

બુધવારે સવારે અમદાવાદથી ઈલેક્ટ્રિક લોકો ૧૨:૪૦ વાગ્યે હિંમતનગર રેલવે સ્ટેશને પહોંચ્યો હતો ત્યારબાદ અમદાવાદ રેલવેના ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર પ્રદીપ ગુપ્તા અને સી.પી.એમ એસ.આર.પ્રસાદ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે ઈલેક્ટ્રિક એન્જીનું ખેડબ્રહ્મા જવા રવાના થયું હતું.

હિંમતનગર રેલવે સ્ટેશનથી બપોરે ૧ વાગ્યે સ્પીડ ટ્રાયલ શરૂ થયો હતો ઈલેક્ટ્રિક લોકો ૯૦ કિ.મી પ્રતિ કલાકની ઝડપે ૫૫ કિ.મીનું અંતર કાપીને ૧:૪૦ વાગ્યે ખેડબ્રહ્મા પહોંચ્યો હતો ત્યાં ૨૦ મિનિટના રોકાણ બાદ બપોરે ૨ વાગ્યે ખેડબ્રહ્માથી હિંમતનગર તરફ પરત પ્રયાણ કર્યુ હતું. ૧૧૦ થી ૧૧૨૦ કિ.મી પ્રતિ કલાકની ઝડપે ૫૫ કિમીનું અંતર ૩૦ મિનિટમાં કાપીને ઈલેક્ટ્રિક એન્જીનું બપોરે ૨:૩૦ વાગ્યે હિંમતનગર રેલવે સ્ટેશને પરત ફર્યુ હતું.

# ઉના: દીકરીને સિંહણના મુખમાંથી બચાવી લેનાર માતાનું સન્માન

## ખોડલધામમાં ઉના-ગીર ગઢડા તાલુકા લેઉવા પટેલ સમાજ દ્વારા ત્રિ-વિધ કાર્યક્રમ યોજાયો



**અબતક, ઉના**

ઊના ના ખોડલ ધામ માં ઊના ગીર ગઢડા તાલુકા લેઉવા પટેલ સમાજ દ્વારા ત્રિવિધ કાર્યક્રમ માં દીકરી ને સિંહણ ના મુખ માંથી બચાવી લેનાર બહાદુર માતા અને દીકરી નું સમાજ દ્વારા ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતુ.

ઊના શહેર મા ઉન્નત નગર માં આવેલ ખોડલ ધામ માં ઊના અને ગીર ગઢડા તાલુકા લેઉવા પટેલ સમાજ દ્વારા ત્રિવિધ કાર્યક્રમ સમાજ ના પ્રમુખ ધીરુભાઈ પડશાળા ના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ સમારોહ માં સમાજ ના આગેવાન ઉકાભાઈ બુહા , અશોકભાઈ છોડવાડીયા, નરસિહ ભાઈ ડોબરિયા, ડાયાભાઈ ઝાલાવાડીયા, યુવક મંડળ ના પ્રમુખ હિતેષ ભાઈ દુધાત , ઉકાભાઈ વઘાસિયા, ભરત ભાઈ વિગેરે આગેવાનો સમાજ ના મહિલા આગેવાનો અને મોટી સંખ્યામાં હાજરી આપી હતી. પ્રથમ ખોડલ ધામ સંકુલ માં સંત કવિ ભોજલરામ બાપુ અને સરદાર વલ્લભભાઈ પટેલ ની પૂર્ણ કદ ની મૂર્તિ નું અનાવરણ કરવામાં આવ્યું હતું. લેઉઆ પટેલ સમાજ નું ગૌરવ વધાર નાર ગીર ગઢડા તાલુકાના શાણા વાકિયા ગામ ના મનીષા બેન મહેશ ભાઈ રામાણી જેમણે ગત તા. ૧૦/૩/૨૬ આંબા ના બગીચા માં માતા સાથે ખાખડી વીણતી આઠ વરસ ની દીકરી રિવા ને માતા ની નજર સામે એક સિંહણ શિકાર ની લાલચ માં મોઢા માં દબોચી નાસવા લાગી હતી જે માતા જોઈ લેતા તુરંત હિંમત કરી દીકરી રિવા ને સિંહણ ના કબજા માંથી છોડાવવા સિંહણ પાછળ દોટ મૂકી હાથમાં રહેલ છુટ્ટા પથર સિંહણ ઉપર મારતા સિંહણ દીકરી ને મુખ માંથી છોડી જંગલ માં નાસી ગઈ હતી. દીકરી રિવા ને પીઠ ના ભાગે અને શરીર ના ભાગે ઉઝરડા પડી ગયા હતાં. જે ને સારવાર માટે ઊના લાવેલ હોય. તેમની હિંમત અને દીકરી રિવા ની હિંમત લોકો ને પ્રેરણા મળે તે માટે સમાજ દ્વારા સમાજની મહિલા આગેવાનો દ્વારા માં અને દીકરી ને ફુલ હાર પહેરાવી સ્મૃતિ ચિહન આપી સન્માન કરવામાં આવ્યું હતું.

# ભચાઉ-સામખીયારી ખાતે લોન મેળો યોજાયો

## વ્યાજખોરો વિરૂધ્ધની ઝુંબેશ હેઠળ કામગીરી ૧૪૦ નાગરિકોને લોન અપાઈ



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

પૂર્વ કચ્છ એસપી સાગર બાગમારની વ્યાજખોરો વિરુદ્ધની ઝુંબેશ હેઠળ ભચાઉ ડિવિઝન પોલીસ દ્વારા ભચાઉ પોલીસ સ્ટેશનના પ્રાંગણમાં એક ભવ્ય લોન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભચાઉ, સામખીયારી અને લાકડીયા પોલીસના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં એકીસીસ બેંક, બેંક ઓફ બરોડા, બેંક ઓફ ઈન્ડીયા, એચડીએફસી, બરોડા ગુજરાત ગ્રામિણ બેન્ક, સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા, આઈસીસીઆઈ, એસબીઆઈ તેમજ નગરપાલિકાના લોન વિભાગના અધિકારીઓએ હાજરી આપી હતી. અંદાજે ૧૪૦થી વધુ નાગરિકોને સરકારી ધારાધોરણ મુજબ સરળતાથી લોન મેળવવા અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ડીવાયએસપી સાગર સાંબડાએ જણાવ્યું હતું કે, સામાન્ય જનતા સાયબર ફ્રોડ અને વ્યાજખોરોની પઠાણી ઉઘરાણીના ચુંગલમાં ન ફસાય તે હેતુથી આ જનજાગૃતિલક્ષી પહેલ કરવામાં આવી છે. નાગરિકોને કોઈ પણ મુશ્કેલીમાં તુરંત પોલીસનો સંપર્ક કરવા અપીલ કરાઈ છે.

# મહિલા સશકિતકરણ માટે ગાંધીધામ ચેમ્બર દ્વારા સેમીનાર યોજાયો

## આત્મનિર્ભરતા અને રચનાત્મકતાને નવી ઉડાન અપાઈ, મહિલાઓને તક પુરી પાડવા નવતર અભિગમ




**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વુમેન્સ વિંગ, ગુજરાત યુનિવર્સિટી સ્ટાર્ટઅપ અને એન્ટરપ્રિન્યોરશિપ કાઉન્સિલ તથા ડો. જૈમિન વસા ની એમએસએમઈ ચેરના સંયુક્ત પ્રાયોજન હેઠળ હર સ્ટાર્ટ રોડશો અને એમએસએમઈ-એમ્પાવરિંગ વુમન એન્ટરપ્રિન્યોર્સ'' વિષયક એક વિશેષ અને પ્રેરણાદાથી સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ મહિલાઓમાં ઉદ્યોગસાહસિકતા, નેતૃત્વ ક્ષમતા અને નવીન વિચારા ને પ્રોત્સાહન આપી તેમને આત્મનિર્ભર બનાવવા માટે માર્ગદર્શન, ચર્ચા અને નેટવર્કિંગ માટે મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડવાનો રહ્યો હતો.

ચેમ્બર પ્રમુખ તેજાભાઈ કાનગડે પોતાના સ્વાગત સંબોધનમાં જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ માત્ર એક ઈવેન્ટ નથી. પરંતુ મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવી દેશની પ્રગતિમાં સહભાગી બનાવવા માટેનો સશક્ત પ્રયાસ છે. તેમણે ઉમેર્યું કે, આજ ના સમયમાં મહિલા ઉદ્યોગસાહસિકતા દેશના વિકાસનો મહત્વનો સ્તંભ બની રહી છે અને, ગાંધીધામ ચેમ્બર હંમેશા ઉદ્યોગ, વેપાર અને સમાજના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ રહ્યું છે.

ચેમ્બરનાં માનદ મંત્રી મહેશ તીર્થાણીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા મહિલાઓને પ્રોત્સાહન આપવા માટે વિવિધ યોજનાઓ, સબસીડી અને ગ્રાન્ટ ઉપલબ્ધ છે. જેના યોગ્ય ઉપયોગથી મહિલાઓ સ્વાવલંબી બની શકે છે. તેમણે ઉમેર્યું કે, ગુજરાત રાજ્ય સતત ઉદ્યોગ અને સ્ટાર્ટઅપ ક્ષેત્રે અગ્રેસર રહ્યું છે અને મહિલાઓ માટે નવા અવસર ઊભા કરવા માટે ચેમ્બર સતત પ્રયત્નશીલ છે.

વુમન્સ વિંગની કન્વીનર રાખી ન્હાટા અને કો-કન્વીનર મમતા આહુજાએ જણાવ્યું હતુ કે, આજના આધુનિક અને ડિજિટલ યુગમાં મહિલાઓ માટે માત્ર પરંપરાગત વ્યવસાય પૂરતા નથી, પરંતુ ઈનોવેશન અને નવીન વિચારો દ્વારા આગળ વધવાની મોટી તકો ઉપલબ્ધ છે.

ડો. જૈમિન વસાની એમએસએમઈ ચેરના પ્રતિનિધિ મયંક મહેતાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, કોઈપણ વિચાર નબળો નથી હોતો, પરંતુ તેને અમલમાં મુકવાની હિંમત જરૂરી છે.

ન્યુટી કાસ્ટલની શ્રુતિ મહાગાઓન્કરે પોતાના અનુભવો શેર કરતા જણાવ્યું કે, વિદેશમાં રહીને ભારત આવી ફૂડ ઈન્ડસ્ટ્રીમાં નવીનતા સાથે કાર્ય કરીને આજે તેઓ દુબઈમાં મીલેટ ફૂડ એક્સપોર્ટ કરી રહ્યા છે.

ઉજાસ મહિલા મંડળની સીઈઓ ગીતાબેન કચ્છના હેન્ડીક્રાફ્ટ અને કૃષિ ઉત્પાદન ક્ષેત્રે મહિલાઓ દ્વારા કરવામાં આવતા કાર્યની માહિતી આપી અને આવા કાર્યક્રમોને સ્થાનિક સ્તરે વધુ પ્રોત્સાહન આપવા પર ભાર મુક્યો.મંજુલાબેન પરમારે મહિલાઓના આરોગ્ય મુદ્દાઓને ધ્યાનમાં રાખવામાં આવ્યું હતુ.

આ કાર્યક્રમમા ચેમ્બરના ખજાનચી કૈલેશ ગોર, કારોબારી સભ્યો હરીશ માહેશ્વરી, રાજીવ ચાવલા, જગદીશ પટેલ, ચેમ્બરની વુમેન્સ વિંગના નીલમ તીર્થાણી, પ્રીતિ મુન્શીયાણી, ચાઈલ્ડ ડેન્ટીસ્ટ ડો. કૃપા ટેવાણી, ડી.પી.એ., ના આસી એન્જીનીયર આરતી નિહલાણી, અને એક્ઝીક્યુટીવ સીએસઆર જયશ્રી મહેશ્વરી, તેમજ ઓફિસર રીના રોશિયા, અંજાર કોમ્યુનીટી સેન્ટરના નયનાબેન ભટ્ટ, ડ્રેસ ડીઝાઈનર માયા ખત્રી, કૌન્સીલર નીતા શર્મા, સ્પોર્ટ્સ સ્કેટિંગ કોચ શ્રેયા મહેતા, વિવિધ સ્કુલના હેડ માલા કપાનીયા, અલ્પા ધર્માણી,રુચિકા શુક્લા, સહીત વિવિધ એન.જી.ઓ. સંગઠનના મહિલા હોદ્દેદારો અને કાર્યકરો જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન મહિલાઓને નવા વિચારો, ઈનોવેશન, નેતૃત્વ અને આત્મનિર્ભરતા તરફ પ્રેરિત કરવામાં આવી હતી.

# પોરબંદરમાં બિરલા ફેક્ટરીના બાલાજીના દંગા વિસ્તારમાં ડિમોલીશન

## વર્ષોથી બંધ પડેલા મકાનોને હટાવી જગ્યા સફાઈની કામગીરી હાથ ધરાઈ



**અબતક, અશોક થાનકી, પોરબંદર**

પોરબંદરના બિરલા ફેક્ટરીના બાલાજીના દંગા વિસ્તારમાં વર્ષોથી બંધ પડેલ મકાનો પર ડીમોલેશન હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે આ કામગીરી વર્ષોથી બંધ પડેલા મકાનો ને હટાવી જગ્યા ની સાફ સફાઈ માટે કરાવાઈ હોવાનું જણાવાયું હતું.

પોરબંદર શહેરમાં વીર ભનુની ખાભી નજીક સૌરાષ્ટ્ર કેમિકલ ફેક્ટરી એટલે કે બિરલા ફેક્ટરી આવેલ છે. આ ફેક્ટરીમાં કામ કરતા કામદારો માટે ફેકટરીની સામે જગ્યા આપવામાં આવી હતી ત્યારે આ જગ્યા હાલ બાલાજીના દંગા તરીકે ઓળખાઈ છે. આ વિસ્તારમાં વર્ષોથી અનેક પરિવારો વસવાટ કરે છે પરંતુ કોઈ કારણોસર અચાનક ફેકટરીના અધિકારીઓ દ્વારા આ વિસ્તારમાં બંધ પડેલ મકાનોનું એકાએક ડીમોલેશન હાથ ધરવામાં આવ્યું હતું. છેલ્લા ૨ દિવસથી આ વિસ્તારમાં રહેલ પડતર મકાનોનું ડીમોલેશન શરૂ કરવામાં આવતા સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો હતો. હાલ ફેક્ટરી દ્વારા અંદાજે ૩૦ જેટલા પડતર મકણોનું જે.સી.બી મશીન તેમજ મજૂરીની ટીમ દ્વારા ડીમોલેશન હાથ ધરવામાં આવ્યું હતુ આ મામલે અધિકારીઓ એ જુના બંધ પડેલા પડતર મકાનો દુર કરી અને સાફ સફાઈ માટે આ કામગીરી કરાઈ હોવાનું જણાવ્યું હતું.

# અમરેલી: બાબરાના પીપળીયા પ્લોટના રસ્તે ૧ કરોડના ખર્ચે બનશે નવો પુલ

## ધારાસભ્ય જનક તળાવીયાની મહેનત ફળી: પુલથી ચોમાસામાં રહેશે સરળતા

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલીના બાબરાના વાંડળીયા ગામે પીપળીયા પ્લોટ વિસ્તારને જોડતો નવો પુલ રૂ.૧ કરોડના ખર્ચે મંજુર કરવામાં આવ્યો છે. પુલના નિર્માણથી વર્ષોથી ચાલી આવતી સ્થાનિક લોકોની માંગ હવે પૂર્ણ થશે, અને આસપાસના ગામોના લોકોને મોટો લાભ મળશે.

વાંડળીયા ગામે પીપળીયા પ્લોટ વિસ્આતારમાં સોમાચા દરમિયાન લોકોને પાણીના કારણે વાહન વ્યવહાર વારંવાર ખોરવાતો હતો. વિદ્યાર્થીઓ, ખેડૂતો, દૂધ ઉત્પાદકો તેમજ રોજિંદા આવનજાવન કરતા લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. જેથી સ્થાનિકો દ્વારા ધારાસભ્ય જનક તળવિયાને રજૂઆત કરવામાં આવતા આ બાબતે ધારાસભ્ય જનક તળાવિયાની રજૂઆતના પગલે સરકારે પુલ માટે રૂપિયા ૧ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

નવા પુલના નિર્માણ પછી હવે આ વિસ્તારમાં બારમાસી વાહન વ્યવહાર સુગમ બનશે. તેમજ વાંડળીયા સહિત આસપાસના ગામોના ખેડૂતોને પોતાના ખેતઉપજને બજાર સુધી પહોંચાડવામાં સરળતા રહેશે.

સ્થાનિક ગ્રામજનોએ પુલની મંજૂરી બદલ ધારાસભ્યનો આભાર વ્યક્ત કર્યો છે.

## નવીનીકરણની કામગીરીને કારણે

# સુરેન્દ્રનગર: જવાહરલાલ નહેરુ લાઈબ્રેરીનું અજરામર ટાવર પાસે સ્થળાંતર

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર:** સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ટાવર પાસે આવેલ જવાહરલાલ નહેરુ લાઈબ્રેરી કાર્યરત હતી. પરંતુ હાલમાં આ લાઈબ્રેરીના નવીનીકરણની કામગીરી ચાલુ હોવાથી મહાનગરપાલિકા તંત્ર દ્વારા લાઈબ્રેરીનું હાલ અજરામર ટાવર પાસે, ફાયર સ્ટેશનમાં પ્રથમ માળે સ્થળાંતર કરવામાં આવી છે. તેમજ નવીનીકરણની કામગીરી પૂર્ણ થયા બાદ લાઈબ્રેરી પાછી પોતાના મૂળ સ્થળે સુરેન્દ્રનગર ટાવર પાસે રાબેતા મુજબ ખસેડવામાં આવશે. આથી તમામ વાચકો, વિદ્યાર્થીઓ, ભાઈ-બહેનો તથા પ્રજાજનોને પુસ્તક વાંચન અને અન્ય સુવિધાઓ માટે હવેથી અજરામર ટાવર પાસે, ફાયર સ્ટેશનના પ્રથમ માળે આવેલ જવાહરલાલ નહેરુ લાઈબ્રેરીમાં જવા તંત્ર દ્વારા જણાવાયું છે.

# ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે ૨૦૨૭ના ફેબ્રુઆરીમાં પાંચ ટેસ્ટ મેચ રમાશે

## શ્રીલંકા સામે અમદાવાદમાં ડિસેમ્બરમાં વન-ડે અને રાજકોટમાં ટી-૨૦ મેચ યોજાશે: બીસીસીઆઈએ ૨૦૨૬-૨૭ સીઝન માટે શેડ્યૂલ જાહેર કર્યું

### બોર્ડર-ગાવસ્કર ટ્રોફી, ઓસ્ટ્રેલિયા સાથે પાંચ ટેસ્ટ મેચની ટક્કર

સીઝનનું સૌથી મોટું આકર્ષણ બોર્ડર-ગાવસ્કર ટ્રોફી હશે. ઓસ્ટ્રેલિયન ટીમ પાંચ ટેસ્ટ મેચની શ્રેણી માટે ભારતના પ્રવાસે આવશે, જેની શરૂઆત ૨૧ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ નાગપુરમાં પ્રથમ ટેસ્ટથી થશે. આ પછી, આગામી ચાર ટેસ્ટ ચેન્નાઈ, ગુવાહાટી, રાંચી અને અમદાવાદમાં રમાશે.

**અબતક, રાજકોટ**

બીસીસીઆઈએ ટીમ ઈન્ડિયાનો આગામી આંતરરાષ્ટ્રીય ઘરેલુ સીઝન, ૨૦૨૬-૨૭ માટે સત્તાવાર રીતે શેડ્યૂલ જાહેર કર્યો છે. આ સીઝનમાં ભારતમાં પર કુલ ૨૨ આંતરરાષ્ટ્રીય મેચ રમાશે, જેમાં વેસ્ટ ઈન્ડિઝ, શ્રીલંકા, ઝિમ્બાબ્વે અને ઓસ્ટ્રેલિયા જેવી ટીમો ભારતનો પ્રવાસ કરશે. આ મેચો ૧૭ અલગ અલગ સ્થળોએ રમાશે. જેમાં ગુજરાતના અમદાવાદમાં એક ટેસ્ટ અને એક વન-ડે મેચ જ્યારે રાજકોટમાં એક ટી-૨૦ મેચની યજમાની મળી છે. આ સીઝનની ખાસ વાત ઓસ્ટ્રેલિયા સામેની પ્રતિષ્ઠિત પાંચ મેચની બોર્ડર-ગાવસ્કર ટેસ્ટ શ્રેણી છે. આ સિરીઝની અંતિમ ટેસ્ટ મેચ ૨૭ ફેબ્રુઆરીથી ૩ માર્ચ દરમિયાન અમદાવાદ ખાતે રમાશે. જ્યારે ૧૯મી ડિસેમ્બરે અમદાવાદમાં શ્રીલંકા સામેની સિરીઝની ત્રીજી વન-ડે મેચ રમાશે. તેમજ ૨૨મી ડિસેમ્બરથી શ્રીલંકા સામે શરૂ થતી ટી-૨૦ સિરીઝની પ્રથમ મેચ રાજકોટમાં રમાશે. ભારતની ડોમેસ્ટિક સિઝન ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ વેસ્ટ ઈન્ડીઝ સામેની વન-ડે શ્રેણી સાથે શરૂ થશે. વેસ્ટ ઈન્ડીઝની ટીમ ભારતમાં ત્રણ વન-ડે મેચ અને પાંચ ટી-૨૦ મેચ રમશે. વન-ડે મેચ ત્રિવેન્દ્રમ, ગુવાહાટી અને નવા ચંદીગઢમાં રમાશે, જ્યારે ટી૨૦ શ્રેણી લખનૌ, રાંચી, ઈન્દોર, હૈદરાબાદ અને બેંગલુરુ પહોંચશે.પછી ડિસેમ્બર ૨૦૨૬માં શ્રીલંકાની ટીમ ત્રણ વન-ડે અને ત્રણ ટી-૨૦ મેચ માટે



ભારતનો પ્રવાસ કરશે. વન-ડે મેચ દિલ્હી, બેંગલુરુ અને અમદાવાદમાં રમાશે, જ્યારે ટી૨૦ શ્રેણી રાજકોટ, કટક અને પુણેમાં રમાશે. આ પછી તરત જ, જાન્યુઆરી ૨૦૨૭ની શરૂઆતમાં, ઝિમ્બાબ્વેની ટીમ કોલકાતા, હૈદરાબાદ અને મુંબઈમાં રમાનારી ત્રણ મેચની વન-ડે શ્રેણી માટે ભારતનો પ્રવાસ કરશે. ઝિમ્બાબ્વેની ટીમ દ્વિપક્ષીય સિરીઝ રમવા માટે વર્ષ ૨૦૦૨ બાદ પ્રથમ વખત ભારતનો પ્રવાસ ખેડશે. ઉલ્લેખનીય છે કે, દિલ્હીમાં ૧૩મી ડિસેમ્બરે શ્રીલંકા સામે પ્રથમ વન-ડે મેચ યોજાનાર છે. જોકે, દિલ્હીમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ઠંડીની સિઝનમાં હવાનું પ્રદૂષણ ઘણું રહેતું હોય છે. વર્ષ ૨૦૧૭માં ભારત-શ્રીલંકા ટેસ્ટ દરમિયાન ખેલાડીઓને શ્વાસ લેવામાં મુશ્કેલી પડી હતી. આ ઉપરાંત ગત વર્ષે બીસીસીઆઈએ શરૂઆતમાં ઓક્ટોબરમાં કોલકાતામાં વેસ્ટ ઈન્ડીઝ સામે અને નવેમ્બરમાં દિલ્હીમાં સાઉથ આફ્રિકા સામે ટેસ્ટ મેચ રમાનાર હતી. પછી આ મેચોનું સ્થળ બદલી દેવાયું હતું જેથી દિલ્હીને મેચની યજમાની કરવાની તક મળે.

### ભારતીય ટીમનો કાર્યક્રમ

**૧. વેસ્ટ ઈન્ડીઝ :** પ્રથમ વન-ડે : તિરુવનંતપુરમ(૨૭ સપ્ટેમ્બર), બીજી વન-ડે : ગુવાહાટી (૩૦ સપ્ટેમ્બર), ત્રીજી વન-ડે : ન્યૂ ચંડીગઢ (૩ ઓક્ટોબર)

**૨. વેસ્ટ ઈન્ડીઝ :** પ્રથમ ટી-૨૦ : લખનૌ(૬ ઓક્ટોબર), બીજી ટી-૨૦ : રાંચી (૯ ઓક્ટોબર), ત્રીજી ટી-૨૦ : ઈન્દોર (૧૧ ઓક્ટોબર), ચોથી ટી-૨૦ : હૈદરાબાદ (૧૪ ઓક્ટોબર) અને પાંચમી ટી-૨૦ : બેંગ્લુરુ (૧૭ ઓક્ટોબર)

**૩. શ્રીલંકા :** પ્રથમ વન-ડે : દિલ્હી(૧૩ ડિસેમ્બર), બીજી વન-ડે : બેંગ્લુરુ (૧૬ ડિસેમ્બર), ત્રીજી વન-ડે : અમદાવાદ(૧૯ ડિસેમ્બર)


શ્રીલંકા : પ્રથમ ટી-૨૦ : રાજકોટ(૨૨ ડિસેમ્બર), બીજી ટી-૨૦ : કટક (૨૪ ડિસેમ્બર), ત્રીજી-૨૦ : પુણે (૨૭ ડિસેમ્બર)

**૪. ઝિમ્બાબ્વે :** પ્રથમ વન-ડે : કોલકાતા (૩ જાન્યુઆરી-૨૦૨૭), બીજી વન-ડે : હૈદરાબાદ (૬ જાન્યુઆરી), ત્રીજી વન-ડે : મુંબઈ (૯ જાન્યુઆરી)

**૫. ઓસ્ટ્રેલિયા :** પ્રથમ ટેસ્ટ મેચ : નાગપુર (૨૧થી ૨૫ જાન્યુઆરી), બીજી ટેસ્ટ : ચેન્નઈ (૨૯ જાન્યુ.થી ૨ ફેબ્રુઆરી), ત્રીજી ટેસ્ટ : ગુવાહાટી (૧૧થી ૧૫ ફેબ્રુઆરી), ચોથી ટેસ્ટ : રાંચી (૧૯થી ૨૩ ફેબ્રુઆરી) અને પાંચમી ટેસ્ટ મેચ : અમદાવાદ (૨૭ ફેબ્રુ.થી ૩ માર્ચ).

# આઈપીએલના સેકન્ડ ફેઝનો કાર્યક્રમ જાહેર: ૧૩ એપ્રિલથી ૨૪ મે સુધી ૫૦ મેચ રમાશે

## બીજા તબક્કાની મેચો બેંગલુરુ, મુંબઈ, ચેન્નાઈ, કોલકાતા, દિલ્હી, અમદાવાદ, હૈદરાબાદ, લખનૌ, જયપુર, ધર્મશાળા, રાયપુર અને નવા ચંદીગઢમાં યોજાશે



**અબતક, રાજકોટ**

આઈપીએલનો ૨૮મી માર્ચથી પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે આઈપીએલ દ્વારા શરૂઆતમાં ૨૦ મેચનો કાર્યક્રમ જાહેર કરાયો હતો. હવે બીસીસીઆઈએ ગુરુવારે બાકીની લીગ મેચનો કાર્યક્રમ જાહેર કરાયો છે જેમાં લીગ તબક્કાની બાકીની ૫૦ મેચો ૧૩ એપ્રિલથી ૨૪ મે, ૨૦૨૬ દરમિયાન સમગ્ર ભારતમાં ૧૨ અલગ અલગ સ્ટેડિયમમાં રમાશે. બીજા તબક્કાની મેચો બેંગલુરુ, મુંબઈ, ચેન્નાઈ, કોલકાતા, દિલ્હી, અમદાવાદ, હૈદરાબાદ, લખનૌ, જયપુર, ધર્મશાળા, રાયપુર અને નવા ચંદીગઢમાં યોજાશે. ટુર્નામેન્ટ ૧૩ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ હૈદરાબાદમાં સનરાઈઝર્સ હૈદરાબાદ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચેની મેચ સાથે શરૂ થશે, જે આવનારી રોમાંચક મેચો માટે સ્ટેજ સેટ કરશે. બીજા તબક્કામાં આઠ ડબલ-હેડર (એક જ દિવસે બે મેચ) રમાશે; બપોરની મેચો બપોરે ૦૩:૩૦ વાગ્યે અને સાંજની મેચો સાંજે ૦૭:૩૦ વાગ્યે શરૂ થશે. પંજાબ કિંગ્સ તેમની હોમ મેચો ન્યુ ચંદીગઢ અને ધર્મશાલામાં રમશે, આ તબક્કા દરમિયાન ધર્મશાલામાં ત્રણ મેચો રમાશે. રાજસ્થાન રોયલ્સ તેમની હોમ મેચોમાંથી ચાર જયપુરમાં યોજશે, જ્યારે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર તેમની હોમ મેચોમાંથી ત્રણ બેંગલુરુમાં અને બે રાયપુરમાં રમશે.૧૩ એપ્રિલથી ૨૪ મે સુધી ૫૦ મેચ રમાશે. જોકે, પ્લે ઓફનો કાર્યક્રમ હજુ જાહેર કરાયો નથી પરંતુ ફાઈનલ મેચ ૩૧મી મેના રોજ યોજાય તેવી શક્યતા છે. ગુજરાત ટાઈટન્સ બીજા ફેઝમાં પોતાની ૧૦ મેચ પૈકીની છ મેચ અમદાવાદ હોમગ્રાઉન્ડ પર રમશે.

### પ્લેઓફ મેચોનું શેડ્યૂલ પછીથી જાહેર કરવામાં આવશે

લીગ સ્ટેજ તેના અંતિમ તબક્કામાં પહોંચતા દરેક મેચ ટીમો માટે કરો યા મરો જેવી હશે. ટીમો પોઈન્ટ ટેબલમાં સ્થાન મેળવવા માટે જોરદાર સ્પર્ધા કરશે, જેનાથી ચાહકોને પુષ્કળ હાઈ-વોલ્ટેજ ક્રિકેટ મળશે. જોકે, પ્લેઓફ મેચો માટેના સ્થળોની જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી.બીસીસીઆઈ ટૂંક સમયમાં આ અંગે અપડેટ જાહેર કરશે. હવે બધાની નજર તેના પર છે કે કઈ ટીમો આ બીજા તબક્કામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરશે, પ્લેઓફમાં સ્થાન મેળવશે અને ટાઈટલ રેસમાં આગળ વધશે.

# મયંક યાદવે લખનઉ માટે ઉપલબ્ધ રહીને જબરદસ્ત બોલિંગ કરવી પડશે: ઈરફાન પઠાણ


## ૨૦૨૪માં મયંક યાદવે ૧૫૦ કિમી પ્રતિ કલાકથી વધુની સ્પીડથી બોલિંગ કરીને બધાનું ધ્યાન ખેંચ્યું પરંતુ ઈજાઓને કારણે તે વધુ મેચ રમી શક્યો નહિ

**અબતક, રાજકોટ**

લખનૌ સુપર જાયન્ટ્સના યુવા ફાસ્ટ બોલર મયંક યાદવને આગામી આઈપીએલ ૨૦૨૬ સીઝનમાં મોટી જવાબદારી નિભાવવાનો સમય આવી ગયો છે. ભારતના પૂર્વ ઓલરાઉન્ડર ઈરફાન પઠાણએ મયંકને સીધો પડકાર આપતાં કહ્યું છે કે, ફ્રેન્ચાઈઝીએ તમને સમર્થન આપ્યું છે, હવે તમારે સ્ટેપ અપ કરવાનો સમય છે.ઈરફાન પઠાણે વધુમાં જણાવ્યું હતું કે, મયંક યાદવએ છેલ્લા બે વર્ષમાં માત્ર છ મેચ જ રમી છે, જે પૂરતું નથી. તે રિટેઈન્ડ ખેલાડી છે અને આ વર્ષે તેણે ટીમ માટે ઉપલબ્ધ રહેવું જ પડશે.

મયંક યાદવે આઈપીએલ ૨૦૨૪માં ધમાકેદાર ડેબ્યુ કર્યું હતું. તેણે ૧૫૦ કિમી પ્રતિ કલાકથી વધુની સ્પીડથી બોલિંગ કરીને બધાનું ધ્યાન ખેંચ્યું હતું. પરંતુ ત્યારબાદ ઈજાઓને કારણે તેની પ્રગતિ અટકી ગઈ. આઈપીએલ ૨૦૨૫માં તે માત્ર બે મેચમાં જ રમી શક્યો.

તેમ છતાં લકનો સુપર જાયન્ટ્સે ૨૦૨૫ની મેગા ઓક્શન પહેલાં તેને ₹૧૧ કરોડમાં રિટેઈન કર્યો હતો. આ ફ્રેન્ચાઈઝીના મજબૂત સમર્થનનું સ્પષ્ટ સંકેત હતું. હાલમાં મયંક સંપૂર્ણ ફિટ છે. તેણે ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની તૈયારીમાં ઈન્ડિયા એ માટે બે મેચ રમી છે અને હવે લખનૌના બોલિંગ કોચ ભારત અરૂણની માર્ગદર્શન હેઠળ તૈયારી કરી રહ્યો છે.



ઈરફાન પઠાણે કહ્યું, મોહસીન ખાન પણ છેલ્લા સીઝનમાં પૂર્ણ ગેરહાજર રહ્યો હતો અને તે પહેલાં પણ પૂરી મેચ રમી શક્યો ન હતો. પરંતુ ફ્રેન્ચાઈઝીએ બંનેને સમર્થન આપ્યું છે. અન્ય ઘણી ટીમો એક-બે સીઝન પછી ધીરજ ગુમાવી દે છે, પરંતુ લખનૌએ આવું નથી કર્યું.કેકેઆર અને એમઆઈ જેવી ટીમોએ પણ આવું સમર્થન આપ્યું છે, પરંતુ ઘણી ટીમોમાં ધીરજ ઓછી હોય છે.

# માધવપુરના મેળાને સાંજે મુખ્યમંત્રી ખૂલ્લો મૂકશે

## નાયબ મુખ્યમંત્રી પણ રહેશે ખાસ ઉપસ્થિત: ગુજરાત અને ઉત્તર પૂર્વના રાજયોના ૫૪૦ કલાકારો કલાના કામણ પાથરશે

**અબતક, આશિષ પોપટ**
**માધવપુર**

ભગવાન શ્રીકૃષ્ણ અને દેવી રુકમણીના વિવાહ પ્રસંગ નિમિત્તે યોજાતો સુપ્રસિદ્ધ માધવપુર ઘેડનો મેળો આ વર્ષે ૨૭ માર્ચથી ૩૦ માર્ચ, ૨૦૨૬ દરમિયાન યોજાનાર છે. આજે સાંજે ૬ કલાકે મેળાના ભવ્ય ઉદ્દઘાટન પ્રસંગે ગુજરાત રાજ્યના રાજ્યપાલ મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, વિવિધ મંત્રીઓ તેમજ ઉત્તર-પૂર્વ ભારતના રાજયોના રાજ્યપાલ અને મુખ્યમંત્રીઓ તથા ભારત સરકારના મંત્રીઓને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આ મેળામાં ભારતના પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિનો સંગમ ને સાંસ્કૃતિક એકતાના દર્શન કરાવવા માટે કુલ ૫૪૦ કલાકારો પોતાની કલા રજૂ કરશે, જેમાં ૨૭૦ કલાકારો ઉત્તર-પૂર્વ ભારતના અને ૨૭૦ ગુજરાતના કલાકારોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, સ્થાનિક સૌરાષ્ટ્રના કલાકારોને પ્લેટફોર્મ પૂરું પાડવા માટે દરરોજ ૩૦ મિનિટનો સમય ફાળવવામાં આવ્યો છે.

માધવપુર ઘેડના મેળાના સાંસ્કૃતિક કાર્યક્રમનો ભવ્ય ઉદ્દઘાટન સમારોહ આજે સાંજે ૬:૦૦ કલાકે થશે.સાંસ્કૃતિક કાર્યક્રમની થીમ વિકાસ ભી, વિરાસત ભી સમૃદ્ધિ સે સંસ્કૃતિની રાખવામાં આવી છે.





મેળા દરમિયાન દરરોજ રાત્રે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો અને લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આજે ગીતાબેન રબારી, ૨૮ માર્ચના રોજ રાજ ગઢવી અને મયુર દવે, ૨૯ માર્ચના રોજ ઋષભ આહીર તેમજ ૩૦ માર્ચના રોજ શ્યામલ શબ્દ ગ્રુપ પ્રસ્તુતિ આપશે.કલાકારોને સોમનાથમાં ઉતારો આપવામાં આવ્યો છે જ્યારે હસ્તકલા ના કારીગરોને પોરબંદરમાં ઉતારો આપવામાં આવ્યો છે. તેઓ પૂર્વ પ્રેક્ટિસ પણ કરી રહ્યા છે.માધવપુર ઘેડના મેળામાં પ્રથમ વખત ૬૦ ભાતીગળ લોકકલાના કલાકારો સંગીત રસ પીરસે તે માટે તૈયારી ચાલી રહી છે.જેમાં તુરી બારોટ સમુદાયના કલાકારોને પ્લેટફોર્મ આપવામાં આવશે.

મેળામાં હસ્તકલા અને સ્થાનિક ચીજવસ્તુઓના પ્રોત્સાહન માટે કુલ ૮૦ સ્ટોલ ધરાવતું પેવેલિયન બનાવવામાં આવ્યું છે. જેમાં ૪૦ સ્ટોલ ઉત્તર-પૂર્વના કારીગરો અને ૪૦ સ્ટોલ ગુજરાતના કારીગરો માટે ફાળવવામાં આવ્યા છે. આ ઉપરાંત, ૪૦ ફૂડ સ્ટોલ અને ૩૦ ક્રાફ્ટ સ્ટોલની હરાજી કરવામાં આવી છે, જેમાંથી કેટલાક સ્ટોલ સ્થાનિક સ્વસહાય જૂથો ને ટોકન દરે આપવામાં આવ્યા છે. નોંધનીય છે કે આ વર્ષે હરાજી દ્વારા તંત્રને ૭૫ લાખથી વધુની આવક થઈ છે, જે ગત વર્ષ કરતા વધારે છે.મેળામાં આવતા લાખો શ્રદ્ધાળુઓની સુવિધા માટે તંત્ર દ્વારા સઘન આયોજન કરવામાં આવ્યું છે. ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે પોરબંદરથી માધવપુર જતા ભારે વાહનોનોને ડાયવર્ઝન આપવામાં આવ્યો છે. મેળાના મેદાનમાં એન્ટ્રી અને એક્ઝિટના રસ્તાઓ અલગ રાખવામાં આવ્યા છે જેથી અવરજવરમાં સરળતા રહે.તંત્ર દ્વારા પ્રથમ દિવસે મુસાફરો માટે ૩૫ એસ.ટી. બસો (૨૫ પોરબંદર જિલ્લાની અને ૧૦ જુનાગઢ જીલ્લા માંગરોળની) અને બાકીના ત્રણ દિવસોમાં ૫-૫ બસોની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા, મેડિકલ ફેસિલિટી, પોલીસ કંટ્રોલ રૂમ અને જિલ્લા વહીવટી તંત્રનો સ્પેશિયલ કંટ્રોલ રૂમ કાર્યરત રહેશે.

જીવન દ્વિઅંકી નાટક જેવું છે

# એસી રિપેરિંગની સાથે ઓસ્કાર સુધી પહોંચી ભુજના નયન રાણાની કળા

## ધ ગુડ રોડ, જલ અને છેલ્લો શો નામની ફિલ્મો ઓસ્કારની રેસમાં સ્થાન મેળવ્યું હતું

**અબતક, રાજકોટ**

માણસના જીવનની સફર ક્યારેક કોઈ રોમાંચક પટકથા જેવી હોય છે, જ્યાં પડદા પાછળનો સંઘર્ષ અને પડદા પરની સફળતા વચ્ચે જમીન-આસમાનનું અંતર હોય છે. ભુજના ૭૧ વર્ષીય નયન રાણાનું જીવન પણ જાણે કોઈ 'દ્વિઅંકી નાટક' હોય તેમ બે વિરોધાભાસી ભૂમિકાઓમાં વહેંચાયેલું છે. એક તરફ તેઓ કચ્છની કાળઝાળ ગરમીમાં લોકોના એર-કન્ડિશનર (એઈ) રિપેર કરી પરસેવો પાડે છે, તો બીજી તરફ તેમની મહેનત વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ 'ઓસ્કાર'ના રેડ કાર્પેટ સુધી ગુંજી રહી છે.

નયન રાણાના નામે ભારતીય સિનેમાની એવી ત્રણ ફિલ્મોના પ્રોડક્શન ક્રેડિટ્સ જોડાયેલા છે જેણે ઓસ્કારની રેસમાં સ્થાન મેળવ્યું હતું. જેમાં 'ધ ગુડ રોડ' (૨૦૧૩), 'જલ' (૨૦૧૪) અને ઓસ્કાર માટે શોર્ટલિસ્ટ થયેલી ફિલ્મ 'છેલ્લો શો' (૨૦૨૨)નો સમાવેશ થાય છે. આટલી મોટી વૈશ્વિક સિદ્ધિઓ છતાં, રાણા આજે પણ ભુજમાં એક સાધારણ એસી મિકેનિક તરીકે કાર્યરત છે. તેઓ કહે છે કે, ''જીવન નિર્વાહ માટે હું એસી રિપેર કરું છું કારણ કે થિયેટરમાંથી કાયમી આવક મળતી નથી, અમે તેને માત્ર જુસ્સાના દમ પર જીવંત રાખ્યું છે.''તેમની આ કલાયાત્રા માત્ર ૧૦ વર્ષની ઉંમરે શરૂ થઈ હતી. વર્ષ ૧૯૮૨માં મુંબઈ ગયા બાદ તેમણે ૧૧ વર્ષ સુધી એસીના વ્યવસાય સાથે ફિલ્મ અને ટેલિવિઝનમાં કામ કર્યું. તેમણે રામગોપાલ વર્માની 'સત્યા' અને મહેશ ભટ્ટની 'માઉથફુલ ઓફ સ્કાય' જેવી ફિલ્મોમાં ટેકનિકલ સહાયક તરીકે કામ કર્યું છે. તાજેતરમાં જ, તેમણે શ્રી મુક્તાજીવન સ્વામીબાપા મહિલા કોલેજ માટે લખેલું અને દિગ્દર્શિત કરેલું નાટક 'ઈશ્વરની અમાનત' કચ્છ યુનિવર્સિટી યુવા મહોત્સવ ૨૦૨૫-૨૬માં પ્રથમ સ્થાને વિજેતા બન્યું છે.

નયન રાણાની સફર સાબિત કરે છે કે જો મનમાં કળા પ્રત્યે સાચો સમર્પણ ભાવ હોય, તો સામાન્ય વ્યવસાયની વચ્ચે પણ અસામાન્ય સિદ્ધિઓ હાંસલ કરી શકાય છે. આજે પણ તેઓ 'તાત ને તાપ' જેવી કૃતિઓ દ્વારા ખેડૂતોની વેદનાને વાચા આપવાનું કાર્ય કરી રહ્યા છે.

# ફિલ્મ અભિનેતા જહોન અબ્રાહમ ધોરાજી પોલીસ મથકની મુલાકાતે

## ધોરાજી ખાતે ફોર્સ-૩ નું શૂટિંગ કરતા એક્ટરએ પોલીસ ફોર્સ સાથે વાતચીત કરી : એએસપી સિમરન ભારદ્વાજ અને પીઆઈ કે એસ ગરચરે પોલીસની કામગીરી અંગે વાકેફ કર્યા

**અબતક, રાજકોટ**


ફિલ્મ અભિનેતા જહોન અબ્રાહમ હાલ ધોરાજી ખાતે પોતાની આગામી ફિલ્મ ફોર્સ-૩ નું શૂટિંગ કરી રહ્યા છે. દરમિયાન તેઓ ધોરાજી પોલિસ મથકની મુલાકાતે પહોચ્યા હતા. અહીં તેમણે એએસપી સિમરન ભારદ્વાજ અને પીઆઈ કે એસ ગરચર સાથે વાત કરી પોલિસની કામગીરીથી અવગત થયાં હતા.બોલીવુડ અભિનેતા જોન અબ્રાહમ હાલ ધોરાજીમાં પોતાની ફિલ્મ ફોર્સ-૩ નું શૂટિંગ કરી રહ્યા છે. આ શૂટિંગના આ શેડ્યુલ દરમિયાન બોલીવુડ



અભિનેતાએ ધોરાજી પોલીસ સ્ટેશનની મુલાકાત લઈ ધોરાજી પોલીસ ફોર્સ સાથે વાતચીત કરી હતી અને તેની કામગીરી અંગે અવગત થયા હતા. ધોરાજી એએસપી સિમરન ભારદ્વાજે તેમને પોલીસની કામગીરી અંગે મહત્વની માહિતી આપી હતી. જે જાણી તેવો પ્રભાવિત થયા હતા. આ તકે ધોરાજી પોલીસ મથકના પીઆઇ એ.એસ.ગરચર તથા સ્ટાફ પણ હાજર રહ્યો હતો. અંતમાં બોલીવુડ એક્ટરે ગુજરાતીમાં પોલીસ જવાનોને કહ્યું હતું કે આપણે ફરીથી મળીશું.

# છોટી કાશી રામસવારીમાં સિતાપતિ કી જયના નાદ સાથે બન્યું "રામમય"

## અયોધ્યાના રામલલ્લાની ઝાંખી, આકર્ષક ફ્લોટ્સ અને કરતબો વચ્ચે હજારો નગરજનો ઉમટયા: ચાંદી બજારમાં ભાજપ દ્વારા ભવ્ય સ્વાગત









જામનગર શહેરમાં રામનવમીના પાવન પર્વ નિમિત્તે હિન્દુ ઉત્સવ સમિતિ અને મહાદેવ હર મિત્ર મંડળ ચેરીટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ ૪૫મી વિશાળ રામસવારીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. બપોરે બાલા હનુમાન મંદિરથી શરૂ થયેલી આ શોભાયાત્રામાં ભગવાન રામ, લક્ષ્મણ અને જાનકીની મુખ્ય પાલખી સાથે ૧૮થી વધુ આકર્ષક ફ્લોટ્સ જોડાયા હતા. શહેરના મુખ્ય માર્ગો પર નીકળેલી આ સવારીમાં રામભકતોએ તલવારબાજી, લાઠીદાવ અને પિરામિડ જેવા હેરતભર્યા કરતબો રજૂ કરી જનમેદનીને મંત્રમુગ્ધ કરી દીધી હતી.ચાંદી બજારના ચોકમાં શહેર ભાજપ પરિવાર દ્વારા રામસવારીનું અભૂતપૂર્વ સ્વાગત કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી અને શહેર પ્રમુખ બીનાબેન કોઠારી સહિતના અગ્રણીઓએ સ્ટેજ પરથી રામધૂન બોલાવી વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું. સાંસદ પૂનમબેન માડમે દિલ્હીથી પોતાના શુભેચ્છા સંદેશ પાઠવી આયોજકોને અભિનંદન આપ્યા હતા. સમગ્ર ચાંદી બજારને ઝળહળતી રોશની અને આતશબાજીથી શણગારવામાં આવ્યું હતું.આ વર્ષે ભોઈરાજ યુવા સંગઠન દ્વારા માત્ર સાત દિવસમાં તૈયાર કરાયેલી ભગવાન રામની વિશાળ પ્રતિમા અને ઈલેકટ્રોનિક સુદર્શન ચક્રવાળો ફલોટ આકર્ષણનું કેન્દ્ર રહ્યો હતો. બીજી તરફ, બાળ હિન્દુ સેનાએ અયોધ્યાના રામલલ્લાની આબેહૂબ ઝાંખી રજૂ કરી હતી, જેમાં બાળ કલાકાર દક્ષ પરમારે રામલલ્લાનો વેશ ધારણ કર્યો હતો. આ ઉપરાંત, રાધે સ્કેટિંગ રિંકના ૧૪ બાળ કલાકારોએ સ્કેટિંગના માધ્યમથી હનુમાનજી અને રામભકિતના પાત્રો ભજવી નગરજનોના દિલ જીતી લીધા હતા.શોભાયાત્રા પૂર્વે બપોરે ૧૨ વાગ્યે પંચેશ્વર ટાવર પાસેના રામ મંદિરમાં ભગવાનનો જન્મોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. ધ્વજારોહણ, મહાઆરતી અને ભજન-કીર્તનમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. શોભાયાત્રાના સમગ્ર રૂટ પર ૬૪ જેટલા સ્થળોએ પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. રાત્રે પંચેશ્વર ટાવર ખાતે આ રામસવારીનું સંપન્ન થયું હતું.

## કાલાવડમાં રામનવમીની શોભાયાત્રા ઠેરઠેર સ્વાગત



**અબતક, રાજુ રામોલીયા, કાલાવડ**

રામનવમીના પાવન અવસર પર કાલાવડ શહેરમાં ભવ્ય બાઈક શોભાયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ ચારેય રામ મંદિરો ખાતે પહોંચી ભગવાન શ્રીરામના દર્શન કરી આગળ વધી હતી.

શોભાયાત્રામાં બહોળી સંખ્યામાં યુવાનો, ભકતજનો અને સામાજિક આગેવાનો ઉત્સાહભેર જોડાયા હતા. બાઈક રેલી દરમિયાન ભાગ લેનારાઓએ જય શ્રીરામના ગુંજતા નારા સાથે સમગ્ર શહેરને ભક્તિમય બનાવી દીધું હતું. રસ્તા પર ઉભેલા લોકોએ પણ ફૂલો વરસાવી અને શોભાયાત્રાનું સ્વાગત કર્યું હતું.

આ અવસરે શહેરમાં સર્વત્ર ધાર્મિક ઉર્જા, એકતા અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. શાંતિપૂર્ણ અને વ્યવસ્થિત રીતે યોજાયેલી આ શોભાયાત્રા સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી.

---------- રામ જન્મોત્સવના વધામણા ----------

## ધ્રોલ: મેરે ભારત કા બચ્ચા-બચ્ચા જય જયશ્રી રામ બોલેગાના નાદ ગુંજયા


**અબતક,સંજય ડાંગર ધ્રોલ**



ધ્રોલ સનાતન ધર્મના આસ્થાના પ્રતીક અને મર્યાદા પુરુષોત્તમ પ્રભુ શ્રી રામના જન્મોત્સવ 'શ્રી રામનવમી'ના પાવન અવસર નિમિત્તે ધ્રોલ ખાતે હિન્દુ સેના દ્વારા આયોજિત ભવ્ય શોભાયાત્રા અત્યંત હર્ષોલ્લાસ અને શિસ્તબદ્ધ માહોલમાં સંપન્ન થઈ હતી. "મેરે ભારત કા બચ્ચા-બચ્ચા, જય જય શ્રી રામ બોલેગા..." ના ગુંજારવ સાથે સમગ્ર ધ્રોલ પંથક રામમય બની ગયો હતો. આ શોભાયાત્રાએ ધ્રોલના ઈતિહાસમાં ભક્તિ અને એકતાનું નવું પ્રકરણ આલેખ્યું છે.

હિન્દુ સેના ધ્રોલ દ્વારા "સંસ્કાર, સેવા, સંયમ, સ્વાભિમાન અને સુરક્ષા" ના પવિત્ર મંત્ર સાથે આયોજિત આ શોભાયાત્રાનું પ્રસ્થાન બપોરે ૪:૦૦ કલાકે શ્રી આંબા ભગતની જુની જગ્યા, દરબારગઢ ખાતેથી કરવામાં આવ્યું હતું. શોભાયાત્રાના પ્રારંભ પૂર્વે પ્રભુ રામચંદ્રજીની વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી, જેમાં નગરના શ્રેષ્ઠીઓ અને મોટી સંખ્યામાં રામભક્તો જોડાયા હતા.શોભાયાત્રાના મુખ્ય આકર્ષણમાં પ્રભુ શ્રી રામનો મનમોહક અને શણગારેલો રથ રહ્યો હતો. કેસરીયા સાફા અને પતાકાઓ સાથે હજારોની સંખ્યામાં યુવાનો અને નગરજનો ઉમટી પડ્યા હતા.

## ભાવેશ્વર મહાદેવ મંદિરે રામનવમી ઉજવાઈ



**અબતક,જામજોધપુર**

જામજોધપુર તાલુકાના ધુનડા ગામે આવેલ સતપુરણ ધામ આશ્રમ મુકામે આવેલ શ્રી ભાવેશ્વર મહાદેવ મંદિર મુકામે રામ નવમીના દિવસે મહા આરતીનો કાર્યક્રમ યોજાયેલ જેમાં સદગુરૂ જેન્તીરામ બાપા સત હરિરામ વિદ્યાલયના વિદ્યાર્થીઓ ગ્રામજનો વગેરે જોડાયેલ હતા.

## દ્વારકા કલેકટર કચેરી ખાતે જિલાકક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો



**અબતક, મહેન્દ્ર કક્કડ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લા કક્ષાનો કાર્યક્રમ જિલ્લા કલેકટર રાજેશ તન્નાની અધ્યક્ષતામાં ખંભાળીયામાં જિલ્લા સેવા સદન ખાતે યોજાયો હતો. કલેકટર દ્વારા સ્વાગત કાર્યક્રમ દરમ્યાન નાગરિકોની વિવિધ રજૂઆતો ધ્યાનપૂર્વક સાંભળી તાત્કાલીક અને અસરકારક નિરાકરણ લાવવા સબંધિત વિભાગોને જરૂરી સૂચના આપી હતી. આ કાર્યક્રમમાં જિ.વિ.અધિકારી પાંડોર, નિવાસી અધિક કલેકટર જોટાણીયા, નાયબ પોલીસ અધિક્ષક વિસ્મય માનસેતા સહિત સબંધિત વિભાગના અધિકારીઓ વિ. ઉપસ્થિત રહયા હતા.

## ખંભાળીયા નગરપાલિકા દ્વારા વિતરણ થતા પાણીના મોટાભાગના સેમ્પલ ફેલ

### દુષિત પાણીને કારણે રોગચાળો ફેલાવાની દહેશત


**અબતક, મહેન્દ્ર કક્કડ દ્વારકા**

ખંભાળીયા નગરપાલીકા દ્વારા વિતરણ થતા પાણીના મોટા ભાગના સેમ્પલો ફેઈલ થાય છે આથી રોગચાળાની દહેશત ફેલાઈ છે. તાજેતરમાં દ્વારકા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા ખંભાળીયા નગરપાલીકાના ચીફ ઓફીસરને પત્ર લખી જણાવ્યું કે નગરપાલીકાના અલગ અલગ વિસ્તારોમાંથી પાણીના સોર્સમાંથી બેકટોરીયોલીજીકલ પૃથકકરણ માટે નમૂના લેવાયેલા તે નગરપાલીકાના મોટાભાગના પાણીના સેમ્પલોમાં પાણી પીવાલાયક ન હોવાનું બહાર આવ્યું છે જેના કારણે પાણીજન્ય રોગો ફેલાવાની સંભાવના હોય તાકીદે પાલીકા દ્વારા સુપર કલોરીનેશન સાથે જરૂરી પગલા લેવા જણાવાયું હતું.ખંભાળીયા નગરપાલીકાને જિલા આરોગ્ય તંત્ર દ્વારા રીપોર્ટ બાદ એક સપ્તાહથી વધુ સમય થવા છતાં હજુ સુધી કલોરીનેશનની કામગીરી થઈ ન હોય પીવાલાયક ન હોય તેવું પાણી શહેરના અનેક વિસ્તારોમાં વિતરણ કરાઈ રહયુ હોય શહેરીજનોના જાહેર આરોગ્ય સામે ગંભીર ખતરો ઉભો થયો છે. નગરપાલીકા દ્વારા આ અંગે તાત્કાલીક પગલા લેવાય તે અપેક્ષિત છે.

## ગુજરાત રઘુવંશી લોહાણા સમાજની પ્રથમ કારોબારીની બેઠક કાલે જામનગરમાં મળશે

### ગુજરાત રઘુવંશી લોહાણા સમાજમાં વધુ ત્રણ જિલ્લાના પ્રમુખોની નિમણુંક કરાઈ

**અબતક, રાજકોટ**



ગુજરાત રઘુવંશી લોહાણા સમાજ ફોરમની પ્રથમ કારોબારી બેઠકનું જામનગર મુકામે આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યભરમાં સમાજની એકતા - પ્રગતિ માટે વિવિધ કાર્યો કરવા અને ગુજરાતના છેવાડાના સ્તરે વસતા લોહાણા સમાજને એક તાતણે બાંધવા માટે ગુજરાત રઘુવંશી લોહાણા સમાજ ફોરમની પ્રથમ બેઠક પ્રમુખ જીતુભાઈ લાલના અધ્યક્ષસ્થાને જામનગરમાં હોટલ રજવાડું ખાતે તા.૨૮ને શનિવારના રોજ સાંજે ૪-૪૫ યોજવામાં આવશે. ગુજરાત રઘુવંશી લોહાણા સમાજના સંગઠનને વધુ મજબુત કરવા માટે વધુ ૩ જિલ્લાના પ્રમુખ પૈકી ભાવનગર જિલ્લા પ્રમુખ પદે નિરજભાઈ ઠક્કર, મોરબી જિલ્લા પ્રમુખ પદે અશોકભાઈ કાથરાણી અને અમરેલી જિલ્લા પ્રમુખ તરીકે ભરતભાઈ પોપટની નિમણુંક પ્રમુખ જીતુભાઈ લાલ દ્વારા કરાઈ છે.


# ડિફેન્સ કોલોનીની વિધવાની અનૈતિક સંબંધમાં હત્યા: પુત્રનો મિત્ર સકંજામાં

## પૈસાની માંગણીથી કંટાળી યુવકે મહિલાને ગળેટુંપો આપી મોતને ઘાટ ઉતારી લાશને કાકાના ઘરે છુપાવી'તી

જામનગરમાં રામનવમી જેવા પવિત્ર તહેવારના દિવસે જ મહિલાની હત્યા ની ઘટના સામે આવતાં ભારે અરેરાટી પ્રસરી છે. ડિફેન્સ કોલોની વિસ્તારમાં રહેતી પર પ્રાંતિય મહિલાનો ગળે ટૂંપો દઈ હત્યા કરાયેલો મૃતદેહ મળી આવ્યો છે.

**બે દિવસથી ગુમ માતાને પુત્રો સાથે શોધવા ગયેલો મિત્ર જ હત્યારો નિકળ્યા**

પોલીસે મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ કરાવ્યું છે, અને સમગ્ર બનાવવામાં ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે. મૃતકના પતિનું અવસાન થયું હોવાથી પોતાના ત્રણ સંતાનો સાથે એકલી રહેતી હતી તે દરમિયાન તેના નજીકમાં રહેતા અને પોતાના પુત્ર ના મિત્ર એવા એક શખ્સના પરિચયમાં આવી હતી, અને બંને વચ્ચેના સંબંધો આ હત્યા પાછળ કારણભૂત હોવાનું સામે આવ્યું છે. મહિલા બે દિવસ પહેલા ગુમ થઈ હતી અને ગુમ થવા અંગે પોલીસને જાણ કરાઈ હતી, પરંતુ આજે સવારે મૃતકના પુત્ર ના મિત્ર ના મકાનમાંથી મૃતદેહ મળી આવતાં સીટી સી. ડિવિઝન ની પોલીસ ટીમેં ઉંડાણપૂર્વકની તપાસ કર્યા પછી મહિલાની હત્યાર નિપજાવનાર આરોપીને શકંજામાં લઈ લીધો છે, અને તેની સામે ગુનો નોંધ્યો છે.



મૃતક

જામનગરમાં ડિફેન્સ કોલોની વિસ્તારમાં રહેતી અને મૂળ મથુરાની વતની રીન્કી દેવી બનટુસિંહ કઠેરીયા નામની ૪૦ વર્ષની મહિલાનો મૃતદેહ આજે સવારે ગળે ટૂંપો દીધેલી હાલતમાં મળી આવ્યો હતો. સીટી સી. ડિવિઝનની પોલીસ ટુકડીએ બનાવના સ્થળે દોડી જઈ મૃતદેહ નો કબજો સંભાળ્યો હતો, અને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં પોસ્ટ મોર્ટમ કરાવ્યું છે.

પોલીસની પ્રાથમિક તપાસ દરમિયાન મૃતક રીંકીદેવી આજથી ત્રણ દિવસ પહેલા ગુમ થઈ હતી, જેથી તેના પુત્ર રોહિત કઠેરીયાએ સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં જાણ કરી હતી, તેમજ પરિવારજનો તેણીને શોધી રહ્યા હતા.

પોલીસની પ્રાથમિક તપાસ દરમિયાન રીન્કી દેવી કે જેના પતિનું ૨૦૨૧ ની સાલમાં હૃદય રોગનો હુમલો આવવાથી અવસાન થયું હતું, અને તેણી પોતાના ત્રણ સંતાનો નીતિન કઠેરીયા (ઉંમર વર્ષ ૧૭) રોહિત કઠેરિયા (ઉંમર વર્ષ ૧૯) અને અંજલી કઠેરીયા (ઉ.વ.૬) સાથે ડિફેન્સ કોલોનીમાં જ રહેતી હતી, અને એક કારખાનામાં મજૂરી કામ કરી પોતાના ઘરનું ગુજરાન ચલાવતી હતી.

જેના ઘરની પાછળના ભાગમાં જ રહેતા વિજય વિઠલ ઓડિચ નામના શખ્સના પરિચયમાં આવી હતી, અને વિજય ઓડિચ કે જે રીન્કી દેવીના પુત્ર રોહિત સાથે મિત્રતા કેળવી લીધી હતી, અને તેના પરિચય ના લીધે ઘરે આવતો જતો રહેતો હતો.

દરમિયાન વિજય ઓડિચના કાકાના ઘરમાંથી પિન્કી દેવી નો મૃતદેહ મળી આવ્યો હતો, જેથી ભારે હડકંપ મચી ગયો હતો. પોલીસ દ્વારા સમગ્ર મામલામાં ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરાઈ હતી અને તેમાં જિંદગી દેવી અને વિજય ઓડિટના અનેતિક સંબંધ સામે આવ્યા હતા જે મહિલા વિજય ઓડિટ પાસે પૈસાની માંગણી કરતી હતી અને પોલીસમાં ફરિયાદ કરવાની પણ ચીમકી આપી હોવાથી તેનાથી છુટકારો મેળવવા માટે વિજય ઓડી છે ગત ૨૩ મી તારીખે રાત્રિના ફેંકી દેવીને પોતાના નજીકના વિસ્તારમાં જ આવેલા કાકા ના ઘરે બોલાવી લીધી હતી અને ત્યાં તેણીનું ગળું દબાવી હત્યા કરી નાખી હતી જે મળી આવતા સમગ્ર મામલો સામે આવ્યો હતો અને પોલીસે મૃતકના પુત્ર રોહિતની ફરિયાદના આધારે વિજય ઓડિટ સામે હત્યા અંગેનો અપરાધનો થયો છે અને તેની અટકાયત કરી લીધી છે.

## હત્યારા આરોપીએ રિન્કી દેવીના મૃતદેહને પોતાના જ ઘરમાં સંતાડી પુત્ર સાથે શોધવામાં મદદનું નાટક કર્યું

ડિફેન્સ કોલોની વિસ્તારમાં રીન્કી દેવી નામની મહિલાની હત્યા નિપજાવનારા આરોપી વિજય ઓડીચ કે જેણે મહિલાની ગળે ટૂંપો દઈ હત્યા કરી નાખી હતી, અને તેને કોથળામાં સંતાડીને કાકાના ઘરમાં રાખી દીધો હતો.ત્યારબાદ મૃતકનો પુત્ર રોહિત કે જે આરોપીએ તેની સાથે છેલ્લા કેટલાક સમયથી મિત્રતા કેળવી હતી, અને મિત્રતાના બહાને જ તેના ઘરમાં અવર જવર કરતો હતો. જેણે રીંકી દેવીને શોધવા માટે બે દિવસથી નાટક કર્યું હતું.પોતે અનેક સ્થળે શોધખોળમાં રોહિતની સાથે જ રહ્યો હતો, પરંતુ આજે સવારે મકાનમાંથી દુર્ગંધ આવતાં મામલો પોલીસ મથક સુધી પહોંચ્યો હતો, અને પોલીસે તપાસ કરતાં એક કોથળામાં રીંકીદેવી નો મૃતદેહ સંતાડેલો મળી આવ્યો હતો. જેથી સમગ્ર પ્રકરણ બહાર આવ્યું હતું. અને પોલીસ દ્વારા હત્યા અંગે અપરાધ નોંધી આરોપી વિજયને ઉઠાવી લેવાયો છે.

# રાહતના સમાચારઃ એલપીજી ભરેલું 'જગ વસંત' જહાજ વાડીનાર પહોંચ્યું

## હોર્મુઝની ખાડીમાં જોખમી સ્થિતિ છતાં ૧૬,૦૦૦ મેટ્રિક ટન ગેસનો જથ્થો સુરક્ષિત ભારત પહોંચતા ઘરેલું સપ્લાય થશે મજબૂત



**અબતક, સાગર સંઘાણી, જામનગર**

મિડલ ઈસ્ટમાં સતત વધી રહેલા ભૌગોલિક તણાવ અને હોર્મુઝ વિસ્તારમાં સર્જાયેલી જોખમી પરિસ્થિતિ વચ્ચે ભારત માટે વાડીનાર પોર્ટ પરથી અત્યંત મહત્વપૂર્ણ અને આશાસ્પદ સમાચાર સામે આવ્યા છે. એલપીજી ગેસથી ભરેલું વિશાળકાય જહાજ 'જગ વસંત' સફળતાપૂર્વક વાડીનાર દરિયાકિનારે પહોંચી ગયું છે. અંદાજે ૧૬ હજાર મેટ્રિક ટન જેટલો ગેસનો જથ્થો લઈને આવેલા આ જહાજના આગમનથી દેશમાં ઘરેલું ગેસના પુરવઠાને મોટી મજબૂતી મળશે.



આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલા યુદ્ધ અને તણાવના માહોલમાં આ પ્રકારના જહાજનું સુરક્ષિત રીતે ભારત પહોંચવું એ મોટી રાહત ગણવામાં આવે છે. હાલમાં આ જહાજ વાડીનાર પોર્ટથી આશરે ૧૦ નોટિકલ માઈલ દૂર એન્કરીંગ કરવામાં આવ્યું છે. પોર્ટ વિસ્તારમાં સુરક્ષા અને ઓપરેશનલ કામગીરી પણ અત્યંત સક્રિય બનાવી દેવામાં આવી છે. હવે આગામી પ્રક્રિયા મુજબ, 'જગ વસંત' માંથી 'રોઝ' નામના નાના ટગ મારફતે ગેસના જથ્થાને સ્થળાંતર કરવામાં આવશે. આગામી સમયમાં પણ આ પ્રકારે જહાજોની અવરજવર ચાલુ રહેવાની શક્યતા છે, જેના કારણે ગેસ સપ્લાયની સાંકળ વધુ સુદ્રઢ બનશે.

# જીટીયુ કુલપતિની મુદત ઓગસ્ટમાં પૂર્ણ થશેઃ સર્ચ કમિટીની ટૂંકમાં નિયુક્તિ

## નિયમ પ્રમાણે કુલપતિની મુદત પૂરી થાય તેના છ માસ પહેલાં સર્ચ કમિટીની કાર્યવાહી શરૂ થવી જરૂરી

**અબતક, રાજકોટ**

રાજ્યની સૌથી મોટી ગણાતી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના કુલપતિની મુદત આગામી ઓગસ્ટ માસમાં પૂરી થઇ રહી છે. નિયમ પ્રમાણે મુદત પૂરી થાય તેના છ માસ પહેલા સર્ચ કમિટીની રચના કરવામાં આવતી હોય છે. પરંતુ હજુ સુધી સર્ચ કમિટીની રચના અંગેની કોઈ કાર્યવાહી શરૂ કરવામાં આવી નથી. અગાઉ પણ નિર્ધારિત સમયમાં સર્ચ કમિટીની રચના ન કરવાના કારણે કુલપતિ મળવામાં ભારે વિલંબ થયો હતો. ચાલુ વર્ષે આ પ્રકારની સ્થિતિ ઊભી ન થાય તેવું શિક્ષણવિદો ઇચ્છી રહ્યા છે. રાજ્યની સરકારી યુનિવર્સિટીઓમાં કુલપતિની મુદત પૂરી થવાની હોય તેના ચારથી લઈને છ માસ પહેલા જ સર્ચ કમિટી બનાવવા માટે સરકારને જાણ કરી દેવામાં આવતી હોય છે. શિક્ષણ વિદો કહે છે કે, છેલ્લા કેટલાય સમયથી યુનિવર્સિટીઓ દ્વારા કુલપતિની મુદત પૂરી થવાને ગણતરીના દિવસો બાકી રહે ત્યાં સુધી સર્ચ કમિટી અંગે કોઈ કાર્યવાહી જ કરવામાં આવતી નથી. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીમાં ભૂતકાળમાં પણ સર્ચ કમિટી મોડી બનાવવાના કારણે કુલપતિ મળવામાં વિલંબ થયો હોવાની ઘટનાઓ બની ચૂકી છે. વર્તમાન કુલપતિની મુદત ઓગસ્ટ માસમાં પૂરી થઈ રહી છે. એટલે કે હવે પાંચ મહિનાનો સમય બાકી છે. આમ છતાં સર્ચ કમિટી અંગે કોઈ હિલચાલ શરૂ કરવામાં આવી નથી. ભૂતકાળમાં કુલપતિ ડો. અક્ષય અગ્રવાલની મુદત પૂરી થયા બાદ લાંબા સમય સુધી એટલે કે છ માસ સુધી સર્ચ કમિટીની રચના ન થવાના કારણે નવા કુલપતિ મળી શકયા નહોતા. આમ, અગાઉની જેમ ચાલુ વર્ષે પણ કુલપતિની મુદત પૂરી થાય તે પહેલા સર્ચ કમિટીની રચના કરવા અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. આગામી દિવસોમાં સર્ચ કમિટી બનવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવે

(અનુ. આઠમા પાને)

# દૂધ ઉત્પાદક મંડળીઓ હવે ૧૦ બાયો પ્લાન્ટ ઊભા કરશે

## બનાસકાંઠાનું એક પ્લાન્ટ દરરોજ ૪૦ મેટ્રિક ટન છાણ પ્રોસેસ કરે છે, સરકારના સહયોગથી હવે અન્ય ૧૫ રાજ્યો પણ આ મોડેલ અપનાવી રહ્યા છે

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારે તેના ૨૦૨૬-૨૭ના બજેટમાં એક મોટો નિર્ણય લીધો છે. રાજ્યમાં દૂધની સહકારી મંડળીઓ દ્વારા નવા ૧૦ બાયો-સીએનજી પ્લાન્ટ નાખવા માટે ૬૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. આ પ્લાન્ટમાં ગાયનું છાણ, ખેતીનો કચરો અને વધેલું ભોજન વાપરીને ગેસ બનાવવામાં આવશે. આ ગેસ ગાડીઓમાં ઈંધણ તરીકે અને ફેક્ટરીઓમાં વપરાશે. બનાસકાંઠાની 'બનાસ ડેરી'એ જે રીતે છાણમાંથી ગેસ બનાવવાનું કામ શરૂ કર્યું છે, તે આજે આખા દેશમાં



વખણાય રહ્યું છે.

ભારત સરકારના સહયોગથી હવે અન્ય ૧૫ રાજ્યો પણ આ મોડેલ અપનાવી રહ્યા છે. ખેડૂતો પાસેથી ૧ રૂપિયે કિલો લેખે છાણ ખરીદવામાં આવશે. ગેસની સાથે સાથે ઉત્તમ ક્વોલિટીનું ઘન અને પ્રવાહી ઓર્ગેનિક ખાતર પણ બનશે. આનાથી પશુપાલકોને આર્થિક ટેકો મળશે અને પર્યાવરણની જાળવણી થશે. પ્રદૂષણ ઘટાડવા અને સ્વચ્છ ઈંધણ (ગ્રીન એનર્જી) તરફ આગળ વધવા માટે આ મહત્વનું પગલું છે.

જો એક પશુપાલક પાસે ૫

(અનુ. આઠમા પાને)

# રાજકોટથી લાલકુઆં વચ્ચે સમર સ્પે. ટ્રેન દોડાવાશે

## આગામી રવિવારથી બુકીંગ શરૂઃ ૫ થી ૨૬ એપ્રિલ સુધી ટ્રેન ચલાવાશે

**અબતક, રાજકોટ**

મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવેએ રાજકોટથી લાલકુઆં વચ્ચે વિશેષ ભાડા પર સમર સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે.

ટ્રેન નંબર ૦૫૦૪૬ રાજકોટ-લાલકુઆં સમર સ્પેશિયલ રાજકોટ થી દર સોમવારે ૨૨.૩૦ કલાકે ઉપડશે અને બુધવારે ૦૫.૧૫ કલાકે લાલકુઆં પહોંચશે. આ ટ્રેન ૬ એપ્રિલ થી ૨૭ એપ્રિલ, ૨૦૨૬ સુધી ચાલશે.

તેવી જ રીતે ટ્રેન નંબર ૦૫૦૪૫ લાલકુઆં-રાજકોટ સમર સ્પેશિયલ દર રવિવારે લાલકુઆંથી ૧૨.૩૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૮.૧૦ કલાકે રાજકોટ પહોંચશે. આ ટ્રેન ૫ એપ્રિલ થી ૨૬ એપ્રિલ, ૨૦૨૬ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશામાં વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, પાટણ, ભીલડી, ધનેરા, રાણીવાડા, મારવાડ ભીનમાલ, મોદરન, જાલોર, મોકલસર, સમદડી, લુણી, જોધપુર, ગોટન, મેડતા રોડ, દેગાણા, મકરાણા, કુચમન સિટી, નાવા સિટી, ફુલેરા, જયપુર, દૌસા, ભરતપુર, મથુરા, મથુરા કેન્ટ, હાથરસ સિટી, કાસગંજ, સોરોન શુકર, ઊઝાની, બદાયું, બરેલી જંકશન, ઈજ્જતનગર, બહેરી અને કિચ્છા સ્ટેશન પર રોકાશે. આ ટ્રેનમાં સેકંડ એસી, થર્ડ એસી, સેકંડ સ્લીપર અને જનરલ કલાસના કોચ હશે. ટ્રેન નંબર ૦૫૦૪૬નું બુકિંગ ૨૮ માર્ચ, ૨૦૨૬ થી તમામ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર ખુલશે. ટ્રેનના સ્ટોપેજ, રચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# વડાપ્રધાનના કાર્યક્રમ માટે ૨૦૦૦થી વધુ એસટી બસો ફાળવી દેવાશેઃ બે દિવસ મૂસાફરોનો મરો

## રાજકોટ ડિવિઝન દ્વારા પણ ૧૫૦ ફાળવી દેવાય હોય મુસાફરો માટે સોમ-મંગળ મુસાફરી ટાળવી હિતાવહ

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી ગુજરાતના પ્રવાસે આવી રહ્યા હોય અને આગામી તા. ૩૧ માર્ચ બનાસકાંઠા જિલ્લાના વાવ થરાદ ખાતે તેમનો કાર્યક્રમ હોય તે માટે ગુજરાત એસ.ટી નિગમ દ્વારા રાજ્યભરમાંથી ૨૦૦૦ એસ.ટી બસો ની ફાળવણી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. અને રાજકોટમાંથી પણ ૧૫૦ બસો આ કાર્યક્રમ માટે ફાળવી દેવામાં આવશે. પ્રજાના ખર્ચે વડાપ્રધાનના કાર્યક્રમમાં દરેક એસ.ટી ડિવિઝન માંથી બસો ફાળવવામાં આવી છે. રાજ્યમાં નિયમિત ૮૫૫૦ બસો માં ૨૯ લાખ મુસાફરો અપડાઉન કરે છે ત્યારે તારીખ ૩૦ અને ૩૧ એસ.ટીની ટ્રીપો રદ કરવાની નોબત આવશે અને હજારો મુસાફરો રઝળશે અને લૂંટાશે.

જરૂર હોય તો જ આ બે દિવસ એસ.ટીમાં પ્રવાસ કરજો અન્યથા ૪૦ ડિગ્રી તાપમાન હેરાન પરેશાન થશો અને ખાનગી વાહનો સરકારી તંત્રની મીઠી નજર હેઠળ ઉઘાડી લૂંટ ચલાવશે અને લૂંટાસો. બે દિવસ ખાસ કરીને મહિલાઓ, નાના બાળકો, સિનિયર સિટીઝનો અને વિદ્યાર્થીઓની હાલત કફોડી બનશે. વડાપ્રધાનના કાર્યક્રમમાં બ્લુ કલરની નવે નવી નવી બસો ફાળવી દેવામાં આવશે જેથી આમ જનતાને બે દિવસ ભંગાર, ખખડધજ અને ભાઠા જેવી બસમાં મુસાફરી કરવાની ફરજ પડશે. આ પ્રકારની બસો અંતરિયાળ ગમે ત્યારે બ્રેક ડાઉન પણ થઈ શકે. વડાપ્રધાન કે મુખ્યમંત્રીના કાર્યક્રમમાં આ પ્રકારે એસ.ટી બસોને કબજે કરી સરકારી વાહનોનો દુરુપયોગ શાસકોએ બંધ કરવો જોઈએ. ચૂંટણી સમયે જે રીતે ખાનગી બસો અને ખાનગી વાહનો ડીટેઈન કરી કબ્જે લેવાય છે એ પ્રકારે ખાનગી વાહનોને કબજે લઈ ભાડું ચૂકવવું જોઈએ. એસટી તંત્રને આ પ્રકારના તાઈફા અને કાર્યક્રમમાંથી મુક્તિ મળવી જોઈએ.

રાજ્ય સરકારે અત્યાર સુધી આ પ્રકારના કાર્યક્રમોમાં પોતાની પ્રસિધ્ધિ માટે સરકારી ઉત્સવોમાં અંદાજે ૫૦૦ કરોડ રૂપિયાનો ધુમાડો કર્યો છે અને ૬૦ હજાર જેટલી બસોની સુવિધા ઝુંટવી લેવાય છે. એક બાજુ સલામત સવારી બીજી બાજુ કલાકો સુધી બસ સ્ટેશનમાં બેસી રહો, બસો નહીં મળે. રાજ્યના દરેક ડિવિઝનો માંથી બસો ફાળવવામાં આવતા ૩૦૦ કિલોમીટર દૂરથી બસો ખાલી અને પરત જશે, ડીઝલનો ધુમાડો થશે, પ્રદૂષણ થશે સરકારી નાણાંનો દૂરપયોગ થશે. હાલ ડીઝલ પેટ્રોલ ની કટોકટી સર્જાય તેવી પરિસ્થિતિ છે ત્યારે સરકારે આ પ્રકારના તાયફાઓ બંધ કરવા જોઈએ.

સોમનાથ ખાતે વડાપ્રધાન આવ્યા ત્યારે પણ ૨૦૦૦ ફાળવી દેવામાં આવતા ૫૫૦૦ ટ્રીપો રદ કરી હતી.

# ગુજરાતની ૧૧.૬૬ ટકા વસ્તી ગરીબી રેખા હેઠળ જીવતી હોવાનો ધડાકો

## નાણા પંચના અહેવાલમાં વિલંબાના કારણે ૧૮૦૦૦ ગામડાઓના વિકાસ પર અસર

**અબતક, રાજકોટ**

ગુજરાત વિધાનસભા ગૃહમાં સત્રના અંતિમ દિવસે રજૂ થયેલા કેગના અહેવાલમાં ચોંકાવનારા આંકડા એ ભાજપ સરકારના દેવાળિયા વહીવટ, નાણાંકીય ગેરરીતિ સહિત અનેક નાણાંકીય કૌભાંડો સાથે અધધ... દેવાદાર રાજ્ય તરીકે ગુજરાતને દેવાળીયા વહીવટની ભેટ આપતા ભાજપ શાસકો પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતનું જાહેર દેવું ૩.૮૦ લાખ કરોડ હોવાનું કેગના રીપોર્ટમાં જાહેર થયું છે. ગત વર્ષ કરતા જાહેર દેવામાં ૨૨ હજાર કરોડનો જંગી વધારો થયો છે. રાજ્ય સરકારની બજાર લોન ૩.૧૧ લાખ કરોડ જે ગત વર્ષ કરતા ૧૬ હજાર કરોડનો વધારો છે. કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને વિવિધ યોજના માટે મળતા નાણાં માં ઘટાડો સ્પષ્ટ જણાય છે. આદિજાતિ પેટા વિભાગ માં કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓ અને સહાયમાં ૨૦૨૩-૨૦૨૪ માં ૧,૫૯૦.૧૭ કરોડ સામે ૨૦૨૪-૨૦૨૫ માં ૧,૩૬૩ કરોડ જ રાજ્ય સરકારને મળ્યા એટલે કે ગત વર્ષની સરખામણીમાં ૨૨૬.૫૬ કરોડ ઓછા મળ્યા છે. કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓ માં ૨૦૨૩-૨૦૨૪ માં ૭૫૪૦ કરોડ તેની સામે વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માં ૬૭૧૨.૮૬ કરોડ મળ્યા. જે ડબલ એન્જીનની ભાજપ સરકારે ગુજરાતને કરેલો વધુ એક અન્યાય છે. શહેરી હવાની ગુણવત્તા બગડતા ૧૦ લાખ થી વધુ વસ્તી વાળા શહેરો માં પાત્રતા કરતા ઓછી રકમ ફળવાઈ જેનાથી શહેરી નાગરિકોના જીવન પર ગંભીર અસર પડી રહી છે. વર્ષ ૨૦૨૪-૨૫માં મહેસુલી ખર્ચામાં ૧૦,૩૨૬ કરોડનો વધારો જ્યારે મહેસુલી આવકમાં ૪,૨૦૮ કરોડનો ઘટાડો નોંધાયો છે. નાણાંકીય ગેરશીસ્ત, નિયમોના અનુપાલનના ઉલ્લંઘનને કારણે મહેસુલી પુરાંત માં ૪૩.૪૧ ટકા ઘટાડો થયો છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, રાજ્યની ૧૧.૬૬ ટકા વસ્તી ગરીબી રેખાથી નીચે જીવન જીવે છે એટલે ગુજરાતમાં ૮૪ લાખ કરતા વધુ નાગરિકો માટે જીવન જીવવું મુશ્કેલ બની ગયું છે. અન્ન સુરક્ષા કાયદા હેઠળ ગુજરાતના ૩.૫૪ કરોડ નાગરિકોને મફત અન્ન યોજનાના લાભાર્થી છે એટલે કે ૫૪ ટકા નાગરિકો ગરીબની વ્યાખ્યામાં છે.

વિકાસના સતત દાવાઓ અને સરકારી મોટી મોટી જાહેરાતો વચ્ચે કેગના અહેવાલે રાજ્યના વિકાસની ગતિ નબળી પડયાનું નોંધ્યું છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન રાજ્યની વૃદ્ધી ની ગતિ નબળી પડી છે. રૂપિયા ૧૧૦૮ કરોડની રકમ બારોબાર આવક તરીકે દર્શાવી ક્યાંથી આવી ? કેવી રીતે ? તે નાણાંકીય ગેરશીસ્તનું ઉદાહરણ છે. ચોથા રાજ્ય નાણાં પંચની રચના માં વિલંબના કારણે ૨૦૨૪-૨૫ દરમિયાન પંચાયતી રાજની સંસ્થાઓ ને ઓછું અનુદાન મળ્યું હતું. જેનાથી ગુજરાતના ૧૮૦૦૦ ગામોના પાયાની સુવિધાથી વંચિત રાખવાનું પાપ ભાજપ સરકારે કર્યું છે. આપત્તિ વ્યવસ્થાપન માં કેન્દ્ર સરકારે રાજ્યને ઓછું અનુદાન

(અનુ. આઠમા પાને)

# સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટનો લોગો ૭૭ વર્ષે બદલાયો

## શિખરના સ્થાને ત્રિશુલઃ બુધવારથી વિધિવત રિતે કાર્યરત

**અબતક, જયેશ પરમાર, પ્રભાસપાટણ**

ભારતના બાર જયોતિર્લિંગ પ્રથમ વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટે તેની સ્થાપનાથી અત્યાર સુધી ચાલ્યા આવતો શિખર વાળો લોગો ૭૭ વર્ષ બાદ હવે વિદાય લે છે અને ટ્રસ્ટે નવા લોગા તરીકે ત્રિશુલ પસંગ કર્યું છે.

નવો પસંદ કરાયેલો અને ૧ એપ્રીલથી વિધિવત કાર્યાન્વીત થનાર આ નવા આ લોગાનો પ્રથમ ઉપયોગ ટ્રસ્ટ સંચાલીત શોશીયલ મીડીયામાં તેમજ ટ્રસ્ટ તરફથી નૂતન રામ મંદિરે યોજાનાર રામનવમી ઉત્સવના જાહેરાત બોર્ડમાં દર્શાવેલ છે.સોમનાથ મંદિરની રચના માટે સરદાર વલ્લભભાઈ પટેલે ૧૯૪૯ની ૧૮મી ઓકટોબરે શ્રી સોમનાથ ટ્રસ્ટની પ્રથમ ટ્રસ્ટીઓની નિમણુંક કરી ત્યારથી ટ્રસ્ટના તમામ પત્ર વ્યવહારોમાં, સાઈન બોર્ડોમાં અને ટ્રસ્ટના તમામ જાતના લેખીત વ્યવહારમાં વાપરવામાં આવતો હતો.

જુના વિદાય લેતા લોગોમાં સોમનાથ મંદિરનું જે શિખર દેખાડાયું છે. તે સોમનાથના વર્તમાન મંદિરની ઉંચાઈ ભૂમિતળથી શિખર સુધી ૧૫૫ ફૂટ છે. અને તેના ઉપરનો ધ્વજ દંડ ૩૧ ફૂટ છે તથા ધ્વજ દંડની પરિધી ૧ ફૂટ છે. ધ્વજ ૧૦૪ ફૂટનો છે.

નવા લોગામાં દર્શાવાયેલ ત્રિશુલ ભગવાન શિવનું આયુધ છે. અને તેનો ધાર્મિક મહિમા છે. બનારસ કાશી વિશ્વનાથમાં પણ ત્રિશુલ અંગે પૌરાણીક ધાર્મિક કથા છે.

સોમનાથ મંદિર પટાંગણમાં સમુદ્ર તટે દક્ષિણ ધ્રુવ સ્થંભમાં પણ કાયમી ત્રિશુલ દર્શાવાયેલું છે.

# પારો ચડયોઃ રાજયમાં ફરી ગરમીનું જોર વધ્યું

## ભુજમાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી નોંધાયુંઃ સૌરાષ્ટ્ર-કચ્છમાં હજી તાપ વધશે

**અબતક, રાજકોટ**

રાજયમાં ગત સપ્તાહે કમોસમી વરસાદ પડયો હતો. આગામી રવિવાર અને સોમવારે ફરી માવઠાની આગાહી આપવામાં આવી છે. માવઠાની શકયતા વચ્ચે રાજયમાં મહત્તમ તાપમાનનો પારો ઉંચકાયો છે. ભુજમાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રીએ આંબી ગયો છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં હજી ગરમી વધી શકે છે.

હવામાન વિભાગના જણાવ્યાનુસાર ગઈકાલે ગુરુવારે અમદાવાદનું તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સીયસ, ડિસાનું તાપમાન ૩૭ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૩૭.૪ ડીગ્રી, વલ્લભવિદ્યાનગરનું તાપમાન ૩૭.૫ ડિગ્રી, વડોદરાનું તાપમાન ૩૮.૪ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૭.૪ ડિગ્રી, દમણનું તાપમાન ૩૪.૬ ડિગ્રી, કચ્છના ભુજનું તાપમાન ૩૯ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૪ ડિગ્રી, કંડલા પોર્ટનું તાપમાન ૩૬.૭ ડિગ્રી, કંડલા એરપોર્ટનું તાપમાન ૩૬.૫ ડિગ્રી, અમરેલીનું તાપમાન ૩૮.૯ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૬.૫ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૨૯.૪ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૪.૫ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૩૮.૩ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૩૫.૪ ડિગ્રી, દિવનું તાપમાન ૩૫.૨ ડિગ્રી, સુરેન્દ્રનગરનું તાપમાન ૩૮.૩ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૭ ડિગ્રી અને કેશોદનું તાપમાન ૩૮.૪ ડિગ્રી નોંધાયું હતું.

આગામી રવિવાર અને સોમવારે રાજયમાં કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી છે. જો કે સૌરાષ્ટ્રમાં વાતાવરણમના પલ્ટાથી કોઈ અસર દેખાય તેવી શકયતા નહીવત છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં પારો હજી ઉચકાશે.

# વઢવાણના ફૂલગ્રામમાં પુત્રવધૂએ પ્રેમી સાથે મળી સસરાનું ઢીમ ઢાળી દીધું

## અનૈતિક સંબંધોનો ઠપકો આપ્યાનું મન દુઃખ રાખી કુળવધુએ બે શખ્સો સાથે મળી પાઈપ અને ધોકા વડે આધેડને મોતને ઘાટ ઉતાર્યા

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના ફૂલગ્રામ ગામે દિનદહાડે આધેડની હત્યાની ઘટના સામે આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. અનૈતિક સંબંધો મામલે સસરાએ આપેલો ઠપકો પુત્રવધૂને ન ગમતા, તેણે તેના પ્રેમી અને અન્ય એક શખ્સ સાથે મળીને સસરાને મોતને ઘાટ ઉતાર્યા હતા. જોરાવરનગર પોલીસે આ મામલે ત્વરિત કાર્યવાહી કરી મહિલા સહિત ત્રણ શખ્સોની ધરપકડ કરી છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ફૂલગ્રામમાં રહેતા રમેશભાઈ નાનુભાઈ ગાબુ (ઉં.વ. ૫૮) ના પુત્ર અશોકભાઈની પત્ની ચકુબેનને ગામમાં જ રહેતા સોહિલ રમેશભાઈ જીડીયા સાથે આડા સંબંધો હતા. આ બાબતે પરિવારમાં અવારનવાર વિખવાદ થતો હતો. ફરિયાદી મહેશભાઈ અને તેમના પિતા રમેશભાઈએ ચકુબેનને આ સંબંધો તોડી નાખવા માટે વારંવાર ઠપકો આપ્યો હતો. આ



ઠપકાનું મનદુખ રાખીને ઉશ્કેરાયેલી ચકુબેન અને તેના પ્રેમી સોહિલે હત્યાનું કાવતરું રચ્યું હતું. સવારના સમયે જ્યારે રમેશભાઈ પોતાના ઘરના ફળિયામાં હતા, ત્યારે ચકુબેન, સોહિલ રમેશભાઈ જીડીયા અને સુરેશભાઈ લખમણભાઈ જીડીયાએ ઘરમાં પ્રવેશ કર્યો હતો. ત્રણેય શખ્સોએ રમેશભાઈ સાથે ઉગ્ર બોલાચાલી કરી લોખંડના પાઈપ અને લાકડાના ધોકા વડે જીવલેણ હુમલો કર્યો હતો. ગંભીર ઈજાઓ પહોંચતા રમેશભાઈનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. હત્યા કર્યા બાદ ત્રણેય આરોપીઓ નાસી છૂટ્યા હતા.

બનાવની જાણ થતા જ જોરાવરનગર પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. મૃતકના પુત્ર મહેશભાઈ રમેશભાઈ ગાબુએ નોંધાવેલી ફરિયાદના આધારે પોલીસે તાત્કાલિક ચક્રો ગતિમાન કર્યા હતા અને ગણતરીના કલાકોમાં જ સોહિલ રમેશભાઈ જીડીયા, સુરેશભાઈ લખમણભાઈ જીડીયા, ચકુબેન અશોકભાઈ ગાબુ ત્રણેય આરોપીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જિલ્લામાં વધતી જતી ગુનાખોરી સામે પોલીસે કડક વલણ અપનાવ્યું છે.

**પોલીસે પુત્રવધુ સહિત બે શખ્સોને ગણતરીના કલાકોમાં જ ઝડપી લઈ ખૂનના ગુનાનો ભેદ ઉકેલ્યો**